Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

RAVAL LAW OFFICE
Serving the community for the last 35 years
Real Estate Law
Corporate Law
Criminal Law
Family Law
Immigration Law
Wills & Estate
Power of Attorney
Document Notarizations
Bhupendra N Raval
Barrister, Solicitor & Notary Public
Ph : 416-296-7200
1200 Markham Road, Suite 118, Toronto, Ontario M1H 3C3 www.ravallawyer.com

FRIDAY, 11 SEPTEMBER, 2020 Vol. 16, No. 36 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## ભારતમાં કોરોના વણથંભ્યો

# ૩ દિવસમાં ૨.૭૬ લાખ કેસ, ૩૩૦૩ મોત

## સપ્ટેમ્બરના પ્રારંભથી ભારતમાં રોજ સરેરાશ ૧૦૦૦ દર્દીનાં મોત



નવી દિલ્હી : દેશમાં વકરી રહેલી પરિસ્થિતિ સામે ગુરુવારે સવારે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં અત્યાર સુધીના સૌથી વધુ ૯૫,૭૩૫ નવા પોઝિટિવ કેસ સામે આવતાં કુલ કેસની સંખ્યા ૪૪ લાખને પાર કરી ૪૪,૬૫,૮૬૪ને આંબી ગઈ હતી. આ પહેલા મંગળવારે ૯૦૮૦૨ અને બુધવારે ૮૯૭૦૬ કેસ નોંધાયા હતા એટલે કે છેલ્લા ત્રણ દિવસમાં ૨,૭૬,૨૪૩ કેસ નોંધાયા છે. ગુરુવારે ૨૪ કલાકમાં દેશમાં ૧,૧૭૨ દર્દીઓએ જીવ ગુમાવતાં કોરોના મહામારીમાં થયેલા મોતનો કુલ આંકડો ૭૫,૦૬૨ ઉપર પહોંચ્યો હતો. ભારતીયો પણ કોરોના સામે જંગ લડી રહ્યાં છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૩,૦૫૭ દર્દીએ કોરોનાને પરાજિત કરતાં સંક્રમણમાંથી મુક્ત થયેલા દર્દીઓની કુલ સંખ્યા ૩૪,૭૧,૭૮૪ થઈ હતી. એટલે કે અત્યારે દેશમાં ૯,૧૯,૦૧૮ દર્દી ઘરોમાં અથવા હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહ્યાં છે. સરકારે દેશમાં ટેસ્ટિંગ વધારી દીધું છે. બુધવારે દેશમાં ૧૧,૨૯,૭૫૬ સેમ્પલ ટેસ્ટ કરાયાં હતાં જેમાંથી ૯૫,૭૩૫ સેમ્પલ પોઝિટિવ આવતાં પોઝિટિવિટી રેટ ૮.૪૭ ટકા નોંધાયો હતો. સપ્ટેમ્બર મહિનાના પ્રારંભથી બારતમાં રોજના સરેરાશ ૧૦૦૦ દર્દીનાં કોરોના સંક્રમણના કારણે મોત થઈ રહ્યાં છે. ભારતમાં રોજ થતાં મોતનો આંકડો વધી રહ્યો હોવા છતાં મોતનો દર ૧.૭ ટકા જેટલો નીચો રહે છે. જ્યારે બીજા દેશોમાં મોતનો દર સરેરાશ ૩.૨ ટકા છે. સૌથી વધુ મોતનો દર બ્રિટનમાં ૧૧.૭ ટકા અને મેક્સિકોમાં ૧૦.૬ ટકા નોંધાયો છે. સફદરજંગ હોસ્પિટલના ડો. નીરજ ગુપ્તા કહે છે કે, ભારતમાં મોતનો દર નીચો શા માટે છે તે અમે જાણતા નથી. તેમાં વિવિધ થિયરી ચાલી રહી છે. કદાચને બીસીજીના રસીકરણના કારણે આ મૃત્યુદર ઓછો હોઈ શકે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે રાજ્યોને જણાવ્યું છે કે એન્ટિજન ટેસ્ટ નેગેટિવ આવે પરંતુ વ્યક્તિમાં કોરોના જેવા લક્ષણ હોય તો તેમના RT-PCR ટેસ્ટ કરવામાં આવે. રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને કોરોનાના લક્ષણ ધરાવતા એન્ટિજન ટેસ્ટના નેગેટિવ કિસ્સાઓમાં RT-PCR ટેસ્ટ કરવાની વિનંતી કરવામાં આવે છે.

સ્વદેશ
હવે આપના મોબાઈલમાં
દેશ વિદેશના પળેપળના સમાચાર, અજબ ગજબની વાતો, કોરાના વાઈરસને કારણે સર્જાયેલી ઘટનાઓ તથા રાજકારણ ધર્મ, સંસ્થાઓ અંગેના સમાચાર જાણવા આજેજ
Available on the App Store
તથા
GET IT ON Google Play
પરથી ડાઉનલોડ કરો
SWADESH NEWS

# મુકેશ અંબાણી બન્યા વિશ્વના પાંચમાં સૌથી ધનિક વ્યક્તિ

## રિલાયન્સ ભારતની ૨૦૦ અરબ ડોલર માર્કેટ કેપિટલાઈઝેશનવાળી પહેલી કંપની બની

દિલ્હીઃ રિલાઈન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર મુકેશ અંબાણી ગુરુવારે ફોર્બ્સ અનુસાર દુનિયાના પાંચમાં સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૨૦૦ અરબ ડોલરથી વધારે માર્કેટ કેપિટલાઈઝેશન બનનારી પહેલી ભારતીય કંપની બની છે. પહેલીવાર આ અરબપતિની કુલ સંપત્તિ ૮૮.૪ અરબ ડોલર થઈ ગઈ છે. દેશના શેર બજારોમાં જોરદાર વધારા સાથે આરઆઈએલના શેર ઉંચી છલાંગ લગાવી અને એનએસઈમાં કારોબાર દરમિયાન કાલની તુલનામાં ૮.૫% વધીને અર્થાત ૨૩૪૪.૯૫ રૂપિયાના રેકોર્ડ સ્તર સુધી પહોંચ્યો અને કંપનીના માર્કેટ કેપિટલાઈઝેશન ૨૧૦ અરબ ડોલરને સ્પર્શી ગયું. ફોર્બ્સના રિયલ ટાઈમ નેટવર્થ મુજબ આરઆઈએલના શેરમાં ૮.૫%ની વૃદ્ધી સાથે ૨૩૪૪.૯૫ રૂપિયાના રેકોર્ડ સ્તરને સ્પર્ષ્યા બાદ ૧૦ સપ્ટેમ્બરના રોજ અંબાણીની સંપત્તિ ૭.૮ અરબ ડોલર વધીને ૮૮.૪ અરબ ડોલર થઈ છે. રિલાયંય રિટેલમાં ભાગીદારી ખરીદનારી અમેરીકન કંપની સિલ્વર લેકની જાહેરાતથી આરઆઈએલના શેર લાભ વધ્યા. રિલાયંસ જિયો બાદ હવે સિલ્વર લેક ૭૫૦૦ કરોડ રૂપિયામાં રિલાયંસ રિટેલમાં ૧.૭૫% ભાગીદારી ખરીદી રહી છે. આજે શેર બજારમાં કારોબાર શરૂ થતાં જ અંબાણીની આગેવાનીવાળી આરઆઈએલના શેરોએ લાંબી છલાંગ લાગવી કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન ૧૪.૭ લાખ કરોડને પાર થઈ ગયું હતું.

RUMA LAW OFFICE
Real Estate Law
Family Law (Legal Aid Certificate Accepted)
Wills and Estates
Affidavit and Power of Attorney
Immigration Law
Legal Documentation and Notarization
Tel: 416-299-4815
55 Nugget AVE. Suite 230E, Scarborough, ON M1S 3L1
RUMA DIWANJI
Barrister, Solicitor & Notary Public
rumalawoffice@gmail.com

Ready to make a move?
Exceptional service from
TD Ready for you
Ask me how
Deepak Patel
Manager, Mobile Mortgage Specialist
C: 416-272-7225
deepakkumar.patel@td.com

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં ૩૫૯ લોકોને કોરોનાનો ચેપ, ત્રણના મોત

ટોરન્ટો : કેનેડામાં કોરોના ફરી ધીમે ધીમે માથુ ઉંચકી રહ્યો હોય તેમ ગુરુવારે આખા દેશમાં ૩૫૯ નાગરિકો સંક્રમિત હોવાની પૃષ્ટિ થઈ હતી. જયારે ૩ દર્દીના મોત થયા હતા. આ સાથે જ અહીં કુલ સંક્રમિતોનો આંકડો ૧૩૪૬૫૯ થયો હતો. જયારે કુલ મૃતાંક ૯૧૫૮ થઈ ગયો હતો. હજી પણ દેશમાં ૬૮૫૭ કોરોના એક્ટિવ કેસ છે. જે પૈકી ૫૭ દર્દીઓની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. કેનેડામાં અત્યાર સુધીમાં ૫,૯૨,૯૮૪૮ સેમ્પલના ટેસ્ટ કરવામાં આવ્યા છે. ગુરુવારે મોડી સાંજે મળતી વિગતો પ્રમાણે ઓન્ટેરિયોમાં ૧૭૦ કેસ નોંધાયા હતા. જયારે ક્યુબેકમાં ૧૮૮ કેસ મળવા સાથે ૨ દર્દીના મોત થયા હતા. અહીં ૨૨૪ દર્દી સાજા થયા હતા. ન્યુબ્રુન્સવીકમાં માત્ર એક કેસ મળ્યો હતો. આ ઉપરાંત મેનીટોબામાં ૧૫ નવા કેસ મળવા સાથે ૫૭ દર્દી રિકવર થયા હતા. એ જ રીતે સાસ્કેચ્વાનમાં ૬ નવા દર્દી મળવા ઉપરાંત ૬ દર્દી સાજા થયા હોવાનું જાણવા મળ્યું હતુ. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના ૧,૧૮,૬૩૮ દર્દીઓ સાજા થયા છે.

**ગુરુવારે સૌથી વધુ ક્યૂબેકમાં ૧૮૮ દર્દી મળ્યા, જયારે ન્યુ - બ્રુન્સવીકમાં એક કેસ**

## સમારંભોમાં હાજરી આપનારા ૨૩ કોરોના પોઝિટિવ

### પ્રતિબંધ છતાં સમારોહનું આયોજન કરનારાઓની તપાસ શરૂ

ઓન્ટેરિયો : માર્કહામ, વ્હિટચર્ચ - સોફવિલે અને ટોરન્ટોમાં ઓગસ્ટની ૨૮મી અને ૨૯મી તારીખે યોજાયેલા લગ્ન સમારંભોમાં હાજરી આપનારાઓ પૈકી ૨૩ લોકો કોરોના પોઝિટિવ જણાતા અધિકારીઓ મુઝવણમાં મુકાયા છે. જે કોઈ એવા સમારંભોમાં ગયું હોય તેમનામાં કોરોનાના લક્ષાણો છે કે નહીં એનું ધ્યાન રાખવા માંડયા છે. કોવિડ -૧૯ની માર્ગદર્શકિ મુજબ ૧૨મી સપ્ટેમ્બર સુધી સમારંભો પર પ્રતિબંધ હતો છતાં આવા આયોજનો કઈ રીતે થયા એની તપાસ શરૂ કરાઈ છે. અધિકારીઓનું એવું માનવું છે કે,જો તેમને લક્ષણો વિશે જાણ હોય તો તેમણે સેલ્ફ આઈસોલેશન લઈ તપાસ કરાવવી જોઈતી હતી.

**યોર્ક રીજિયન પબ્લીક હેલ્થ વિભાગે આપેલી યાદી મુજબ આ સ્થળોએ યોજાયેલા સમારંભોમાં કોરોના પોઝિટિવ કેસો મળ્યા હતા**

• વ્હીટચર્ચ –સોફવિલે ખાતે ખાનગીનિવાસમાં ૨૮મી ઓગસ્ટ • રેક્સાડેલ સિંઘ સભા રીલીજિયસ સેન્ટર,બેવુડ રોડ,ટોરન્ટો ૨૮મી ઓગસ્ટ • મોર્નિંગવ્યુ ટ્રેલ ખાતેના લક્ષ્મી નારાયણ મંદિરમાં ૨૮મી ઓગસ્ટ • માર્કહામ ખાતેના ખાનગી નિવાસ સ્થાનમાં ૨૯મી ઓગસ્ટ • અધિકારીઓના જણાવ્યા મુજબ શનિવારે ૧૧ લોકોના નિદાનમાં કોવિડ –૧૯ લક્ષાણો જણાયા હતા જેની રવિવારે પુષ્ટી થઈ હતી. • તેઓ જાહેર સ્થળે ફિઝીકલ ડીસ્ટન્સ જાળવી રાખવા,માસ્ક પહેરવા અને સ્વચ્છતા જાળવવા દરેકને પ્રોત્સાહિત કરે છે.

# ટોરન્ટો પીયરસન એરપોર્ટ ઉપર હવે પ્રવાસીઓનો કોવિડ -૧૯ ટેસ્ટ કરાશે

ટોરન્ટો : ટોરન્ટોના પીયરસન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઉપર વિદેશથી આવનારા પ્રવાસીઓનો કોવિડ -૧૯ ટેસ્ટ કરાશે. જે કવોરન્ટાઈનની અસરકારકતા ચકાસવાના સ્વૈચ્છિક અભ્યાસના આશયથી થશે. મેકમાસ્ટર હેલ્થલેબ્સ, ધી ગ્રટર ટોરન્ટો એરપોર્ટ ઓથોરીટી અને એર કેનેડાના એક માસ માટેના તૈયાર થઈ રહેલા પ્રોજેકટ હેઠળ આ માહિતી એકત્ર કરાશે અને એમાં પ્રવાસીઓ પોતાના સેમ્પલ્સ રીસર્ચ માટે આપશે. જે ટર્મિનલમાં રહેલા સંશોધકોને મળશે અને અન્ય સેમ્પલ્સ પણ સાત અને ૧૪ દિવસ બાદના હશે જેનો અભ્યાસ થશે અને એના આધારે કવોરન્ટાઈનની અસરકારકતા જાણી શકાશે.

નાક અને ગળાના સ્વેબના સેમ્પલ્સને હેમિલ્ટન સ્થિત સેન્ટ જોસેફસ હોસપિટલ રીસર્ચ ઈન્સ્ટીટયુટને મોકલવામાં આવશે. આ પ્રોજેકટના કો-સ્પોન્સર્સ કહે છે કે, ટેસ્ટ કરાવનારાઓની નોંધણી પરિણામ મળ્યાના ૪૮ કલાકમાં ઈલેકટ્રોનિક રીતે થશે. જે ગોપનીય રાખવામાં આવશે અને ડેટા એનાલિસીસ માટે યુનિવર્સિટી ઓફ ટોરન્ટોની સ્કુલ ઓફ પબ્લિક હેલ્થને અલગ રીતે અપાશે. ગુરૂવારથી શરૂ થયેલા અભ્યાસનો ઉપયોગ વેસ્ટજેટ એરલાઈન્સ લિ. અને વાનકુંવર ઈન્ટરનેશનલ એરપોર્ટના પ્રવાસીઓ માટે પાઈલોટ પ્રોજેકટ તરીકે કરાશે. જેનો ઉપયોગ

આ વર્ષની પાનખરમાં મોડેથી ઉપડનારી ફલાઈટસના પ્રવાસીઓ માટે સ્વૈચ્છિક ધોરણે કોરોના ટેસ્ટીંગ માટે કરવામાં આવશે.










# પ્રતિબંધ છતાં ૧૮ હજાર અમેરિકનો દ્વારા કેનેડામાં પ્રવેશ કરવા પ્રયાસ

**કેનેડા બોર્ડર સર્વીસીઝ એજન્સી (સીબીએસએ) દ્વારા ૧૮૪૩૧ લોકોને પાછા વાળવામાં આવ્યા : ગેરકાયદે પ્રવેશ કરનારા અનેકને દંડ કરાયો, ટૂંક સમયમાં પ્રતિબંધ દૂર કરવા વિચારણા કરાશે**



ટોરન્ટો : કેનેડાની સરકારે કોવિડ-૧૯ના પ્રસારને અટકાવવા વિદેશથી આવનારાઓ માટે પ્રવાસ પ્રતિબંધ લાદયો હોવા છતાં અમેરિકાથી ૧૮૦૦૦થી વધુ લોકોએ કેનેડાની હદમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કર્યો હતો. જે પૈકી ઘણાં તો માત્ર હરવા ફરવા અને ખરીદી કરવા માટે જ કેનેડા આવવા માંગતા હતા. ૨૨મી માર્ચથી બીજી સપ્ટેમ્બર દરમિયાન કેનેડા બોર્ડર સર્વીસીઝ એજન્સી (સીબીએસએ) દ્વારા ૧૮૪૩૧ લોકોને પાછા વાળવામાં આવ્યા હતા. જે બધા વિદેશી હતા અને જમીન માર્ગે, જળ માર્ગે કે હવાઈ માર્ગે અમેરિકાથી આવવા માંગતા હતા.

પ્રવેશ કરનારાઓનું એક જ મહત્વનું કારણ હરવા ફરવા કે ખરીદીનું જ હતું. જે અંદાજે ૫૩૦૦ જેટલા હતાં. જયારે બીજા ૨૦૦૦ લોકો મોજમઝા માટે કેનેડા આવવા માંગતા હતા. અન્ય ૧૦૦૦ લોકો કેનેડામાં બિનજરૂરી ચીજ વસ્તુઓની ખરીદી માટે આવવા માંગતા હતાં.

બાકીના અન્ય કારણોસર આવવા માંગતા હતા. આ બધાને પ્રવેશની મંજુરી આપવામાં આવી નહોતી. સરહદ પાર કરવાનો પ્રયાસ કરનારાઓમાં ૮૭ ટકા અમેરીકન હતા. જે અંદાજે ૧૮૪૩૧ હતા અને એ સિવાયના દેશોના ૨૩૬૧ લોકો હતા. આ સિવાય જે લોકો પ્રવેશવામાં સફળ થયા હતા. તેમણે આકરો દંડ ભોગવવો પડયો હતો.

પાંચ વ્યકિતઓના એક અમેરીકન પરીવારને સરહદ પાર કરવાના ખર્ચ ઉપરાંત ૨૦૦૦ યુએસ ડોલરનો દંડ કરવામાં આવ્યો હતો. તેમને માત્ર અલાસ્કાથી પ્રવેશવાની મંજુરી આપવામાં આવી હતી. આમ છતાં તેમણે એવો રૂટ પસંદ કર્યો કે જે મહામારીને કારણે પ્રતિબંધિત હતો અને તેઓ વાનકુંવરમાં વેકેશન માણતા પકડાયા હતા. જેથી અધિકારીઓએ તેમને નિયમ ભંગ કરવા બદલ મોટો દંડ ફટકાર્યો હતો. મહામારીના પહેલા ચાર માસ દરમિયાન આરસીએમપીએ ૯૫૦૦ જેટલા કોવિડ -૧૯ના કાનૂન ભંગના કિસ્સ નોંધ્યા હતા એમ સ્ટેટેસ્ટીકસ કેનેડાએ જણાવ્યું હતું.

જો કે ચીફ પબ્લીક હેલ્થ ઓફિસર ડો. થેરેસા ટેમે ઓગસ્ટમાં જણાવ્યું હતું કે, હવે અમે વધુ સુરક્ષાના માપદંડો સાથે બીજા વિકલ્પો વિશે વિચારીશું. જેથી આંતરરાષ્ટ્રીય પ્રવાસ શરૂ થઈ શકે.




# BCમાં નાઈટ કલબ-બેન્કવેટ હોલ બંધ કરવા આદેશ

**પ્રાંતીય આરોગ્ય અધિકારી દ્વારા માર્ગદર્શિકા જાહેર : નાગરિકોને કોરોના સંક્રમણથી બચાવવા પ્રયાસ**

વાનકુંવર : મંગળવારે આરોગ્ય વિભાગે કોવિડ -૧૯ના પ્રસારને અટકાવવા બ્રિટીશ કોલંબિયાએ તમામ નાઈટકલબસ અને બેન્કવેટ હોલને તાત્કાલિક અસરથી બંધ કરી દેવાના આદેશ કર્યો હતો. બાર, પબ્સ અને રેસ્ટોરાંમાં શરાબ પીરસવાનો સમય પણ રાત્રે દસ વાગ્યાનો હતો એ ૧૧ વાગ્યે બંધ કરી દેવાનો અને દસ પછી માત્ર ખાવાનું પીરસવાની જ છૂટ આપવામાં આવી છે.

પ્રાંતિય આરોગ્ય અધિકારી ડો.બોની હેન્રીએ જે માર્ગદર્શકિ જાહેર કરી છે એમાં લોકોને ઓછો અવાજ કરવા અને સંગીત કે બેકગ્રાઉન્ડના અવાજો પણ ધીમા રાખવા તાકીદ કરવામાં આવી છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, આ ફેરફારો છેલ્લા પ્રયાસરૂપ છે અને એનાથી કોન્ટેકટ ટ્રેસીંગ માટે પણ પડકારો ઉભા થવાની શકયતાઓ છે. આ સમય છે કે આપણે પોતે જ સામાજિક અંતર અને અન્ય નિયમો પાળવા પડશે. તેમણે ઉમેર્યું હતું કે, આ આદેશોને હળવાશથી લેવા જેવા નથી. કેમ કે, આ પગલા જ ચોક્કસ વાતાવરણમાં જોખમ ઘટાડવા માટેના જ છે. જાહેર આરોગ્ય વિભાગની ટીમોએ અઠવાડિયાઓ સુધી આ સ્થળો પર જઈને કામ કર્યા બાદ જણાયું છે કે, આ સ્થળો જ જોખમનું મૂળ બની શકે છે. જે આખા બ્રિટીશ કોલંબિયાના લોકો માટે છે. અમે આ ફેરફારો લોકોને સુરક્ષાભર્યું વાતાવરણ ઉભું કરવા માટે જ કરી રહયા છે.

ગંભીર બિમારીઓ ધરાવનારા લોકો કોવિડનો શિકાર આસાનીથી બને છે. એટલે વધુ સંભાળવાનું રહે છે. મંગળવારે આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડાઓ મુજબ શુક્રવારથી અત્યાર સુધી નવા ૪૨૯ કેસ નોંધાયા હતા અને બે મૃત્યુ પણ થયા છે.

# કોવિડ -૧૯ના વધતા પ્રસારને કારણે ઓન્ટેરિયોમાં હમણાં છૂટછાટ નહીં મળે

- દરરોજ કોવિડ -૧૯ના કેસમાં થઈ રહેલા વધારાને પગલે પ્રશાસન ચિંતામાં મુકાયું, સોશિયલ ડિસ્ટેન્સિંગનો અમલ કરવા તાકીદ




ટોરન્ટોઃ ઓન્ટેરિયોમાં હજુ પણ દરરોજ કોવિડ -૧૯ના કેસોમાં વધારો થતો હોવાથી સત્તાવાળાઓએ અનલોક માટેની યોજનાનો અમલ વધુ થોડા અઠવાડિયા માટે રોકી દીધો હતો. આરોગ્યમંત્રી ક્રિસ્ટીન ઈલિયટે મંગળવારે આ અંગે જાહેરાત કરતાં કહ્યું હતું કે, છેલ્લા થોડા સમયથી જે રીતે કેસની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે એ જોતા ઉચ્ચ શિક્ષણ માટેની શાળાઓ ફરીથી શરૂ કરવાના નિર્ણય સામે ચિંતાઓ જોવા મળી રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ નિર્ણયો ચીફ મેડીકલ ઓફિસર ડો.ડેવિડ વિલિયમ્સ અને ઓન્ટેરિયોમાં આરોગ્ય વિભાગની સલાહ બાદ જ લીધા છે. એ રીતે જો અનલોકની યોજનાને થોડા અઠવાડિયા સુધી મુલતવી રાખવામાં આવે એ હિતાવહ છે.

ત્યારબાદ જ આરોગ્ય વિભાગ વધારાની છૂટછાટ આપી શકાશે. અમે વિદ્યાર્થીઓને ફરીથી શાળાએ સુરક્ષિત રીતે મોકલવા માંગીએ છીએ. અમે દેશમાં કોમ્યુનિટી ટ્રાન્સમીશનને રોકવા માંગીએ છીએ. એટલે સોશિયલ ડિસ્ટન્સીંગની રીતે વધુ છૂટછાટો અત્યારે યોગ્ય નથી. શાળાઓ પણ વાતાવરણ સુરક્ષિત થશે પછી જ ખોલી શકાશે. મંગળવારે સતત ૧૩મા દિવસે પણ ૧૦૦થી વધુ કેસો કોવિડના નોંધાયા હતા. જે ઓગસ્ટમાં બે આંકડામાં હતો. ઓન્ટેરિયોના પ્રિમીયર ડગ ફોર્ડે કહ્યું હતું કે, હજુ બીજા સ્ટેજ તરફ પાછા વળવાનું બાકી છે અને ડો. વિલીયમ્સ સાથે અમો સતત સંપર્કમાં છીએ.

# રાહત યોજનાની માંગ સાથે યુનિયન અને લેબર ગૃપ દ્વારા લેબર ડે ઉજવાયો

ઓટાવા : દેશભરના યુનિયન અને લેબર ગૃપોએ લેબર ડેની ઉજવણી કરી ફેડરલ સરકાર પાસેથી કોવિડ -૧૯ બાદની સ્થિતિમાં અસરગ્રસ્તોને વધુ રાહતની માંગણી કરી હતી.

સોમવારે કેનેડીયન લેબર કોંગ્રેસે ફેડરલ સરકાર સામે લેબર ડેની રજા જાહેર કરી હતી. સાથે જ જેમણે કોવિડ -૧૯ને કારણે નોકરી ગુમાવી છે એવા લોકો માટે રોજગારીની બાયંધરીની પણ માંગણી કરી હતી. જેથી એવા લોકોને કોરોનાને કારણે થયેલા નુકસાનનું વળતર મહામારી પુરી થાય ત્યાં સુધી મળી શકે.

**કેનેડીયન લેબર કોંગ્રેસે અસરગ્રસ્તો માટે રોજગારી બાયંધરીની માંગણી કરી**

સીએલસીના પ્રમુખ હસન યુસુફે એમ પણ કહ્યું હતું કે તેમને આશા છે કે, કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો ટુંક સમયમાં જ એ વિશે વિચારણા કરી પોતાના વકતવ્યથી જાહેરાત કરશે. જેમાં સુધારીત એપ્રેન્ટીસશીપ પ્રોગ્રામ હશે અને એનો લાભ કેનેડાના યુવાનોને પણ મળી શકશે, જેવો લાભ ઈમિગ્રન્ટસને મળી રહ્યો છે. કેનેડીયન પ્રેસ સાથેની વાતચીતમાં યુસુફે એમ પણ કહ્યું હતું કે, ઘણાં મુદાઓ ધ્યાન ખેંચનારા છે છતાં ફેડરલ સરકાર આ વિશે પણ વિચારીને પગલા લેશે તો દેશમાં રોજગારીની સમસ્યા હળવી થઈ શકશે. ટોરન્ટોમાં યોજાયેલી રેલીમાં યુનાઈટ હેરે લોકલ ૭૫ નામક ગ્રેટર ટોરન્ટોની મોટા હોસ્પીટાલીટી યુનિયનના સેક્રેટરી અને ખજાનચી શેલી સરીને કહ્યું હતું કે આ સેકટરના કર્મચારીઓને વધુ પગારી રજાઓ અને લાંબા ગાળાના લાભો પણ મળવા જોઈએ. કેમકે અત્યારે એ બધા જ મોટા સંઘર્ષકાળમાંથી પસાર થઈ રહયા છે.

# સુશાંત કેસમાં બીજો મોરચો કંગના વિરુદ્ધ શિવસેનાનો

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

સુશાંતસિંહ રાજપૂતના રહસ્યમય મૃત્યુના કેસમાં તપાસના ધમધમાટ વચ્ચે રાજકીય ક્ષેત્રે પણ મોરચા મંડાઈ ચુક્યા છે. આમ તો બિહારમાં વિધાનસભાની ચૂંટણીને કારણે સુશાંત કેસને મીડિયામાં ભારે વજન અપાઈ રહ્યું છે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ), નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી), એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) સહિતની કેન્દ્ર સરકારની તપાસ એજન્સીઓ રિયા ચક્રવર્તીને આ કેસમાં ફીટ કરવા મચી પડી છે. ત્યાં બીજી તરફ સુશાંત કેસમાં બોલીવુડની અનેક હસ્તીઓ પણ મતમતાંરો સાથે સામસામે આવી છે. આ બધામા કંગના રણાવતના નિવેદનોથી મહારાષ્ટ્ર સરકાર ધુંઆપુંઆ થઈ ગઈ છે. કંગના તો પહેલાથી જ ખુલ્લેઆમ બોલીવુડની નગ્ન હકીકતોને મીડિયા સમક્ષ બયાન કરતી હતી. પરંતુ ધીમે ધીમે વાત સરકાર સામે આવતાં જ શિવસેના અને કંગના સામસામે આવી ગયા છે.

મુંબઈ મરાઠી માનુસનું હોવાના ખોંખારા કરતી શિવસેના અને ઠાકરે સરકારને કંગના સહિત અનેક અગ્રણીઓ અને મીડિયાએ વખોડ્યા છે. તેથી ઠાકરે સરકારની ફજેતી થઈ રહી છે. આમ સુશાંત કેસમાં બીજો મોરચો કંગના રાણાવત વર્સીસ શિવસેનાનો છે.

સુશાતનું મોત થયું એ ત્યારથી કંગના સોશિયલ મીડિયા પર મુંબઈ પોલીસ અને શિવસેનાને વખોડતી હતી. શિવસેનાના સાંસદ સંજય રાઉત તો લાંબા સમયથી કંગના વિરુદ્ધ નિવેદનો આપતા હતા. કંગનાને તેમણે હરામખોર લડકી સુધ્ધાં કહી હતી. જયારે સીએમ ઠાકરે પરોક્ષ રીતે મુંબઈમાં રહીને કમાનારાઓ વફાદાર ન હોવાની વાત કહીને ટોણો માર્યો હતો. હવે શિવસેનાએ પોતાની સત્તાનો ઉપયોગ કરવા માંડ્યો છે. મહારાષ્ટ્રમાં શિવસેનાની સરકાર છે અને બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ શિવસેનાનું રાજ છે. તેનો લાભ લઈને કંગના સામે મહારાષ્ટ્ર સરકારે કંગના રાણાવત સામે ડ્રગ્સ લેતી હોવાના કેસમાં તપાસ કરવાનું એલાન કર્યું છે. સાથે જ બુધવારે મુંબઈમાં કંગનાની ઓફિસનું બાંધકામને ગેરકાયદેસર હોવાની જાહેરાત કરી કેટલોક હિસ્સો તોડી પાડ્યો હતો. કંગનાએ બુધવારે મુંબઈમાં પધરામણી કરી ત્યારે જ કોર્પોરેશનના અધિકારી હથોડા લઈને તોડફોડ માટે પહોંચી ગયા હતા. કંગના પૂરી તૈયારી કરીને આવી હતી. તેથી તાબડતોબ બોમ્બે હાઈકોર્ટમાંથી સ્ટે લઈ આવી, તેમાં તેનું ઘર બચી ગયું. પણ શિવસેના જે રીતે પાછળ પડી છે એ જોતાં કંગના પર નવો પ્રહાર થશે એ નક્કી છે. શિવસેનાએ કંગનાની ઓફિસ તોડવા માણસ મોકલ્યા તેની સામે કકળાટ શરૂ થયો છે. શિવસેના કંગનાને પજવવા માટે અત્યારે ધમાધમી પર ઉતરી છે એ સાચું છે પણ કંગનાએ પોતાની ઓફિસમાં કશું ખોટું નથી કર્યું એ વાત સદંતર ખોટી છે. કંગનાને આ ગેરકાયદેસર બાંધકામ માટે બે વર્ષ પહેલાં એટલે કે ૨૦૧૮માં ચેતવણી પણ મળી હતી. કંગનાએ અરજી કરીને બધું નિયમિત નથી કરાવ્યું એવું કોર્પોરેશનનું કહેવું છે. કંગના બધું બરાબર હોવાનો દાવો કરે છે પણ તેના કોઈ પુરાવા નથી. જો કે કંગનાને ડ્રગ્સના કેસમાં ફસાવવાના ઉધામા થઈ રહ્યા છે તેમાં શિવસેના સાવ ખોટી છે. કંગના સામેનો કેસ તેના જૂના પ્રેમી અધ્યયન સુમનના એક ઈન્ટરવ્યૂના આધારે ઉભા કરવાના ધમપછાડા થઈ રહ્યા છે. અધ્યયને કહેલું કે, કંગના પોતે ડ્રગ્સ લેતી હતી અને પોતાને પણ ડ્રગ્સ લેવા દબાણ કરતી હતી. કંગના પહેલાં ડ્રગ્સ લેતી હતી એવું કહી ચૂકી છે એ વાત સાચી પણ એ પુરાવો પણ ના કહેવાય. બુધવારે કંગનાની ઓફિસમાં તોડફોડ બાદ કંગનાએ નિવેદન આપતા ઉદ્ધવ ઠાકરે પર પણ પ્રહારો કર્યા હતા. તેણે કહ્યું હતુ કે આજે મારુ મંદિર (ઘર) તૂટ્યું છે. પણ એક દિવસ તમારો ઘમંડ તૂટશે. આ નિવેદને માડિયામાં તુલ પકડ્યું છે. ગુરુવારે તો કંગના વિરુદ્ધ ખરાબ ટિપ્પણી બદલ ઉદ્ધવ ઠાકરેએ ફરિયાદ નોંધાવી દીધી હતી. ગુરુવારે શરદ પવારે પણ કંગના પાસે યોગ્ય વ્યવહારની અપેક્ષા નથી તેમ જણાવ્યું હતુ. આમ સુશાંત કેસમાં હવે બીજો મોરચો મહારાષ્ટ્ર સરકાર અને કંગના વચ્ચેનો છે.

# ડ્રગ્સ મામલે રિયાને ગળે ગાળિયો કસવા એનસીબીની કવાયત

સુશાંતસિંહ રાજપૂતના રહસ્યમય મૃત્યુના કેસમાં અંતે રિયા ચક્રવર્તી અને તેના ભાઈ શોવિકની ધરપકડ થઈ ગઈ છે. રિયા ચક્રવર્તી પણ એક્ટ્રેસ છે અને સુશાંતની છેલ્લી ગર્લફ્રેન્ડ હતી. સુશાંતના મોત સાથે ડ્રગ્સનો મામલો પણ જોડાયેલો છે, એ વાત બહાર આવ્યા પછી નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી) પણ તપાસમાં જોતરાઈ ગઈ છે. એનસીબીએ ગત અઠવાડિયે રિયાના ભાઈ શોવિકને ઉઠાવીને જેલમાં ધકેલી દીધો હતો. ત્યારથી જ રિયાના જેલભેગી થવાની ઘડીઓ ગણાતી હતી. આખરે મંગળવારે એનસીબીએ એ કામ પણ કરી નાખ્યું.

રિયાની ધરપકડ સાથે સુશાંત મૃત્યુ કેસમાં નવો ટ્વિસ્ટ આવ્યો છે. રિયાના ગળે ફરતે ગાળિયો ફિટ કરવા એનસીબી એડીચોટીનું જોર લગાવી રહી છે. એનસીબીએ સત્તાવાર રીતે કશું કહ્યું નથી પણ સૂત્રોના નામે જે વાતો લીક કરાય છે એ પ્રમાણે, રિયાએ પહેલાં પોતે કદી ડ્રગ્સ લીધું નથી એવો દાવો કર્યો હતો પણ હવે કબૂલી લીધું છે કે, પોતે ક્યારેક ક્યારેક ડ્રગ્સ લેતી હતી અને સુશાંત માટે ડ્રગ્સની વ્યવસ્થા કરતી પણ હતી. રિયા તો ફિલ્મોમાં કામ કરે છે. તેથી આમ પણ તેની વાત પર કોઈને ભરોસો નહોતો કે એ ડ્રગ્સ નથી લેતી.

સીબીઆઈની તપાસ રિયાએ ડ્રગ્સ લીધું હતું કે, નહીં તે અંગે નથી. એનસીબી તો પછી જોડાઈ પણ મૂળ કેસ તો રિયાએ સુશાંતને ડ્રગ્સ આપી આપીને પતાવી દીધો કે નહીં તેનો છે. એનસીબીનો દાવો છે કે, રિયા સુશાંતને ડ્રગ્સ આપતી હતી એ હકીકત છે, તેના જડબેસલાક પુરાવા એનસીબી પાસે છે. આ સંજોગોમાં રિયા માટે હવે બચવું મુશ્કેલ છે. એ દોષિત છે કે નિર્દોષ છે, સુશાંતને તેણે મારી નાખ્યો કે મરાવી નાખ્યો એ વિશે કશું અત્યારે કહી શકાય તેમ નથી. એ બધું કોર્ટ નક્કી કરશે અને જે પુરાવા મુકાશે તેના આધારે નક્કી થશે. એનસીબીએ રિયાના ફોનની વોટ્સએપ ચેટની તપાસ કરી તેમાંથી ડ્રગ્સની લેવડદેવડનો ભાંડો ફૂટ્યો હતો. લોકડાઉન દરમિયાન માર્ચથી જૂનના ચાર મહિના દરમિયાન સુશાંતના નોકર દીપેશ સાવંતે રિયા અને શોવિકના કહેવાથી ૧૬૫ ગ્રામ મારીજુઆના લઈને સુશાંતને પહોંચાડ્યું હતુ. સુશાંત સાથે સંકળાયેલા મનાતા બે ડ્રગ્સ સપ્લાયર પાસેથી એનસીબીએ ૫૯ ગ્રામ મારીજુઆના ઝડપ્યું પણ છે. રિયાનું કહેવું છે કે, તેણે સુશાંતને ડ્રગ્સ લેતાં રોકવા પ્રયત્ન કર્યો હતો પણ સુશાંતને ડ્રગ્સની લત લાગી ગઈ હતી. તેથી તે બહાર નીકળી જ નહોતો શકતો. આ વાતમાં કેટલું સત્ય છે તે હાલ કહી શકાય તેમ નથી. કારણ કે રિયાની વાત પર કેટલો ભરોસો કરવો એ તો બધાંને ખબર જ છે. રિયા તેને ડ્રગ્સની લતમાંથી બહાર લાવી ના શકી અને સુશાંત જતો રહ્યો એ હકીકત છે. યોગાનુયોગ રિયાએ સુશાંતની બે બહેનો સામે સુશાંતને આપઘાત માટે ઉશ્કેરવાની ફરિયાદ નોંધાવી તેના બીજા જ દિવસે રિયા જેલભેગી થઈ છે. મુંબઈ પોલીસે સોમવારે જ રિયાની ફરિયાદના આધારે સુશાંતની બહેનો પ્રિયંકા સિંહ અને મીતુ સિંહ સામે સુશાંતને આપઘાત માટે ઉશ્કેરવા બદલ કેસ નોંધ્યો હતો. આ કેસમાં દિલ્હીની રામ મનોહર લોહિયા હોસ્પિટલના ડો. તરૂણ કુમાર અને બીજા પણ આરોપીઓ છે.

અનુસંધાન પેજ નં. ૧૩



manoj1968@yahoo.ca




$449,900
Beautiful & Bright 1 Br Suite In Senses Condominium Situated In Vibrant & Revitalized Kerr St Village, Heart Of Oakville, It Has Modern Finishes Like Laminate Flooring, Contemporary Kitchen Cabinets, Granite Countertop, Glass Backsplash, Beutral Decor, One Parking & Storage Locker Included, Near To Transit, Shopping, Hwys & Oakville Go.
OAKVILLE



$749,000
Location..Location..Location....Welcome To The Well Maintained 3 Bedroom Home In High Demand Great Lakes-Trinity Mall Area.Freshly Painted House With Newly Installed Laminate Floors Throughout.Roof(2017),Close To All Amenities Such As Gurudwara ,Public Transit,School ,Parks And Trinity Mall...
BRAMPTON



$801,000
Welcome To The 60 X 120 Lot Size, Stunning Renovated Detached Raised Bungalow With 3+3 Large Bedrooms ,3 Full Washrooms. 3 Bedroom Finished Basement/Separate Entrance With Huge Leaving Room.Close To The Bramalea Shopping Center Mall,Schools,Bus Stop,Parks,Library And Minutes From Hwy 410 And Much More..A Must See Home.
BRAMPTON



$889,900
Come & Check Out This Fully Detached Gorgeous & Delightful Home! Double Car Garage Corner Lot. Finished Basement. Professionally Decorated. Combined Living/Dining With Sep Family Room With Fireplace. Master With 5Pc Ensuite As Well As Walk Out To Balcony, Lots Of Pot Lighting Throughout-Inside. Good Size Backyard. Fully Fenced Yard.
BRAMPTON

RE/MAX REALTY SERVICES INC. BROKERAGE
INDEPENDENTLY OWNED AND OPERATED
JAY PATEL
BROKER
647.241.3818
jaypatel1323@gmail.com



Off : 905.456.1000 I Fax : 905.456.1924
295 Queen Street East, Brampton, On., L6W 3R1

ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest

- Mice
- Rat
- Cockroach
- Bedbug
- Animal Control
- Bird Control
- Wasps &
- Hive Removal



*** Same Day Service - Residential, Commercial, Industrial ***
*** No obligation inspection for commercial and residential clients ***

Written Guarantee And Discounted Rates

We speak English, Gujarati & Hindi

SANKET TRIVEDI
Government Licensed Structural Exterminator
647-339-3926
info@aristopestcontrol.ca
www.aristopestcontrol.ca

CPMA - ACGP
SPMAO
NATIONAL PEST MANAGEMENT ASSOCIATION International

24 Hours / 7 Days
Emergency Services
&
Animal Removal

# ગોવર્ધનથાળ

## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન





Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**

$ 6.99 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

Franchise Opportunity in GTA

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

---

દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**

**$500**

Per Person / Per Month



Knights Inn & Suites

Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# ઓગસ્ટમાં કેનેડામાં વધુ ૨૪૬૦૦૦ રોજગારનું સર્જન

## કોરોનાને કારણે અંદાજે 3 મિલિયન લોકોની રોજગારી છીનવાઈ ગઈ હતીઃ : લોકડાઉનથી બેકાર લોકોને ફરી રાહત

ઓન્ટેરિયો : માર્ચ માસથી લોકડાઉન દરમિયાન કોરોનાને કારણે અંદાજે ૩ મિલીયન લોકોની રોજગારી છીનવાઈ ગઈ હતી. હવે મોટાભાગના લોકો ફરીથી કામે લાગ્યા છે. શુક્રવારે જાહેર કરાયેલા ઓગસ્ટ લેબર ફોર્સ સર્વેના તારણોમાં જાણવા મળે છે કે જાહેર આરોગ્ય વિભાગ તરફથી મળેલી છૂટછાટને કારણે કેનેડીયનો અને ખાસ કરીને ઈમિગ્રન્ટસ માટે વધારાની રોજગારીની તકો ઉભી થઈ રહી છે. ઓગસ્ટમાં ૧.૪ ટકા કેનેડીયનો માટે રોજગારીના આંકમાં વધારો થયો હતો. જે કોવિડ -૧૯ પહેલાના ૫.૭ ટકાના લેવલથી ઓછો છે અને ઈમિગ્રન્ટસ કામદારો માટે ૧.૬ ટકા વધ્યો હતો અને ૨.૨ ટકા થયો હતો. એનું કારણ ઈમિગ્રન્ટસના આગમનમાં આવેલો ઘટાડો હતો.



જયારે કાયમી રોજગારીમાં પણ મોટો વધારો જોવા મળ્યો હતો. રોજગારીના દરમાં સુધારો જે સેકટર્સમાં જોવા મળ્યો હતો, એમાં સર્વિસીઝ સેકટરમાં ૧.૫ ટકાનો વધારો હતો. જયારે ઉત્પાદન સેકટરમાં એથી વિપરીત હતું. સર્વિસ સેકટરમાં પણ ખાસ કરીને શૈક્ષણિક સેવાઓ, રહેવાની તથા ખાનપાનની સેવાઓ અને અન્ય વિભાગોમાં હેર એન્ડ બ્યુટી સલૂન સેકટર જેને મોટી અસર થઈ હતી. એનો સમાવેશ થાય છે.

માલ ઉત્પાદન ક્ષેત્રમાં મેન્યુફેકચરીંગમાં સુધારો હતો પણ કુદરતી સ્રોતોના ક્ષેત્રમાં ઘટાડો જોવા મળ્યો હતો. જો કે, જે સુધારો જોવા મળ્યો છે એ કેનેડા માટે વર્તમાન સ્થિતિમાં સારા સંકેત આપનારો જ છે. કોવિડ પહેલાની સરખામણીમાં પુરૂષ કામદારોમાં ૦.૨ ટકા અને સ્ત્રી કામદારોમાં ૧.૩ ટકા ઓછો છે. જેમાં બાળકોની સંભાળમાં રોકાયેલી મહિલા કામદારોની બેરોજગારી મહત્વની બની છે.

બરોજગારીનો દર ઉંચો છે ખાસ કરીને લઘુમતીઓમાં વધારે છે. જેઓ લઘુમતી જુથોમાં નોંધાયા નહીં હોય. નેશનલ અનએમ્પ્લોયમેન્ટ રેટ ૧૧.૧ ટકા છે. પરંતુ આરબો માટે એ ૧૭.૯ ટકા, અશ્વેતોમાં એ ૧૭.૬ ટકા અને દક્ષિણ પૂર્વ એશિયાના લોકો માટે ૧૬.૬ ટકા છે.

# શાપોવાલોવ યુએસ ઓપનની કવાર્ટર ફાઈનલમાં પહોંચનારો પ્રથમ કેનેડીયન

• શાપોવાલોવે બેલ્જીયમના ડેવિડ ગોફિનને સીધા ચાર સેટથી પરાજિત કર્યો

ટોરન્ટો : યુ.એસ.ઓપનના ઈતિહાસમાં પહેલીવાર કેનેડીયન ટેનિસ ખેલાડી કવાર્ટર ફાઈનલ સુધી પહોંચ્યો હોય એવું બન્યું છે. રવિવારે રમાયેલી મેચમાં કેનેડીયન ખેલાડી ડેનીસ શાપોવાલોવે બેલ્જીયમના સાતમા ક્રમાંકિત ડેવિડ ગોફિનને સીધા ચાર સેટથી પરાજિત કરી ડેનીસે આ ગ્રાન્ડસ્લેમમાં આગેકૂચ કરી હતી. તેણે ગોફિનને ચોથા રાઉન્ડની મેચમાં ૬-૭ (૭),૬-૩, ૬-૪,૬-૩થી હરાવ્યો હતો. હવે કવાર્ટર ફાઈનલમાં તેનો મુકાબલો સ્પ ેનના ૨૦મા ક્રમાંકિત પાબ્લો કેરેનો બુસ્ટા સાથે થશે.

સ્પેનનો આ ખેલાડી ટોચના આઠ ખેલાડીમાં પ હોંચ્યો છે. કેમ કે, પ્રથમ ક્રમાંકિત નોવાક જોકોવિચ રમતથી બહાર થઈ ગયો છે. ટેનિસના નિયમો મુજબ એણે મારેલા શોટથી લાઈન જજને ઈજા પ હોંચી હતી. આ ઘટના ચોથા રાઉન્ડની મેચમાં બની હતી. શાપોવાલોવ પહેલા સેટમાં હારી ગયો હતો. પણ તેણે ટાઈબ્રેકર બાદ પછીના ત્રણે સેટ જીતી લીધા હતા. તેના પ્રતિસ્પર્ધી ગોફિને ડબલ ફોલ્ટ કરતા એને ફાયદો થઈ ગયો હતો અને બીજો સેટ જીતી લીધો હતો. ૨૧ વર્ષીય ડાબોડી ખેલાડીએ ઓપનીંગ રમતમાં બીજીવાર ગોફિનને ત્રીજા સેટમાં હરાવ્યો હતો અને સર્વિસ જાળવી રાખીને ૨-૦ અને ૨ -૧થી ચોથા સેટમાં આગળ વધ્યો હતો.

ADS GAS SERVICES AND INSTALLATIONS INC.
GAS FURNACE
Gas Line Installation Stove, BBQ, Dryer
Fire Places
Humidifier
Fridge Water Line
Dryer & Washer Installation
Dishwasher Installations
Registered Licensed Contractor
Call: VIPUL SHAH
416.988.5784
Email:adsgasservice@gmail.com
Air condition installed start from $1800



www.adsgas.ca
WE ALSO REPAIR RESTAURANT EQUIPMENT

THANK YOU FRONTLINE WORKERS
MD MORTGAGE DILIGENT A STEP AHEAD FSRA # 10252
Purchase Refinance Renewal/Switch
5 Yrs Fixed @ 1.69%* High Ratio Only
5 Yrs Variable @ 1.70%* High Ratio Only



Rakesh Patel** Vice President- Commercial.
Pranay Jani *
Nilesh Tailor *
Tushar Patel*
Bala Shah*
Vijay Rana*



Rajesh Khurana, MBA Principal Broker
Cell : 416-616-1300
Tel.: 289 521 6900
1305 Matheson Blvd E, Mississauga ON L4W 1R1
•info@mortgagediligent.com •www.mortgagediligent.com
Rates are subject to change without notice.* FSCO#10252,OAC,E&O.E * - Mortgage Agent, ** - Vice President
* Some conditions apply

# ગુજરાતમાં વધતું કોરોનાનું સંક્રમણ નવા ૧૩૩૨ કેસ નોંધાયા, ૧૫ મોત

**• કોરોનાથી કુલ મૃત્યુઆંક ૩૧૬૭ પર પહોંચ્યો**



ગાંધીનગર : રાજ્યમાં ૨૪ કલાકમાં રાજ્યમાં કુલ ૭૨,૧૫૧ ટેસ્ટ કરવામાં આવ્યા હતાં. જ્યારે રાજ્યમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧૬૨૩૦ થઈ છે. સંક્રમણથી સાજા થનારાની સંખ્યા ૯૦ હજારને પાર થઈ ૯૦,૨૩૦ થઈ છે. રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૧૩૩૨ કેસ નોંધાતા કોરોનાનો કુલ આંકડો પણ ૧૦૯૬૨૭ પર પહોંચ્યો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૭૨,૧૫૧ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૩૦,૭૩,૬૩૪ થયો છે. રાજ્યમાં ૧૩૩૨ નવા દર્દીઓ સામે ૧૪૧૫ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૯૦ હજારને પાર થઈ ૯૦,૨૩૦ પર પહોંચ્યો છે. રાજ્યમાં દિવસે ને દિવસે કરોના સંક્રમિતની સામે સાજા થનારાઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૧૧૧૦.૦૧ ટેસ્ટ થાય છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૬,૮૨,૨૯૮ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૬,૮૧,૮૩૯ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૪૫૯ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧૬૨૩૦ છે. જેમાંથી ૯૧ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૬૧૩૯ની સ્થિતિ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર દિવસે ને દિવસે વધી રહ્યો છે. રાજ્યમાં કોરોના વાયરસના સંક્રમણના કારણે કુલ રાજ્યમાં ૧૫ મોત નોંધાયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૪, જામનગરમાં ૧, અમરેલીમાં ૨, સાબરકાંઠા અને સુરત કોર્પોરેશનમાં ૧-૧, સુરતમાં ૩,વડોદરા કોર્પોરેશનમાં ૧,રાજકોટ કોર્પોરેશનમાં ૧, ગાંધીનગરમાં ૧ મોત કોરોનાના કારણે નોંધાયા હતાં.

# અમદાવાદમાં વરિષ્ઠ નાગરિકો માટે કોરોના જોખમી પુરવાર થયો

**• માર્ચ-જુલાઈ સુધી ખાનગી હોસ્પિટલોમાં ૬૫૫૪ પૈકી ૨૭૯ દર્દીઓનાં મૃત્યુ, ૭૧ ટકા પુરૂષ દર્દીનો સમાવેશ**

અમદાવાદ : અમદાવાદમાં કોરોનાનું સંક્રમણ વધતાં મ્યુનિ.કોર્પોરેશને ખાનગી હોસ્પિટલો સાથે જોડાણ કરી આર્થિક રીતે નબળા દર્દીઓ માટે અનામત પથારીઓ રાખવા નક્કી કર્યુ હતું. અમદાવાદ હોસ્પિટલ એન્ડ નર્સિંગ હોમ્સ એસોશએશને એપ્રિલથી જુલાઈ સુધી શહેરની ૪૨ ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની સારવારના લેખાજોખા જાહેર કર્યા છે. જેમાં એવા તારણો બહાર આવ્યાં છેકે, ૬૧થી ૮૦ વર્ષના દર્દીઓ માટે કોરોના જોખમી સાબિત થયો હતો. એટલું જ નહીં,ખાનગી હોસ્પિટલમાં કુલ મળીને ૬૫૫૪ દર્દીઓને સારવાર અપાઈ જેમાં ૨૭૯ દર્દીઓના મોત નિપજ્યા હતાં. ખાનગી હોસ્પિટલમાં મહિલા દર્દીની સરખામણીમાં પુરૂષ દર્દીની સંખ્યા ત્રણ ગણી વધુ રહી હતી.

અમદાવાદમાં કોરોનાના કેસો વધતાં અધિક મુખ્ય સચિવ ડો.રાજીવ ગુપ્તાએ ૪૨ ખાનગી હોસ્પિટલમાં ૧૨૦૦ પથારીઓ અનામત રાખવા આદેશ કર્યો હતો.આ ઉપરાંત આર્થિક રીતે નબળા દર્દીએ પરવડે તેવા સારવારના ભાવ નક્કી કરાયા હતાં જેના કારણે કોરોના પર અંકુશ મેળવાયો હતો. અમદાવાદ હોસ્પિટલ એન્ડ નર્સિંગ હોમ્સ એસોસિએશનના પ્રેસિડેન્ટ ડો.ભરત ગઢવીએ ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની સારવારના તારણો રજૂ કરતાં જણાવ્યું કે, એપ્રિલથી જુલાઈ સુધી શહેરની ૪૨ હોસ્પિટલોમાં કુલ ૬૫૫૪ કોરોનાના દર્દી દાખલ કરાયા હતાં જે પૈકી ૨૭૯ના મોત નિપજ્યા હતાં. આ દર્દીઓ પૈકી ૭૧ ટકા પુરૂષ દર્દી જયારે ૨૯ ટકા મહિલા દર્દીઓ હતાં. ૬૧ દર્દીઓએ સ્વખર્ચે સારવાર કરાવી હતી. ૩૯ ટકા દર્દીઓએ સારવાર માટે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના સહયોગ મેળવ્યો હતો. કોરોનાના દર્દીઓ હોસ્પિટલમાં દાખલ રહેવાનો સમય ૧ દિવસથી માંડીને ૯૮ દિવસ સુધીનો હતો. ખાનગી હોસ્પિટલમાં દર્દીઓ આઈસીયુમાં ૩૩ દિવસ સુધી જયારે વોર્ડમાં ૪૧ દિવસ સુધી દાખલ રહ્યા હતાં.









સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

WWW.SWADESH.NEWS


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

### અમદાવાદની ૩૧ હોસ્પિટલોમાં સારવાર લેનારા ૬,૫૫૪ દર્દીઓના વિવિધ પાસાં અંગે સંગઠને વિશ્લેષણ કર્યું

# ૬૮૬ને ટોસિલિઝૂમેબ ઈન્જે. અપાયું, ૯૧નાં મોત

અમદાવાદઃ કોરોનામાં ડેઝિગ્નેટેડ ૩૧ ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેનારા ૬,૫૫૪ દર્દીઓ પરના વિવિધ પાસાંઓ પર હોસ્પિટલો સાથે સંકળાયેલા એક સંગઠને વિશ્લેષણ કર્યું છે, જેમાં બહાર આવ્યું છે કે, આ દર્દીઓમાંથી ૬૮૬ને ટોસિલિઝૂમેબ ઈન્જેક્શન અપાયું હતું, જેમાંથી ૯૧નાં મોત થયાં હતાં જ્યારે રેમેડેસિવિર ઈન્જેક્શન ૧૫૫ દર્દીને અપાયાં હતા, જેમાંથી ૨૧નાં મૃત્યુ થયાં છે. ૮ને પ્લાઝમા થેરપી અપાઈ હતી જેમાંથી ૭નો બચાવ થયો હતો. ૬૫૫૪ દર્દીમાંથી ૨૭૯ દર્દીનાં મોત થયાં છે, જેમનો મૃત્યુ દર ૪.૨૫ ટકા હતો. મૃત્યુ પામેલા લોકોમાં ૮૪ ટકા દર્દીઓની ઉંમર ૫૧ વર્ષથી વધુ હોવાના કારણે ડાયાબિટીસ, હાયપરટેન્શન અને હૃદય રોગ જેવી વિવિધ બીમારીના દર્દી હતા. અમદાવાદ હોસ્પિટલ્સ એન્ડ નર્સિંગ હોમ્સ એસોસિયેશન દ્વારા દર્દીઓનાં વિવિધ પાસાં પર વિશ્લેષણ કરાયું હતું.



એસો.ના પ્રમુખ ડો. ભરત ગઢવીએ વિશ્લેષણ ટાંકીને કહ્યું કે, ૧૫મી જુલાઈ સુધીની સ્થિતિએ ૩૧ હોસ્પિટલોમાં ૬,૫૫૪ દર્દીઓની સંખ્યા હતી, દર્દીઓએ હોસ્પિટલમાં એક દિવસથી માંડીને ૯૮ દિવસ સુધી પણ સારવાર મેળવી હતી, વોર્ડમાં રહેવાનો સમય ૧થી ૪૧ દિવસ સુધી તો આઈસીયુમાં રહેવાનો સમય ૧ દિવસથી ૩૩ દિવસ સુધીનો હતો. દર ૧૦૦ દર્દીમાંથી ૬૧એ સ્વખર્ચે સારવાર લીધી છે તો ૩૯ દર્દીના સારવાર બિલની ચુકવણી એ.એમ.સી. દ્વારા થઈ છે, દર ૧૦૦એ ૭૧ દર્દી પુરુષ અને ૨૯ મહિલા હતી. કુલ દર્દીઓમાંથી મૃત્યુ થયું તેમાં સૌથી નાની વય ૨૨ વર્ષ અને સૌથી વધુ વય ૯૧ હતી. મૃત્યુ પામેલા દર્દીઓમાં વોર્ડમાં દાખલ થયેલા દર્દીઓ એકથી ૪૧ દિવસ સુધી રહ્યા હતા તો આઈસીયુમાં રહેલા દર્દીઓ એક દિવસથી લઈને ૨૪ દિવસ સુધી રહ્યા હતા. ૬,૫૫૪ દર્દીમાંથી ૧,૩૩૪ને આઈસીયુમાં સારવારની જરૂર હતી, જેમાંથી ૧૩૯નાં મોત થયાં હતાં.

## દર્દીઓના નામ જાહેર કરવા કોંગ્રેસી કોર્પોરેટરની રિટ

અમદાવાદ : કોરોના દર્દીઓના નામ જાહેર કરવાની માગણી સાથે રાજકોટના કોંગ્રેસી કોર્પોરેટર અતુલ રાજાણીએ ગુજરાત હાઇકોર્ટમાં રિટ કરી છે. તેમની રજૂઆત છે કે કોરોના દર્દીઓના ગુપ્તતાના અધિકારનું રક્ષણ કરવા તેમના નામની યાદી જાહેર કરાતી નથી. આ નિર્ણયના કારણે લોકો અજાણતાંજ કોરોના દર્દીઓ ધરાવતા વિસ્તારોમાં ફરે છે અને સંક્રમિત થાય છે. હાઇકોર્ટે આ આઅંગે સરકારને માહિતી રજૂ કરવાનો આદેશ કર્યો છે. કોરોનાકાળની શરૂઆતમાં રાજકોટમાં કોરોના દર્દીઓના નામ અને સરનામાની જાહેરાત થતી હતી. જેથી લોકો અમુક વિસ્તારો કે સોસાયટીઓમાં જવાનું ટાળે.

## અમદાવાદમાં ૬૪ તબીબો પણ કોરોના પોઝિટિવ આવ્યા

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત કોવિડ હોસ્પિટલમાં પણ ૬૪ જેટલા ડોક્ટરો કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે. એસવીપી હોસ્પિટલના ૨૬, એલજી હોસ્પિટલના ૩૦ અને શારદાબેન હોસ્પિટલના ૮ ડોક્ટરો કોરોનાગ્રસ્ત થયા છે. કોરોના પોઝિટિવ થનાર તબીબોમાં મોટાભાગના રેસિડેન્ટ ડોક્ટરનો સમાવેશ થાય છે. એસવીપી હોસ્પિટલના ૪ રેસિડેન્ટ ડોક્ટર એવા છે, જેઓને બીજીવાર કોરોનાનો ચેપ લાગ્યો છે. અગાઉ કોરોનાથી સાજા થયા બાદ ફરી તેમના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. સમયાંતરે કોરોના દર્દીઓની સારવાર કરતા ડોક્ટરોના કોરોના રિપોર્ટ કરવામાં આવતા હોય છે.

## રાજકોટ સિવિલમાં રોબોટ કોરોના દર્દીઓને મદદ કરશે

રાજકોટમાં દિવસેને દિવસે કોરોનાવાયરસના કેસમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. બીજી તરફ ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ છે તેઓ પણ મોટા પ્રમાણમાં કોરોના સંક્રમિત થઈ રહ્યા હોવાનું સામે આવી રહ્યું છે. ત્યારે રાજકોટની સિવિલ કોવિડ હોસ્પિટલમાં રોબર્ટ નર્સ મેદાને આવી છે. રાજકોટ સહિત સમગ્ર ગુજરાતભરમાં ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ થઈ રહ્યા છે બીજી તરફ રાજકોટ શહેરની સિવિલ કોવિડ હોસ્પિટલ તેમજ ખાનગી હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓ મૃત્યુ આંક દિવસે ને દિવસે વધી રહ્યો છે. ત્યારે કોરોનાના દર્દીઓની સારવાર માટે રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલમાં બે રોબર્ટ નર્સની ફાળવણી કરાશે.

## રાજકોટમાં કોરોનાથી વધુ ૨૬નાં મોત નિપજ્યાં

રાજકોટ : રાજકોટમાં બુધવારે ૨૬નાં મોત નિપજ્યાં હતા રાજકોટ શહેરના ૧૪, ગ્રામ્યના ૬ અને અન્ય જિલ્લાના ૬ દર્દીના મોત નિપજ્યાં છે. જ્યારે શહેરમાં અત્યાર સુધીમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૪૦૫૪ પર પહોંચી ગઈ છે. જેમાંથી ૧૩૪૩ દર્દીઓ સારવાર હેઠળ છે. રાજકોટ શહેરમાં બુધવારે ૯૪ પોઝિટિવ દર્દી નોંધાયા છે. જ્યારે ૧૦૬ દર્દીને રજા આપવામાં આવી છે. શહેરમાં આવેલી લગભગ તમામ સરકારી કચેરીઓમાં કોરોનાની એન્ટ્રી થઇ ચૂકી છે. મનપા, પોલીસ, રૂડા, જીએસટી, યાર્ડ, બેંકના કર્મચારીઓ કોરોના પોઝિટિવ આવી રહ્યા છે.

## ભુજમાં ૨૨ સાથે વધુ ૩૫ નવા કેસઃ છના મોત

ભુજ : સપ્ટેમ્બર મહિનાના પ્રારંભે રણપ્રદેશ કચ્છમાં કોરોના મહામારીથી સંક્રમિત એક સાથે ૩૫ કેસનો વિસ્ફોટ થતાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. માત્ર બે દિવસમાં જ ૬૪ નવા કેસ સાથે વધુ ૬ દર્દીઓના ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં મોત નિપજ્યાં છે. આરોગ્ય તંત્રએ જાહેર કરેલાં આંકડા અનુસાર સૌથી વધુ બાવીસ કેસ ભુજમાં નોંધાયાં છે. જેમાંથી ૨૦ કેસ એકલાં ભુજ શહેરમાં નોંધાયાં છે જ્યારે ૨ કેસ તાલુકાના છે. ગાંધીધામ શહેરમાં ૫ કેસ નોંધાયાં છે. જો કે, સવારે ખાનગી લેબના ૬ અને સાંજે જી.કે.ની લેબના ૨ કેસ મળી ગાંધીધામમાં આજે ૮ કેસ નોંધાયાં છે. પરંતુ, તંત્રએ માત્ર ૫ કેસ દર્શાવ્યાં છે.

# ૧૩૦ નેતા કોરોના પોઝિટિવ, રેલીમાં સી. આર. પાટીલ હજારો લોકોને મળ્યા

પાટણ : ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલનો આરટી પીસીઆર રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેઓ અમદાવાદ-ગાંધીનગર વચ્ચેની એપોલો હોસ્પિટલમાં દાખલ થયેલા છે. પાટીલ સંગઠનને લઈને ચિંતન બેઠક ટોચના નેતાઓ સાથે કરવાના હતા પરંતુ તે બેઠક મોકૂફ રહી છે. આ ઉપરાંત તેમના સૌરાષ્ટ્ર સહિતના અન્ય પ્રાંતના પ્રવાસો, સંસદના સત્રમાં હાજરીથી માંડીને કમલમ પર બેઠકો રદ જાહેર કરાઈ છે.

મંગળવારે પાટીલે મુખ્યમંત્રી રૂપાણી સાથે પણ બેઠક કરી હતી અને બપોર પછી એપોલો હોસ્પિટલમાં દાખલ થયા હતા. ગુજરાત ભાજપના નેતાઓએ સોશિયલ મીડિયા પર પાટીલને કોરોના વોરિયર ગણાવી શુભેચ્છા પાઠવી હતી. હાલ પાટીલ પોઝિટિવ આવ્યા હોવાથી તેઓ લગભગ દસેક દિવસ હોસ્પિટલમાં જ સારવાર હેઠળ રહેશે. ગઈ વખતે સૌરાષ્ટ્રમાં પ્રવાસ કર્યા બાદ તેમના સંપર્કમાં આવેલા ભાજપના અનેક નેતાઓ કોરોના પોઝિટીવ થઈ ગયા હતા જેમાં સાંસદ, ધારાસભ્ય અને અન્ય પક્ષના નેતાઓનો સમાવેશ થાય છે. બીજી સપ્ટેમ્બરે કમલમ ખાતે તેમણે પૂર્વ ધારાસભ્યો સાથે બેઠક કરી હતી જેમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિતના નેતાઓ હાજર હતા. છેલ્લાં એક અઠવાડિયા દરમિયાન સીઆર પાટીલ અંદાજે દસ હજાર લોકોના સંપર્કમાં આવ્યા હતા. ગત ત્રીજે તેમણે અંબાજીમાં દર્શન કર્યા બાદ બનાસકાંઠાના પાલનપુર, ડીસા જેવા સ્થળોએ ફર્યા તથા પાલનપુરમાં એક ઘરડાંઘરની મુલાકાત પણ કરી હતી.

"Savings For YOU, Protection for Your Loved Ones"
: Offered services :
1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance

Shailesh Patel
CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com
We represent many insurance companies, we can shop around for best rates.

First Flight
FFCL Couriers Inc.
દુનિયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્જી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેકશન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકળા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## માનવીય શરીર શક્તિ એઈડ્સ સામે લડવા સક્ષમ હોવાનો પુરાવો મળતાં જ લાખો દર્દીઓને સાજા થવાની આશા

# લોરેન વિલેનબર્ગ : એઇડ્સથી મુક્તિનો પ્રથમ કેસ

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

છેલ્લાં પાંચેક દાયકામાં દુનિયામાં એઈડ્સની બિમારીથી પણ અનેક મૃત્યું થયા છે. એઈડ્સ અસાધ્ય બીમારી છે અને અસુરિક્ષત જાતીય સંબંધ અને અન્ય કારણોથી થતી આ બીમારી છેલ્લા ચાર દાયકાથી લાખો લોકોનો જીવ લઈ રહી છે. 'એચઆઈવી' (હ્યુમન ઈમ્યુનોડફિસઅન્સી વાઈરસ)થી એઈડ્સ થાય છે અને તેનાં મૂળીયા આફ્રિકામાં મળે છે. આ બીમારીનો કોઈ ઈલાજ શોધાયો નથી. પણ હાલમાં અમેરિકાની એક મહિલા એઈડ્સ બીમારીથી સંપૂર્ણ સાજી થઈ હોવાના અહેવાલો વિશ્વના માધ્યમોમાં ચમક્યા છે.

૬૬ વર્ષીય લોરેન વિલેનબર્ગે આ માટે કોઈ દવા કે ઈમ્યુન સિસ્ટમમાં એઈડ્સના કારણે જે ખામી સર્જાય છે તે અંગે કોઈ સર્જરી કરાવી નથી. તેમ છતાં તે આજે એઈડ્સથી મુક્ત થઈ ચૂક્યા છે! આવું કેમ થયું તેનું પહેલું વહેલું કારણ સંશોધકો ''એલિટ કન્ટ્રોલર''ને ગણાવે છે.

મતલબ કે, એઈડ્સ બીમારી ધરાવતો એક વર્ગ એવો છે જેઓનું શરીર કદરતી રીતે વાઈરસ સામે લડે છે અને તે વાઈરસની અસરને શરીરમાં વધવા દેતો નથી. તે વર્ગને ''એલિટ કન્ટ્રોલર''થી ઓળખાય છે. આ વર્ગના એઈડ્ગ્રસ્ત દર્દીઓ બીમારી થયા બાદ પણ પોતાનું જીવન યથાવત રાખી શકે છે. જોકે તેમાં બીમારી નાબૂદ થતી નથી. જો કે, લોરેન વિલેનબર્ગનો કિસ્સો તેમાં પ્રથમ છે. આ ન્યૂઝ પ્રસર્યા ત્યારે એચઆઈવી-એઈડ્સથી પીડાતાં સાડા ત્રણ કરોડ જેટલાં દર્દીઓમાં આશા જન્મી છે કે, એઈડ્સ મટી શકે છે. આ અગાઉ એઈડ્સથી સંપૂર્ણપણે સાજા થનારાં છે, પણ લોરેન વિલેનબર્ગ કોઈ ઈલાજ વિના સાજાં થયાં છે તે રીતે આ કેસ અદ્વિતિય છે.

એઈડ્સ જીવલેણ બીમારી છે અને જેને થાય છે તેનો જો ઈલાજ કરવામાં નહીં આવે તો તે દર્દીના આયુષ્યને અગિયાર વર્ષ ઘટાડે છે. પરંતુ મોટાભાગના કિસ્સામાં એચઆઈવી શરીરમાં દાખલ થાય પછી ઘણાં સમય સુધી સુષુપ્ત અવસ્થામાં રહે છે. તેના કોઈ લક્ષણ દર્દીના શરીરમાં દેખાતા નથી. અને જેને શરૂઆતમાં લક્ષણ દેખા દે છે તો તે ફ્લૂ જેવા હોય છે. પછી જ્યારે આ વાઈરસનું ઈન્ફેક્શન શરીરમાં પ્રસરે છે ત્યારે તે સીધું જ ઈમ્યુન સિસ્ટમને ખોરવે છે અને ટી.બી. કે અન્ય વાઈરસને શરીર પર હૂમલો કરવા માટે મોકળું મેદાન આપે છે. એચઆઈવી આમ શરીરમાં આગળ વધતો રહે તો તે એઈડ્સના સ્ટેજમાં પહોંચે છે.

એઈડ્સ વકરે ત્યારે વ્યક્તિના વજનમાં સતત ઘટાડો નોંધાય છે. મેડિકલ ક્ષેત્રે આવેલી ક્રાંતિને લઈને આજે એઈડ્સના દર્દીઓનું જીવન સામાન્ય બનાવી શકાયું છે. પણ આ બીમારીનો આજે પણ કોઈ સચોટ ઈલાજ ગણી શકાતો નથી. લોરેન વિલેનબર્ગનો કિસ્સો એ રીતે અલગ તરી આવે છે. લોરેન વિલેનબર્ગના કિસ્સામાં કોઈ જ સર્જરી થઈ નથી. ''એલિટ કન્ટ્રોલર'' વર્ગમાં આવતાં હોવાથી લોરેનના શરીરની નિયિમત તપાસ થતી હતી. લોરેન ૧૯૯૨ના અરસામાં એઈડ્ગ્રસ્ત થયાં હતાં અને ત્યારે તેમનાં શરીરમાં એચઆઈવી પ્રવેશી ચૂક્યાનો ઉલ્લેખ મેડિકલ રિપોર્ટમાં હતો.

પણ હવે તેમનાં શરીરમાં એચઆઈવીના કોઈ જ અંશ દેખાયા નથી. અત્યંત આધુનિક ટેસ્ટમાં પણ લોરેનનું શરીર એચઆઈવીથી મુક્ત જણાયું છે. એઈડ્સના દર્દી તરીકે લોરેનની સ્મૃતિ જ્યારે ૧૯૯૨માં પહોંચે છે ત્યારે તે ખૂબ ડરાવ અનુભવે છે. અમેરિકામાં તે વખતે એઈડ્સના દર્દીઓનો મૃત્યુઆંક વધુ હતો અને જેઓને એઈડ્સ થયો તેમનાં માટે કોઈ ઈલાજ ઉપલબ્ધ નહોતો. એ વખતને યાદ કરીને લોરેન આજે પણ ડરી જાય છે. એ કાળે જેઓને એઈડ્સ થતો તેઓની સાથે અલગ-અલગ રીતે ભેદભાવ થતો. જેમ કે, અમેરિકામાં કેટલાંક રાજ્યોમાં જે બાળકો એઈડ્સથી ગ્રસ્ત હતા, તેઓનું નામ શાળામાંથી રદ કરી દેવામાં આવતું હતુ. એટલે પહેલાં વહેલાં જ્યારે લોરેનને પોતાના શરીરમાં એચઆઈવી હોવાની જાણ થઈ ત્યારે તેણે આ બીમારીને વધુ લોકો સમક્ષ જાહેર કરવાનું મુનાસિબ માન્યું ન હતુ.

આ બીમારી તેને મંગેતર થકી મળી હતી. આથી માત્ર પરિવારના સભ્યો અને ગણ્યાંગાંઠ્યા મિત્રોને જ લોરેને આ અંગે જાણ કરી હતી. તે જાણતી હતી કે, જો લોકોને તેનાં બીમારી વિશે માલૂમ પડશે તો તેનો બિઝનેસ પડી ભાંગશે. લોરેન ખૂબ વાંચતી-વિચારતી વ્યક્તિ છે. એટલે તેણે એક-એક સ્ટેપ વિચારીને લીધો. સૌ પ્રથમ તેણે એક વિશ્વાસું ડોક્ટરને શોધવાનું શરુ કર્યુ હતુ. એવા ડોક્ટર તો મળી ગયા, પણ ડોક્ટર સાથે થતી થોડા સમયની મુલાકાતમાં બધા સવાલોના જવાબ મળતા નહીં. તેથી સાન ફ્રાન્સિસ્કોમાં એઈડ્સના દર્દીઓ માટે સરકાર દ્વારા ફોન પર જે સલાહ-સૂચન મળતા તેનો સહારો તેઓ લેવા માંડ્યા. સરકારના સલાહકારોના સંપર્કમાં લોરેન સતત રહેવા લાગી. જેથી એઈડ્સ વિશેની વિગતવાર અને નવીન અપડેટ તેને સમયસર મળતા રહે. આમ ધીરે ધીરે લોરેન પોતાના જીવનમાં વ્યસ્ત થતી રહી.

લોરેનના શરીરની તપાસ પહેલાં દર ત્રણ માસે થતી અને તેમાં કશુંક અજુગતું લાગે તો જ સારવાર કરવાની હતી, તેવું તેના ડોક્ટરે કહ્યું હતું. કારણ કે, મોટાભાગની એન્ટી એચઆઈવી ડ્રગ્સ થોડા વખતમાં જ વાઈરસ સામે રક્ષણ આપવામાં નિષ્ફળ નીવડતી હતી. એઈડ્સમાં 'સીડી- ૪' કાઉન્ટ નિયિમત તપાસતા રહેવાનું હતું. જે મહદંશે એઈડ્ગ્રસ્ત દર્દીઓમાં વર્ષે ૩૦થી ૫૦ સેલ ઘટતાં હોય છે. પણ લોરેનના કિસ્સામાં તેમ ન થયું એટલે તેને ''એલિટ કન્ટ્રોલર'' ગણવામાં આવી હતી. ઘણાં સમય સુધી લોરેન સ્વસ્થ જણાઈ ત્યારે તેના ડોક્ટરે ફરી એચઆઈવીનું નિદાન થયું હતું તે રિપોર્ટ ફરી જોઈ જવા સલાહ આપી. તેમનાં મતે અગાઉ જ્યારે એચઆઈવીનું નિદાન થયું હતું તેમાં ક્યાંક ભૂલ તો નહોતી થઈને. પણ તેવું નહોતું. લોરેનના શરીરમાં એચઆઈવી હોવા છેતાં તેનું શરીર ટકી રહ્યું હતું અને વાઈરસ સામે તેની ઈમ્યુન સિસ્ટમ લડી રહી હતી. લોરેનના કિસ્સામાં હજુ પણ તેનાં શરીરની તપાસ થઈ રહી છે. પરંતુ તેના સમાંતરે એઈડ્સની અન્ય દવાઓ આજે ઉપલબ્ધ છે. એન્ટિ વાઈરલ થેરેપીમાં આપવામાં આવતી દવાઓને વલ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને પણ માન્યતા આપી છે અને તેના પરિણામ સારા આવી રહ્યા છે.



અમેરિકાના ૬૬ વર્ષીય લોરેન વિલેનબર્ગ સંપૂર્ણપણે સાજા થઈ ગયા, સંશોધકો તે માટે એન્ટિ કંટ્રોલરને મહત્વનું પરિબળ તરીકે લેખાવે છે, વિશ્વમાં આ પ્રકારના દર્દીઓને એલિટ કંટ્રોલર તરીકે ઓળખાવાય છે

યોગ્ય આહાર કોઈ પણ બીમારીની અસરને ધીમી કરી શકે છે અને કેટલાંક કિસ્સામાં મિટાવી પણ શકે છે. એ રીતે યોગ્ય આહાર અને જીવનશૈલીને પણ મહત્વ આપીને એચઆઈવી-એઈડ્સના દર્દીઓમાં સુધારો જોવા મળે છે. આજે વિશ્વભરમાં એઈડ્સના દર્દીઓની સંખ્યા સાડા ત્રણ કરોડથી વધુ છે અને તેને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. આફ્રિકાના દેશો આ બીમારીથી સૌથી વધુ પીડાઈ રહ્યા છે. અહીં ઘણાં દેશોમાં એઈડ્સનાં સંક્રમણનું પ્રમાણ કુલ વસતીના દસ ટકા સુધી પહોંચ્યું છે.

એઈડ્સની ભયાવહતા આજે પણ ઘટી નથી અને હજુ પણ લાખો લોકોના મૃત્યુ તેનાથી થઈ રહ્યા છે. પણ લાખો લોકો એઈડ્સ સાથે સ્વસ્થ જીવન જીવી રહ્યા છે તે વાત પણ સામાન્ય બની રહી છે અને લોરેન પણ તેમાંની એક હતી. જે આજે સંપૂર્ણપણે બીમારીથી મુક્ત થઈ ચૂકી છે. જેને કારણે કરોડો દર્દીઓને સ્વસ્થ થવાની આશા પણ બંધાઈ છે.

સ્વદેશ



## હવે અભિનય ક્ષેત્રે પણ ગુજરાતીનો ડંકો, પરેશ રાવલ બન્યાં નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાના નવા ચેયરમેન

મુબઇ: ખ્યાતનામ કલાકાર એક્ટર અને ભાજપ નેતા પરેશ રાવલે એક નવી સિદ્ધિ હાંસલ કરી છે. હવે તેને નેશનલ સ્કુલ ઓફ ડ્રામાના નવા ચેયરમેન બનાવવામાં આવ્યા છે. ભાજપના પૂર્વ લોકસભા સાસંદ પરેશ રાવલ હવે એનએસડીની કમાન સંભાળશે. પરેશ રાવલ હવે એનએસડીમાં પ્રસિદ્ધ રાજસ્થાયી કવિ અર્જુન ચરણની જગ્યા લેશે. જેમને ૨૦૧૮માં નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાના ચીફ બનાવવામા આવ્યા હતા.

# આજે મારું ઘર તૂટયું, કાલે તમારો ઘમંડ તૂટશે, બધો સમય એક સરખો હોતો નથી : કંગનાનો બળાપો

**મારુ મોઢુ બંધ કરી શકશો પણ મારા પછી બીજા લોકોના મોઢામાંથી પણ આ જ અવાજ નીકળશે. કેટલાના અવાજ દવાબશો અને ક્યાં સુધી સત્યથી ભાગ્યા કરશો.. તમે કશું નથી માત્ર વંશવાદનો નમૂનો છો... - કંગના રનૌત**



**કંગનાની ઓફિસ પર કોર્પોરેશને કર્યવાહી કરી છે અને શિવસેનાને તેની સાથે કોઈ લેવા-દેવા નથી.આ મામલા પર મેયર કે બીએમસી કમિશનર વધુ વિગત આપી શકશે. - સંજય રાઉત**

## કંગનાની ઓફિસમાં BMCની કાર્યવાહી પર બોમ્બે હાઈકોર્ટે લગાવ્યો સ્ટે

મુંબઈ: બોલીવુડ અભિનેત્રી કંગના રનૌતની મુંબઈ સ્થિત મણિકર્ણિકા ફિલ્મ્સની ઓફિસને BMCએ કથિતરીતે અવૈધ નિર્માણને તોડી પાડ્યું છે. આ વચ્ચે બોમ્બે હાઈકોર્ટમાં થયેલી સુનવણીમાં નિર્ણય કંગનાની તરફેણમાં આવ્યો છે. હાઈકોર્ટે BMCની કાર્યવાહી પર સ્ટે લગાવી દીધી છે. કોર્ટે આ રોક બપોરે ૩ વાગ્યે લગાવવી જો કે BMCએ પહેલાં જ પોતાની કાર્યવાહી પુરી કરી લીધી હતી. બોમ્બે હાઈકોર્ટે આ મામલે કાલે ફરીથી સુનવણી કરશે. હાઇકોર્ટે કંગનાની ઓફિસમાં અવૈધ નિર્માણ તોડવામાં આટલી ઉતાવળ કરવા માટે BMC પાસે જવાબ માંગ્યો છે. કાલે BMCએ તેનો જવાબ આપવો પડશે.





મુંબઈ: મુંબઈ મહાનગર પાલિકાએ કરેલી તોડકામથી નારાજ થયેલી બોલીવૂડઅભિનેત્રી કંગના રનૌત મુંબઈ પહોંચતા વિડિયો શેઅર કરતાં કહ્યું કે ઉદ્ધવ ઠાકરે આજે તમે મારું ઘર તોડયું છે, કાલે તમારો ઘમંડ તૂટશે, બધાનો સમય એક સરખો જતો નથી. એમ કહીને કંગનાએ ફરી મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે તરફ નિશાન તાક્યું હતું. કંગનાને મુંબઈની પરિસ્થિતિ પાકિસ્તાન ઓક્યુપાઇડ કાશ્મીર સાથે તુલના કરીને ટીકા કરી હતી. ત્યાર બાદ સર્જાયેલા વિવાદ બાદ કંગનાને મુંબઈમાં આવવું નહીં. એવી ધમકી અપાય છે એમ કહેવાતું હતું. હું ૯ સપ્ટેમ્બરના રોજ મુંબઈ આવીશ કોના બાપની હિંમત છે કે તે મને અટકાવી શકે છે એવો પડકાર કંગનાએ આપ્યો હતો. ત્યાર બાદ આજે બુધવાર કંગનાએ આપ્યો હતો. ત્યાર બાદ આજે બુધવારે કંગના મુંબઈ આવી હતી. કાશ્મીરી પંડિતોને કેવું લાગતું હશે તે આજે મને ખબર પડી. આજે હું દેશને વચન આપું છું કે મેં ફક્ત અયોધ્યા નહીં પણ કાશ્મીર પર પણ ફિલ્મ તૈયાર કરીશ. આપણા દેશવાસીઓને જાગૃત કરીશ. આ ક્રૂરતા અને દહેશતવાદ મારા સાથે થયો છે તે સારું છે. કારણ આનો અર્થ છે. 'જય હિંદ.. જય મહારાષ્ટ્ર.'

**શિવસેનાએ હવે કંગના સામે સીએમ વિરુધ્ધ અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવા મામલે મુંબઈમાં પોલીસને ફરિયાદ નોંધાવી છે. જેમાં આરોપ મુકાયો છે કે, ઉધ્ધવ ઠાકરે સામે કંગનાએ અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો. આ ફરિયાદ સાથે કંગનાના ટ્વિટ પણ એટેચ કરવામાં આવ્યા છે.**

## કંગના બેધડક રીતે મુંબઇ એરપોર્ટ પર આવતા જોરશોરથી સૂત્રોચ્ચાર

મુંબઈ : શિવસેનાએ આપેલી ધમકીને ગણકાર્યા વિના આખાબોલી અભિનેત્રી કંગના રનૌત આજે વિમાનમાર્ગે મુંબઇ આવી પહોંચતા એરપોર્ટની બહાર તેની વિરૃધ્ધ શિવસેનાએ અને સમર્થનમાં કરણી સેનાએ જોરશોરથી સૂત્રોચ્ચાર કર્યા હતા. દેખાવકારોની ભીડને ધ્યાનમાં લઇ જડબેસલાક સુરક્ષા કવચ વચ્ચે કંગનાને પાછળના દરવાજેથી એરપોર્ટની બહાર લઇ જવામાં આવી હતી. કંગનાને 'વાય' શ્રેણીની સુરક્ષા આપવામાં આવી હોવાથી બે કમાન્ડો સહિત ૧૧ જવાનો તેને સુરક્ષા પૂરી પાડી રહ્યાં છે. એરપોર્ટ ઉપર કંગનાના વિરોધીઓ અને સમર્થકો મોટી સંખ્યામાં ભેગા થયા હોવાથી કોઇ અઘટીત ઘટના નિવારવા માટે પોલીસ દ્વારા બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

## કંગનાની રાજકારણમાં એન્ટ્રીની અટકળો મંત્રી રામદાસ આઠવલે મુલાકાત કરી

મુંબઈ: મહારાષ્ટ્રમાં સત્તાધારી શિવસેના અને અભિનેત્રી કંગના રનૌત વચ્ચે ચાલી રહેલા ઘમાસાણ વચ્ચે કેન્દ્ર સરકારમાં મંત્રી અને રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આઠવલે)ના ચીફ રામદાસ આઠવલેએ કંગના રનૌત સાથે મુલાકાત કરી હતી. આઠવલેએ કંગના રનૌતને સુરક્ષા પુરી પાડવાનું વચન કરતા કહ્યું હતું કે, જો તે રાજકારણમાં આવવા માંગે તો ભાજપ અને આરપીઆઈ તેનું સ્વાગત કરશે. આ દરમિયાન આઠવલેએ કહ્યું હતું કે, કંગનાએ સ્પષ્ટ કહ્યું છે કે, તેને રાજકારણમાં રસ નથી અને જ્યાં સુધી તે ફિલ્મોમાં કામ કરી રહી છે ત્યાં સુધી તેની રાજકારણમાં જોડાવવાની ઈચ્છા પણ નથી. જો તે ભાજપમાં શામેલ થવા માંગતી હોય કે આરપીઆઈમાં આવવા માંગતી હોય તો તેનું સ્વાગત કરીશું. રામદાસ આઠવલે અને કંગના વચ્ચે લગભગ એક કલાક સુધી મુલાકાત ચાલી હતી.



**કંગના રનૌતની માતા આશા રનૌતે ભારતીય જનતા પાર્ટીનું દામન થામી લીધું છે. ભાજપ સાથે જોડાયા બાદ આશા રનૌતે કહ્યું હતું કે, કંગના સાથે જે કંઈ થયું ત્યાર બાદ મારે ભાજપમાં આવવુ જ પડ્યું. આશા રનૌતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનો ખુબ ખુબ આભાર માન્યો હતો**

## રિયાને ભાયખલાની મહિલા જેલમાં શિફ્ટ કરાઈ અહીં દાઉદની બહેન હસીના પણ રહી ચૂકી છે



ડ્રગ્સ કેસમાં ઝડપાયેલી રિયા ચક્રવર્તીને બુધવારે એનસીબી લોકઅપમાંથી ભાયખલા જેલની મહિલા વિંગમાં શિફ્ટ કરી દેવામાં આવી છે. રિયાને પહેલી બેરેકની ખોલીમાં એકલી રાખવામાં આવી છે. રિયાને લંચમાં બે રોટલી, દાળભાત અને સબ્જી અપાઈ. જેલમાં એક કેન્ટીન પણ છે જ્યાંથી કેદીઓ પૈસા આપીને ભોજન કરી શકે છે. રિયાને ઈન્દ્રાણી મુખરજીથી અલગ બેરેકમાં રખાઈ છે. મુંબઈમાં ભાયખલા જેલ એકમાત્ર મહિલાઓની જેલ છે જે બ્રિટિશ કાળમાં શરૂ થયેલી છે. આ જેલમાં અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમની બહેન હસીના પારકર, નેવી ઓફિસરની હત્યાની આરોપી મારિયા સુસાઈરાજ, ડ્રગ સિન્ડિકેટ ચલાવનાર બેબી પાટણકર, શીના બોરા કેસની મુખ્ય આરોપી ઈન્દ્રાણી મુખરજી સહિત સાઉથ આફ્રિકન મહિલા ડ્રગ પેડલર્સ સજા કાપી ચૂકી છે. ઈન્દ્રાણી મુખરજી તો હજુ પણ આ જ જેલમાં સજા કાપી રહી છે. ભાયખલા જેલમાં કુલ ૧૮ બેરેક છે અને ૩૫૦ મહિલા અંડરટ્રાયલની ક્ષમતા ધરાવતી જેલ છે. આ જેલમાં જેલરથી માંડીને બીજા કર્મચારીઓ મહિલા જ છે. ફક્ત ૧૦ ટકા પુરુષ જેલ કર્મચારી છે.



# બનાસકાંઠામાં ૧૩ તાલુકા પંચાયતોની ચૂંટણીઓમાં કોંગ્રેસના ગઢમાં ગાબડા

## નબળી નેતાગીરીના લીધે કોંગ્રેસ શાસિત ચાર તાલુકા પંચાયતોમાં ભાજપે સત્તા આંચકી

પાલનપુર- બનાસકાંઠા જિલ્લાની ૧૩ તાલુકા પંચાયતમાં પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણીઓ યોજાઈ હતી. જેમાં કોંગ્રેસ શાસિત તાલુકા પંચાયતોમાં ચાલતા આંતરિક જુથવાદનો ફાયદો ઉઠાવીને ભાજરે વધુ ચાર તાલુકા પંચાયતમાં સત્તા હસ્તગત કરતા જિલ્લામાં ભાજપનું સંખ્યાબળ ૬ હતું જે વધીને ૧૦ થયું છે. જ્યારે કોંગ્રેસ પાસે તાલુકા પંચાયતનું સંખ્યાબળ ૭ હજુ તે ઘટીને ૩ પર આવી પહોંચ્યું છે. બનાસકાંઠા જિલ્લાની ૧૪ તાલુકા પંચાયત પૈકી લાખણીને બાદ કરતાં દાંતા, પાલનપુર, વડગામ, અમીરગઢ, ડીસા, ધાનેરા, વાવ, થરાદ, દાંતીવાડા, સુઈગામ, ભાભર, દિયોદર અને કાંકરેજ મળીને ૧૩ તાલુકા પંચાતમાં બીજી ટર્મના પ્રમુખ, ઉપપ્રમુખની વરમી માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં કોંગ્રેસ શાસિત દાંતીવાડા તાલુકા પંચાયતમાં સત્તા પક્ષ કોંગ્રેસ તરફથી ઉમેદવારી ફોર્મ રજુ ન થતાં ભાજપના ઉમેદવારોની બિનહરીફ વરણી કરાઈ હતી. તેમજ વડગામ તાલુકા પંચાયતમાં કોંગ્રેસની સત્તા હોવા છતાં સભ્યોમાં ચાલતા જુથવાદને લઈ કોંગ્રેસને સત્તા ગુમાવવી પડી છે. વિપક્ષ ભાજપે કોંગ્રેસના નારાજ સભ્યોને સહારે તાલુકા પંચાયતમાં સત્તા કબ્જે કરી હતી. જ્યારે કોંગ્રેસ શાસિત ભાભર તાલુકા પંચાયતમાં કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરના અબાસણા ગામના કોંગ્રેસના મહિલા સદસ્ય હકીબેન લેહરાજી ઠાકોરે પક્ષ પલટો કરી ભાજપને ટેકો જાહેર કરતા ભાભર તાલુકા પંચાયતમાં ભાજપે કબજો જમાવ્યો છે. ભાજપ કોંગ્રેસ શાસિત કાંકરેજ તાલુકા પંચાયત કોંગ્રેસ દાવ પાડીને સત્તા કબજે કરવામાં સફળ રહી હતી. જ્યારે દિયોદર અને દાંતા તાલુકા પંચાયતમાં ભાજપ તેમજ કોંગ્રેસ પાસે સરખુ સંખ્યાબળ હોવાને લઈ પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણીમાં ટાઈ પડતા ચિઠ્ઠી ઉછાળવામાં આવી હતી. જેમાં દિયોદરમાં તાલુકા પંચાયત ભાજપના ફાળે અને દાંતા તાલુકા પંચાયત કોંગ્રેસના ફાળે આવી છે. આમ જિલ્લાની ૧૩ તાલુકા પંચાયતમાં બીજી ટર્મની ચૂંટણીમાં કોંગ્રેસને આંતરીક જુથવાદથી સરવાળે નુકસાન થયું છે.

# ગાંધીનગર પંચાયતમાં સત્તા સરકતી જોઈ ભાજપે ચૂંટણી જ મૌકૂફ કરાવી

- સભ્યોએ જ ખુરશીઓ ઉછાળી અરાજકતાનો માહોલ ઉભો કર્યો

ગાંધીનગર- ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીને લઈને કોંગ્રેસમાં આંતરિક વિખવાદ થયો હતો અને મહોતજી ઠાકોરે ભાજપના ટેકાથી પ્રમુખ માટે ફોર્મ ભર્યું હતું જો કે, થોડિક જ મીનીટોમાં નેતાઓએ માનવતા મહોતજીએ ફોર્મ પાછું ખેંચી લીધું હતું અને કોંગ્રેસ માટે ઘીના ઠામમાં ઘી ઠર્યું હતું તો બીજીબાજુ ભાજપે સત્તા જાળવી રાખવા ધમપછાડા કર્યા હતા. કોંગ્રેસી સદસ્યોનો સંપર્ક કરીને તેમને ઓફરો પણ કરવામાં આવી હતી તો સભામાં કોંગ્રેસના સદસ્યોને ગેરહાજર રાખવાનો પણ પ્રયત્ન કર્યો હતો પરંતુ ભાજપના તડજોડના તમામ પ્રયત્નો આ વખતે નિષ્ફળ ગયા હતા અને સત્તા મેળવવાનો નિર્ધાર કર્યો હોય તેમ ગાંધીનગરમાં પહેલી વખત કોંગ્રેસ એક થયેલી જોવા મળી હતી. ભાજપ પાસેથ સત્તા છીનવાઈ જાય તેમ હોવાને કારણે ભાજપે સત્તાના જોરે સભા મુલત્વી રાખવાનો પેંતરો કર્યો હતો. જેના ભાગરૂપે જે સદસ્યોનું સભ્યપદ જ રદ થઈ ગયું છે તે સદસ્યો પણ તાલુકા પંચાયતમાં ધશી આવ્યા હતા. પોલીસ સાથે ઘર્ષણ કરીને આ સદસ્યો છેક સભા ખંડ સુધી પહોંચી ગયા હતા તો બીજીબાજુ ભાજપના ૧૧ સભ્યોએ સભામાં હોબાળો કર્યો હતો અને જે સભ્યોનું સભ્યપદ રદ થઈ ગયું છે તેમને મતદાન કરવા દો...ની ખોટી માંગણી સતત કરવામાં આવતી હતી. આ દરમિયાન એટલો બધો હોબાળો કરવામાં આવતો હતો કે, પક્ષની વ્હિપ કે મેન્ડેન્ટ પણ વાંચી શકાતું ન હતું સદસ્યો દ્વારા સભામાં સોસ્યલ ડિસ્ટન્સીંગ સહિત કોવિડના નિયમોનું પણ પાલન કરવામાં આવતું ન હતું.

## પાલનપુરમાં દીવાલ પડતા ૧૧ લોકો દટાયા: ત્રણનાં મોત

પાલનપુરઃ તાલુકાના સેજલુપર ગામમાં એક જર્જરિત મકાનની દીવાલ ધરાશાયી થતા ૧૧ લોકો મકાનના કાટમાળમાં દટાયા હતા. જેમાંથી ત્રણનાં મોત થયા હતા જેમાં બાળકો અને એક મહિલા સામેલ છે. જ્યારે પાંચ ઈજાગ્રસ્તોને સારવારાર્થે પાલનપુરની સિવિલિ હોસ્પિટલ ૧૦૮ દ્વારા ખસેડવામાં આવ્યા હતા. દુર્ઘટનાને પગલે પાલનપુર નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ, પોલીસ અને મામલતદાર ઘટનાસ્થળે દોડી ગયા હતા.

## ગુજરાતી સિંગર વિજય ગઢવીનું લંડનમાં મોત

મહેમદાબાદઃ મૂળ મહેમદાવાદના વતની એવા ગુજરાતી સિંગરનું લંડનમાં મોત થયું છે. ગુજરાતી ગાયક કલાકાર વિજય ગઢવીનું નિધન થતા ખળભળાટ મચી જવા પામ્યો છે. બે દિવસ અગાઉ ગુજરાતી ગાયક વિજય ગઢવી કોરોનામાંથી સ્વસ્થ થયા હતા. જો કે અચાનક તેમનું મોત થયું હતું. વિજય ગઢવીના અવસાનથી પરિવાર પર આભ તૂટ્યું છે, તેમના ગુજરાતી ચાહકોમાં પણ શોકની લાગણી પ્રસરી ગઈ છે.

## દાહોદની મહિલાએ એકસાથે ચાર બાળકોને જન્મ આપ્યો

દાહોદઃ બોરખેડા ગામે રહેતા ૨૩ વર્ષીય રેખાબેન પસાયાને અચાનક પેટમાં દુખાવો થતાં તાત્કાલિક દાહોદની પડવાલ વુમન્સ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સીઝર કરતા ચાર તંદુરસ્ત બાળકોએ જન્મ લીધો હતો. ચારેય બાળકોને હાથમાં લેતા ડોક્ટર અને નર્સોમાં પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે રેખાબેન એક દીકરાની માતા છે અને ચાર વર્ષ બાદ ફરી તેમણે ચાર જોડિયા બાળકોને જન્મ આપ્યો છે. આઠમો મહિનો પૂરો થવામાં હજુ એક અઠવાડિયાની વાર હતી તે પહેલા જ અધૂરાં માસે તેમણે બાળકોને જન્મ આપ્યો છે. હાલ માતા અને તેના ચારેય પુત્રોની હાલત સ્વસ્થ છે.

## વડોદરા જિલ્લા પંચાયતમાં બેઠક ફાળવણી બાદ વિવાદ

વડોદરા- વડોદરા જિલ્લા પંચાયતના નવા સીમાંકનની બેઠકોમાં ભાજપના કેટલાક આગેવાનો ફેરફાર કરાવવાનો પ્રયત્ન કરી રહ્યા હોવાથી તેનો વિરોધ કરવામાં આવ્યો છે.વડોદરા જિલ્લા પંચાયતના મહિલા પ્રમુખની ગણપતપુરાની બેઠક નવા સીમાંકનમાં એસ.સી.સ્ત્રી માટે રિઝર્વ કરવામાં આવી છે.જ્યારે પૂર્વ પ્રમુખની બેઠક પણ બક્ષીપંચની કરવામાં આવી છે. આ બંને બેઠકો સામાન્ય કરવા માટે ભાજપના કેટલાક આગેવાનો પ્રયાસ કરી રહ્યા હોવાની વિગતો બહાર આવતાં જિલ્લા પંચાયતના એસ.સી.કેટેગરીના પૂર્વ મહિલા સદસ્ય તેમજ અન્ય સભ્યોએ ચૂંટણી પંચ સમક્ષ લેખિતમાં વાંધો રજૂ કર્યો છે.


બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ
તા. ૯-૧૧-૧૯૪૧
(ઝાંચ બોરડી)

દેવલોક
તા : ૧૧-૯-૨૦૧૮
(વલસાડ)

સ્વ. કિશોરચંદ્ર વિઠ્ઠલદાસ ટેલર
(યોગાચાર્ય શ્રી કિશોરાનંદજી)

વિશાળ વટવૃક્ષની શીતલ છાંયા આપી, સૌનો વિસામો બની ગયા,
મુંઝવણમાં માર્ગદર્શક, પ્રગતિમાં પથદર્શક બન્યાં,
પરોપકાર વૃત્તિ એવો ધર્મ કદી ભૂલ્યા નથી, વ્યવહાર કદી ચૂક્યા નથી,
સુખ-દુઃખમાં સાથે રહી સૌના દિલમાં આપ ચિરંજીવ બન્યા.

પ્રભુ અમારા સદ્‌ગત વડીલના આત્માને સદા ચિર શાંતિ અર્પે એવી અમારી પ્રાર્થના

આપશ્રીના ઋણાનુરાગી

પત્ની : ગં.સ્વ. લીલાબેન કિશોરચંદ્ર ટેલર

પુત્ર : ભાવેશ કે. ટેલર
પુત્રવધુ : મીનાબેન બી. ટેલર
પૌત્ર : જય ભાવેશભાઈ ટેલર
પૌત્રી : કૃપા ભાવેશભાઈ ટેલર
(વલસાડ)

પુત્રી : ગીતાબેન નિલેશકુમાર ટેલર
જમાઈ : નિલેશકુમાર ડી. ટેલર
દોહિત્રી : ડો. તન્વી એન. ટેલર
દોહિત્રી : ધ્રુવિ એન. ટેલર
(કેનેડા)

પુત્રી : છાયાબેન મનોજકુમાર ગાંધી
જમાઈ : મનોજકુમાર એ. ગાંધી
દોહિત્રી : ડો. હેલી એમ. ગાંધી
દોહિત્ર : જૈમિન એમ. ગાંધી
(સુરત)

તથા સમસ્ત વિઠ્ઠલદાસ પરિવાર

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ : જમીન સંપાદન સામે ખેડૂતોએ કહ્યું જાન આપશું પણ જમીન નહીં

નવસારી : નવસારી જિલ્લામાંથી પસાર થતી બુલેટ ટ્રેન અને એક્સ્પ્રેસ હાઈવે માટે સરકાર જે રીતે જમીન સંપાદન કરવા માંગે છે તે સામે જિલ્લાના ખેડૂત અગ્રણીઓની આજે નવસારી બાગાયત ખાતે મિટિંગ થઈ હતી. તેમાં ધરતીપુત્રોમાં ભારે નારાજગી સાથે ઉગ્ર આક્રોશ જોવા મળી આવ્યો હતો.

નવસારી જિલ્લાનાં ધરતીપુત્રોનું સૂત્ર જાન આપીશું, પણ જમીન નહીં. સરકારની જમીન સંપાદન નીતિ સામે આગળની લડત કેવી રીતે લડવી તે માટે નવસારી બાગાયત ખાતે એકત્ર થયા હતો. ખેડૂત સમાજના નવસારી જિલ્લાનાં પ્રમુખ પિનાકીન પટેલ, એડવોકેટ સી.પી. નાયક તેમજ એડવોકેટ આનંદ યાજ્ઞિક સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતોએ ભેગા થઈ સરકારની જમીન સંપાદનની પ્રક્રિયા સામે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. તેમાં મુખ્ય મુદ્દો એ હતો કે વિકાસની પરિભાષા સરકાર નક્કી થઈ છે તે અમને માન્ય નથી. સરકાર દ્વારા ૨૦૧૧ની જંત્રી માન્ય ગણી તેના ચાર ગણા નાણા ચૂકવવાની વાત કરે છે તે અમને માન્ય નથી. પરંતુ માર્કેટ કિંમતના ચાર ગણા નાણાં મળવા જોઈએ. આવનારા દિવસોમાં આ આંદોલન ઉગ્ર બનશે અને ખેતી પ્રધાન દેશમાં ખેડૂતો ખરી તાકાતનો સરકારે સામનો કરવો પડશે. ખેડૂત સમાજનાં પ્રમુખ જયેશ પટેલ (પાલ)એ જણાવ્યું હતું કે ખેડૂતો સાથે જે સરકારે પ્રથમ વાત ચીત કરી હતી તે અને હાલ જે એવોર્ડ (નાણા) આપવામાં આવે છે તેમાં ભારે તફાવત છે. ખેડૂતોની જમીનમાં આપેલા ઝાડો (વૃક્ષો) તળાવો કે અન્ય બાબત વાતચીત મુજબનાં નાણાં મળવાપાત્ર થયા નથી એટલે ખેડૂતને ભારે નુકસાન થાય તેમ છે.

# વલસાડ સુગર મીલ પાસે અકસ્માત, ગણદેવીના એક પરિવારના 5ના મોત

વલસાડ : વલસાડ હાઈવે અકસ્માતો થોભવાનું નામ નથી લઈ રહ્યા. અહિં અવારનવાર અકસ્માતોની વણઝાર જોવા મળે છે. સ્થાનિક લોકો અનુસાર આ હાઈવે પર અજાણ્યા વાહનચાલકો વાયુવેગે વાહન હંકારતા રહે છે અને અકસ્માતો સર્જી ફરાર થઈ જાય છે. ત્યારે આજે પણ વલસાડમાં હિટ એન્ડ રનમાં ૪ના મોત થયા છે. અજાણ્યા વાહનની અડફેટે ૪ લોકોના મોત નિપજ્યા છે. આ અકસ્માત ગણદેવીના પરિવારને નડ્યો છે.

વલસાડ સુગર ફેકટરી હાઈવે બ્રિજ નજીક આ ગોઝારી ઘટના બની છે. જેમા એક જ પરિવારના અકસ્માતમાં ૪ના કરૂણ મોત નિપજ્યા છે. જોકે આ અકસ્માતમાં આસરે એક વર્ષની બાળકીનો આશ્ચર્યજનક રીતે બચાવ થયો તેનું પણ બુધવારે મોત થયું હતું.

ગણદેવીથી એક જ પરિવારના પતિ-પત્ની અને ત્રણ પુત્રી બાઈક ઉપર સવાર થઈ અતુલ તરફ જતા હતા તે દરમિયાન એક અજાણ્યા વાહને તેમને ટક્કર મારી હતી. અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા બાઈક પરથી રોડ ઉપર પટકાયા બાદ વાહનનું કાળમુખું ટાયર એ ૫ લોકો પર વળ્યુ હતુ અને ચારેયના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા. અકસ્માતના પગલે હાઈવે ઉપર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

# સુરતમાં રત્નકલાકાર સંઘના પ્રમુખ જયસુખ ગજેરાએ તાપીમાં કુદી આપઘાત કર્યો

સુરત : કોરોના મહામારીમાં લોકડાઉન પછી બેરોજગાર થયેલા સુરતના રત્ન કલાકારો આર્થિક ભીંસના કારણે મુસ્કેલીમાં મૂકાયા છે જેના કારણે તેમને આત્મહત્યા કરવાનો વારો આવ્યો છે. ત્યારે હાલ એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. સુરત રત્ન કલાકાર સંઘના પ્રમુખે આપઘાત કરી લેતા ખળભળાટ મચી જવા પામ્યો છે. સુરત રત્ન કલાકાર સંઘના જયસુખ ગજેરાએ તાપી નદીમાં કૂદીને આપઘાત કર્યો છે. આર્થિક સંકડામણના કારણે આપઘાત કર્યા હોવાની ચર્ચા ચાલી રહી છે. કઠોરમાં તાપી નદી કિનારેથી તેમનો મૃતદેહ મળી આવ્યો છે. તેઓના આપઘાતને લઈને બરાબરનું રહસ્ય ઘેરાયું છે. આ ઘટનામાં મળતી માહિતી પ્રમાણે, સુરત રત્ન કલાકાર સંઘના પ્રમુખ જયસુખ ભાઈએ રાત્રે ચેમ્બર્સ ઑફ કોમર્સના પ્રમુખ સાથે વાતચીત કરીને પ્રમુખ પદેથી રાજીનામું ધરી દેવાની વાત કરી હતી.

# સુરતમાં થાઈ યુવતીના મોતનું ઘૂંટાતું રહસ્ય : ફૂટેજ ફંફોસી રહેલી પોલીસ

- ઈલેક્ટ્રીક ઈન્સ્પેકટરે યુવતીના રૂમના વાયરીંગની ચકાસણી કરી



સુરત : થાઈલેન્ડની યુવતીની હત્યા કે અકસ્માત મોતની મીસ્ટ્રી ઘટનાના ૬૦ કલાક બાદ પણ હજી અકબંધ છે. મગદલ્લા ગામના ગુરખા સ્ટ્રીટમાં નગીન પટેલના મકાનમાં ભાડાની રૂમમાં રહેતી થાઈલેન્ડની યુવતી વનીદા બુર્સોન (ઉ.વ. ૨૬) ની રૂમમાંથી સળગીને ભડથું થયેલી લાશ રવિવારે સવારે મળી આવી હતી. વનીદાની હત્યા કે અકસ્માત મોતની મીસ્ટ્રી ઉકેલવા માટે પોલીસે એફએસએલ અને મેડીકલ ફોરેન્સિક એક્ષ્પર્ટ, ડીજીવીસીએલના અધિકારીઓ ઉપરાંત આજ રોજ ઈલેક્ટ્રીક ઈન્સ્પેક્ટરને સાથે રાખી રહેણાંક રૂમના વાયરીંગની ચકાસણી કરી હતી. લાશ મળ્યાના ૬૦ કલાકથી વધુનો સમય પસાર થઈ ગયો હોવા છતા હજી સુધી પોલીસ વનીદાની હત્યા કે અકસ્માત મોત અંગેના નિષ્કર્ષ ઉપર પહોંચી નથી. આ અંગે ડીસીપી વિધી ચૌધરીએ જણાવ્યું હતું કે હત્યા અને અકસ્માત મોત બંને દિશામાં તપાસ કરવામાં આવી રહી છે. રૂમમાંથી મળી આવેલા હુક્કા સહિત મોટા ભાગની વસ્તુઓને પૃથ્થકરણ માટે એફએસએલમાં મોકલવામાં આવી છે.

# સુમુલ ચૂંટણી : પ્રમુખપદે માનસિહ પટેલ અને ઉપપ્રમુખ પદે રાજુ પાઠક

સુરત : દક્ષિણ ગુજરાતની સૌથી મોટી ડેરી સુમુલ ડેરીમાં પ્રમુખ માનસિહ પટેલ અને ઉપપ્રમુખ રાજુ પાઠકના નામની જાહેરાત કરાઈ છે. આ પહેલા દક્ષિણ ગુજરાતની સૌથી મોટી સરકારી મંડળીના ૪૫૦૦ કરોડનો વહીવટ સંભાળવા માટે ડેરીની ૧૬ બેઠકોમાંથી ૧૪ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી, જેમાં કોઈ એક પક્ષને બહુમતી મળી ન હતી. જેમાં સત્તાધારી પેનલને ૮ અને સહકાર પેનલની ૮ બેઠકો પર જીત થઈ છે. સુમુલ ડેરીના આ ઈલેક્શનમાં ભાજપ વર્સિસ ભાજપનો જંગ હતો. સુમુલ ડેરીમાં વર્ચસ્વની લડાઈ લાંબા સમયથી ચાલી રહી હતી જેનો આજે અંત આવ્યો છે સુમુલ ડેરીની ચૂંટણીમાં ભાજપના નેતાઓ જ એક બીજા સામે લડી રહ્યા હતા. સમાધાન છતાં ક્રોસ વોટિંગ થયું હોવાની શક્યતા હતી. ચેરમેન રાજુ પાઠક અને પૂર્વ ચેરમેન માનસિંહ પટેલ આમને સામને હતા

# દેવું વધતા ટેક્સટાઈલ ઈજનેરે બંદૂકના નાળચે ૨૭.૪૬ લાખની લૂંટ ચલાવી

સુરત : સુરતથી અવધ ટ્રેન અને કાનપુરની બસમાં બેસીને યુપી વતન જવા નીકળ્યા દરમિયાન જ ઝડપાયેલા મુખ્ય આરોપી ટેક્સટાઈલ એન્જિનિયર આશિષ પાંડેએ ૫ લાખનું દેવું ઉતારવા યુપીથી મિત્રોને બોલાવી ખેલ પાડ્યો હતો. આશિષ પાંડેએ અંબિકા જ્વેલર્સને ત્યાં ૨ દિવસ રેકી કર્યા બાદ ઘટનાને અંજામ આપ્યો હતો. મુખ્ય આરોપી આશિષ પાંડે મૂળ રહે જોનપુર, ઉત્તરપ્રદેશ હાલ પરિવાર સાથે દહેજમાં રહેતો હતો. તે પરિવાર સાથે જ્વેલર્સને ત્યાં અવાર-નવાર જતો હતો.

કોરોનામાં નોકરી છૂટી જવા સાથે દેવું થઈ જતા રૂપિયા ૫ લાખના દેવામાંથી બહાર નીકળવા લૂંટનો પ્લાન બનાવ્યો હતો. ટેક્સટાઈલ એન્જિનિયર આશિષે વતનથી મિત્રો અજય પાંડે, સૂરજ યાદવ અને રિન્કુ યાદવને બોલાવ્યા હતા. પંચબત્તી ખાતે ટ્રાફિક ક્યારે ઓછો રહે છે? પોઈન્ટ પર પોલીસ રહેતી નથી? તે જાણી બપોરે ૨ કલાકે લૂંટને અંજામ આપ્યો હતો. જેમાં જ્વેલર્સ નિખિલ અને મહેશ પર ફાયરિંગ કરી સોનાની ૨૭ ચેઈન કિંમત રૂપિયા ૨૭.૪૬ લાખની લૂંટ ચલાવી ૩ આરોપી બાઈક પર લિક રોડ તરફ હવામા ફાયરિંગ કરતા મહમદપુરાથી દહેજ તરફ નાસી છૂટ્યા હતા. ભરૂચ જિલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમા, એલસીબી, એસઓજી, એફએસએલ, ડોગ સ્કવોર્ડ, બેલેસ્ટિક ટિમ સહિત વિશ્વાસ પ્રોજેક્ટની મદદથી સમગ્ર ગુનો ૪૮ કલાકમાં ઉકેલી ગયો છે. સુરતથી અવધ એક્સપ્રેસમાં આશિષ અને બીજો આરોપી કાનપુર જ્યારે અન્ય ૨ આરોપી બસ મારફતે ફરાર થવાના હતા.


LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
- CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS





# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારી

અમદાવાદઃ ગુજરાતમાં બેકાબૂ કોરોના વાયરસની વચ્ચે પણ ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ રાજકીય પ્રવાસો શરૂ કરીને ટોળા ભેગાં કરવાની શરૂઆત કરી દીધી છે એટલું જ નહીં કોરોના ગાઈડલાઈનનો પણ સરેઆમ ભંગ થઈ રહ્યો હોવાના ઉહાપોહ વચ્ચે પણ ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલના રાજકીય પ્રવાસ અને મેળાવડા ચાલી રહ્યાં છે, બીજી બાજુ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા પણ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના નવા સિમાંકનની જાહેરાતો થઈ છે એટલે હવે આગમી એક - બે મહિનામાં સ્થાનિક સ્વરાજ્યની રાજ્યવ્યાપી ચૂંટણી નક્કી થઈ શકે છે.

ગુજરાતની ભાજપ સરકાર દ્વારા પણ મતદારોની આકર્ષવા માટેની જૂની પણ નવા રેપર સાથેની નવી યોજનાઓ જાહેર કરવામાં આવી રહી છે. કૃષિ-મહેસૂલથી લઈ કાયદા સહિતની બાબતોમાં ફટાફટ અલગ અલગ નીતિઓ, નિર્ણયો અને યોજનાઓની જાહેરાતો કરી રહી છે. તો બીજી બાજુ ભાજપ અને કોંગ્રેસના નેતાઓના પ્રવાસો પણ ચાલુ થઈ ગયા છે. ચૂંટણીપંચના સૂત્રોએ કહ્યું હતું કે રાજ્યની છ મહાપાલિકાની હદ વધારતી જાહેરાત પછી પંચે નવા સીમાંકનનું કામ પૂર્ણ કર્યું છે. આ સાથે અનામત બેઠકો અને વોર્ડ રચનાના કામો પણ પૂર્ણ કર્યા છે. ધીમે ધીમે પ્રત્યેક મહાનગરમાં નવા સીમાંકનની પ્રાથમિક પ્રસિદ્ધિ કરવામાં આવશે. બીજી બાજુ રાજ્યમાં વિધાનસભાની ખાલી પડેલી આઠ બેઠકોની પેટાચૂંટણી કરવામાં આવશે. આ અંગેનું નોટિફિકેશન ૧૫મી સપ્ટેમ્બરની આસપાસ બહાર પડે એવી સંભાવના છે. જ્યારે નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં મહાનગર પાલિકાઓ તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી થશે.રાજ્યમાં બે જિલ્લા પંચાયતને બાદ કરતાં તમામ ૩૧ પંચાયતમાં અને ૨૫૦ તાલુકા પંચાયતમાં ચૂંટણી થવાની છે.ઉપરાંત મુદત પૂર્ણ થતી નગરપાલિકાની ચૂંટણીઓ પણ સાથે કરવામાં આવશે.

## ભાજપને હવે હાર્દિક પટેલનો ભય, સૌરાષ્ટ્રમાં પાટીદારોની બેઠકો શરૂ

અમદાવાદઃ ગુજરાતમાં ભાજપના પ્રદેશ પ્રમુખ પદે બિન પાટીદાર તેમ જ સરકારમાં પણ પાટીદારોના ઘટતા વજનનો મુદ્દો હવે કોંગ્રેસના પાટીદાર નેતા હાર્દિક પટેલે સમાજમાં વહેતો મૂકવાની શરૂઆત કરતા પાટીદારોની મનોમંથન બેઠકોનો દૌર હવે શરૂ થયો છે. રાજકોટ મનપાના એક કોર્પોરેટર અને જૂનાગઢના અનેક પાટીદાર કાર્યકરો ભાજપ છોડીને હાર્દિક પટેલના માર્ગદર્શનમાં કોંગ્રેસમાં જોડાયા બાદ સૌરાષ્ટ્રમાં ભાજપમાં પણ ભય ફેલાયો છે. રાજકોટના સરદારધામ ખાતે લેઉવા અને કડવા પાટીદાર સમાજના લોકોની એક બેઠક મળી હતી.


## કલાસીફાઇડ / Classified

**Live-in Caregiver-Nanny-Aya Needed**

Take care of 96 year old man and a 68 year old man. Duties include taking care of personal hygiene, feeding, guiding them to a bathroom etc. Expected to travel at 4 locations: Mississauga, Waterloo and Fenelon Falls (Ontario).

Call Pravin Patel @ 705-465-1337
Email at feneloninn@yahoo.com


અનુસંધાન પાના ૪નું ચાલુ

## ડ્રગ્સ કેસમાં રિયાને ગળે....

રિયાનો આક્ષેપ છે કે, સુશાંતની બહેનોએ ડો. તરૂણ કુમારની મદદથી બોગસ મેડિકલ પ્રિસ્ક્રિપ્શન તૈયાર કરીને સુશાંતને વોટ્સએપ પર મોકલાવ્યું હતુ. સુશાંત મુંબઈમાં હતો છતાં તેને દિલ્હીમાં આઉટપેશન્ટ બતાવીને પ્રીસ્ક્રીપ્શન લખાવાયું હતુ. દિલ્હીની ૨૪ સરકારી હોસ્પિટલોમાં ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવીને દર્દી હોસ્પિટલમાં આવ્યા વિના ડોક્ટરનું માર્ગદર્શન અને દવા મેળવી શકે તેવી વ્યવસ્થા કોરોનાના કારણે કરાઈ હતી. તેનો ગેરલાભ લઈને સુશાંતની બહેનોએ બનાવટી પ્રિસ્ક્રિપ્શન લખાવી લીધું એવો રિયાનો આક્ષેપ છે. આ પ્રિસ્ક્રિપ્શનમાં સુશાંતને એનઝાઈટીની દવાઓ લેવા કહેવાયું હતુ. રિયાનો આક્ષેપ છે કે, સુશાંતની બહેનોએ તેના મોતના પાંચ દિવસ પહેલાં જ વોટ્સએપ પર આ પ્રિસ્ક્રિપ્શન મોકલ્યું હતુ. આ દવા વોટ્સએપ પર લખી ના શકાય એવી છે છતાં તેની બહેને તેને દવાઓ લેવા કહ્યું હતુ. સુશાંતની બહેન પ્રિયંકાએ સુશાંત સાથેની વોટ્સએપ ચેટમાં આ દવાનો ઉલ્લેખ કર્યો છે. એક દવા અઠવાડિયા સુધી, બીજી દવા દરરોજ અને ત્રીજી દવા તેને એનઝાઈટીનો એટેક આવે ત્યારે આ લેવી તેનો ઉલ્લેખ છે જ, પણ રિયા બનાવટી પ્રિસ્ક્રિપ્શનની જે વાત કરે છે એ કેટલી સાચી છે તે આપણે ખબર નથી. વોટ્સએપ ચેટમાં એવો પણ ઉલ્લેખ છે કે, પ્રિયંકાએ સુશાંતને કહ્યું હતુ કે, મુંબઈના શ્રેષ્ઠ ડોક્ટરો પાસે તેની સારવાર કરાવશે અને બધું ખાનગી રહેશે. મુંબઈ પોલીસે આ ફરિયાદ નોંધીને સીબીઆઈને તપાસ માટે કેસ સોંપી દીધો છે. કેમ કે, સુપ્રીમ કોર્ટનું ફરમાન છે કે સુશાંતસિંહને લગતા તમામ કેસોની તપાસ હવે પછી સીબીઆઈ કરશે. આમ છતાં તપાસના દોરમાં તેનું પલડું હવે નાજુક બનતું જાય છે તે ચોક્કસ માની શકાય તેવી બાબત છે.

## રાજકોટમાં જૂના સ્ટોન કિલરની હત્યાનું કારણ સૃષ્ટિ વિરુદ્ધના કૃત્ય

રાજકોટઃ નવરંગપરામાં જૂના સ્ટોન કિલર મહેશ ઉર્ફે હરેશ પ્રજાપતિની હત્યાના મામલે પોલીસે મૃતકના ધર્મના પુત્ર અજીત સહિત ૨ શખ્સોની પોલીસે ધરપકડ કરી લીધી છે. પોલીસે આરોપી અજિત પાસેથી હત્યા કરવાનું કારણ જાણ્યું તો ચોંકી ગઈ હતી. આરોપી અજિતે જણાવ્યું કે મૃતક સ્ટોન કિલર ધર્મના પુત્ર અજિત સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરતો હોવાથી કંટાળી ગયો હતો, જેથી તેણે હત્યા કરી નાંખી હતી. હત્યામાં ત્રણ આરોપીઓ હોવાનું ખુલ્યું છે. પરંતુ હાલ પોલીસે બે શખ્સોની ધરપકડ કરી છે. તમને જણાવી દઈએ કે હત્યાનો ભોગ બનનાર મહેશ ઉર્ફ કાળીયો અગાઉ વર્ષ ૨૦૦૯માં ત્રણ ભિક્ષુકોની પથ્થર ફટકારી હત્યા કરવાના ગુનામાં સાગ્રીત બાદલ ભૈયા સાથે જે તે વખતે પકડાયો હતો. તેની હત્યા પણ પથ્થર ફટકારીને કરાઈ હતી.

## ગુજરાતની જેલોમાં સબડતાં વિદેશી કેદીમાં સૌથી વધુ ૬૧ પાકિસ્તાની

ગાંધીનગર : ગુજરાતની જેલોમાં સજા ભોગવી રહેલા પાકા કામના અને કાચા કામના અન્ડર ટ્રાયલ વિદેશી કેદીઓની કુલ સંખ્યા ૯૫ છે, જેમાં સૌથી વધુ ૬૧ પાકિસ્તાની કેદીઓ ગુજરાતની જેલોમાં બંધ છે, આખા દેશમાં ગુજરાતમાં જ પાકિસ્તાની કેદીઓની સંખ્યા સૌથી વધુ છે, એ પછી બીજા ક્રમે પંજાબમાં ૩૩ પાકિસ્તાની કેદી અને ત્રીજા ક્રમે ઉત્તરપ્રદેશમાં ૨૮ અને ચોથા ક્રમે જમ્મુ-કાશ્મીરની જેલોમાં ૨૫ કેદી, રાજસ્થાનની જેલમાં ૧૧ કેદી બંધ છે. ગુજરાતમાં વિદેશી કેદીઓમાં બીજા ક્રમે નાઈજીરિયાના ૧૨ અને ત્યાર બાદ બાંગ્લાદેશના ૭ કેદી જેલોમાં બંધ છે. નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યૂરો (એનસીઆરબી)ના વર્ષ ૨૦૧૯ના લેટેસ્ટ રિપોર્ટમાં આ માહિતી બહાર આવી છે. એનસીઆરબીએ ૩૧મી ડિસેમ્બર ૨૦૧૯ની સ્થિતિના આ આંકડા આપ્યા છે.

## ગુજરાતમાં કોરોનાના કેર વચ્ચે નવરાત્રિના ગરબાને મંજૂરી આપવા માંગણી

અમદાવાદઃ ગુજરાતમાં સરકાર નવરાત્રિના ગરબાને પણ સોસિયલ ડિસ્ટન્સિંગ સહિતની શરતો સાથે મંજૂરી આપે એવી માંગણી ઉઠી રહી છે. બીજી બાજુ દર વર્ષે પાર્ટી અને કલબ દ્વારા યોજાતા જાહેર ગરબાને પણ મંજૂરી મેળવવા માટેની રજૂઆત સરકાર સમક્ષ થઈ રહી છે. રાજકોટમાં ગરબા એસોસિએશને મુખ્ય પ્રધાન વિજય રૂપાણીને પત્ર લખીને ગરબા ફિટનેસ ક્લાસ ચાલુ કરવાની પરવાનગી આપવા માગ કરી છે. રાજકોટમાં ગરબા ક્લાસિસ પર પાંચ હજાર કરતા વધુ લોકોની રોજીરોટી ચાલે છે. આ સાથે જ પત્રમાં જણાવ્યું છે કે જો ગરબા ક્લાસિસ ચાલુ થશે તો કોરોના કાળ દરમિયાન લોકોને મેન્ટલ ટ્રેસમાંથી પણ લોકોને મુક્તિ મળશે. જિમ, એરોબિક્સ, યોગા ક્લાસ અને ફિટનેસ ક્લાસને પરવાનગી આપવામાં આવી છે.

# કુરાન મજીદના પ્રકરણ (સુરાહ) "અલ રહમાન" (અત્યંત કૃપાવંત) વિષે વિશેષ જાણકારી

ભાગ-૧

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના કુલ ૧૧૪ પ્રકરણો (સુરાહો) છે. તેમાં ૫૫ મા પ્રકરણ (સુરાહ)નું નામ "અલ રહમાન" (અત્યંત કૃપાવંત- અતિ દયાળુ) છે. આ પ્રકરણ (સુરાહ)માં કુલ ૭૮ શ્લોકો (આયતો) છે. આ સુરાહ અલ રહમાનની વિશિષ્ઠા એ છે કે તેના કુલ ૭૮ શ્લોકો (આયતો)માં ૩૧ શ્લોકો (આયતો) બિલ્કુલ એક જેવા જ છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે કુલ ૭૮ શ્લોકો (આયતો)માં એકજ પ્રકારનો અને એક જેવા જ શબ્દો વાળા એક શ્લોક (આયાત)નું ૩૧ વાર પુનરાવર્તન અન્ય શ્લોકોની વચ્ચે થાય છે.

આ રીતે પુરા કુરાન મજીદના ૧૧૪ પ્રકરણો (સુરાહો)માં કેવળ આ ૫૫મી સુરાહ અલ રહમાન જ એક એવી સુરાહ છે, જેમાં એક જ પ્રકારના શ્લોક(આયત) નું ૩૧ વાર પુનરાવર્તન થાય છે. આ ખાસ શ્લોક (આયત) પહેલીવાર ૧૩માં શ્લોક (આયત) તરીકે અને ૩૧મી વાર ૭૭માં શ્લોક (આયત) તરીકે આવી રહ્યો છે. આ ખાસ શ્લોક (આયત)નું ગુજરાતી ભાષાંતર આ પ્રમાણે છે :-

"તો પછી (હે જીન્નાતો તથા હે મનુષ્યો),તમે બંને પોતાના પાલનહાર (રબ)ના કયા કયા ઉપકારોનો ઈન્કાર કરશો ?" (પ્રકરણ ૫૫, શ્લોક ૧૩ તથા અન્ય શ્લોકો)

ગુજરાતી ભાષાંતર ધરાવતા એક બીજા કુરાન મજીદમાં આ શ્લોકનું ગુજરાતી ભાષાંતર આ પ્રમાણે કરવામાં



**મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત**

આવેલ છે.

"છતાં તમે બંન્ને (હે જીન્નાતો અને મનુષ્યો), તમારા પરવરદિગાર (રબ)ની કઈ કઈ બક્ષિસો (નેઅમતો)ને જુઠાડશો ?" (પ્રકરણ ૫૫, શ્લોક ૧૩ તથા અન્ય શ્લોકો)

૭૮ શ્લોકો (આયતો) ધરાવતા આ સુરાહ અલ રહમાનમાં પાલનહાર અલ્લાહે પોતાના વર્ચસ્વ, ક્રિયાશક્તિ, બક્ષિસો, કૃપાઓ (મહેરબાનીઓ) તથા ઉપકારોનું તથા સ્વર્ગ (જન્નત) અને નર્ક (જહન્નમ)નું વર્ણન કરેલ છે. અને આ વર્ણનની સાથે સાથે આ ચોક્કસ અને ખાસ શ્લોક (આયત) જીન્નાતો ને તથા મનુષ્યોને સંબોધીને એક સ્મૃતિ પત્ર (યાદ દેવડાવનાર) તરીકે ૩૧ વાર

**ઈસ્લામની આરસી**
**કાસિમ અબ્બાસ**

કહેવામાં આવેલ છે.

ઉર્દુ ભાષાના પ્રખર અને નામાંકિત કવિ જોશ મલિહાબાદી એ કુરાન મજીદના ૫૫માં પ્રકરણ (સુરાહ) અલ રહમાનનો ઉર્દુ ભાષામાં પદ્યમય ભાવાનુવાદ કરેલ છે, અને આ ખાસ શ્લોકનું પદ્યમય ભાવાનુવાદ આ પ્રમાણે કરેલ છે.

"કબ તક આખર અપને રબ કી નેઅમતેં ઝુટલાયેગા ?"

(ગુજરાતી ભાષામાં પદ્યમય ભાવાનુવાદ :

"ક્યાં સુધી આખરે તુજ પાલનહારની બક્ષિસોનો ઈન્કારી રહીશ સદા ?" )

કવિ જોશ મલિહાબાદી એ કરેલ સુરાહ અલ રહમાનના ઉર્દુ ભાષામાંના પદ્યમય ભાવાનુવાદ માંથી પાંચ પંક્તિઓ આ પ્રમાણે છેઃ-

"ફુલો મેં ખુશ્બુ ભરી, જંગલ કી બુટી મે દવા,
બહેર સે મોતી નીકાલે, સાફ, રોશન, ખુશ્નુમા,
આગસે શોઅલા નીકાલા, અબ્રસે આબે સફા,
કીસસે હો સકતા હે ઈસ્કી બખ્શીશોં કા હક અદા,
કબ તક આખર અપને રબકી નેઅમતે ઝુટલાયેગા ?"

ઉપર આપેલ પાંચ પંક્તિઓનું ગુજરાતી ભાષામાં પદ્યમય ભાવાનુવાદ આ પ્રમાણે છે, જે લેખકે (મેં પોતે) કરેલ છે :-

"પુષ્પોમાં સોડમ ભરી, વનની વનસ્પતિમાં દવા,
સમુદ્રથી મોતી કાઢ્યા, સ્વચ્છ, સુંદર, ચમકતા,
અગ્નિથી જ્યોતિ કાઢી, ગગનથી સ્વચ્છ પાણીની વર્ષા,
કોનાથી થઈ શકે છે તેની બક્ષિસોનું કર્તવ્ય અદા,
ક્યાં સુધી આખરે તુજ પાલનહારની બક્ષિસોનો ઈન્કારી રહીશ સદા? "

ઉર્દુ ભાષામાં સુરાહ અલ રહમાનનો પદ્યમય ભાવાનુવાદ કરતા સમયે કવિ જોશ મલિહાબાદી એ સુરાહ અલ રહમાનના શ્લોકો (આયતો)ને ક્રમવાર નથી લીધા, પરંતુ ખુલાસા રૂપે આ સુરાહમાં કહેવામાં આવેલ પાલનહાર અલ્લાહની સર્વે ક્રિયા શક્તિઓ,કૃપાઓ, બક્ષિસો વગેરેનો એકંદરે પોતાની પંક્તિઓમાં (વગર ક્રમે) સમાવેશ કરી લીધેલ છે.

ક્રમશઃ

# સોમનાથ-અંબાજી સહિતના મંદિરોમાં દાનની આવકમાં ૫૦%થી વધુનો ઘટાડો

**• અનલોક બાદ મંદિરોમાં ૫૦%થી વધુ દર્શનાર્થીઓ ઘટયા**



અમદાવાદ: અનલોક અંતર્ગત ધાર્મિક સ્થાનોને ખોલવાની મંજૂરી આપવામાં આવી છે. આમ છતાં મંદિરના દર્શનાર્થીઓ અને આવકમાં ઘટાડો થયો છે. પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મંદિરમાં કોરોના અગાઉના સમય કરતાં ૫૦ ટકાથી વધુ દર્શનાર્થીઓ ઘટી ગયા છે. આ ઉપરાંત સોમનાથ મંદિરમાં દર્શનાર્થીઓ દ્વારા કરવામાં આવતા દાનના પ્રમાણમાં પણ ઘટાડો નોંધાયો છે. અગાઉ સોમનાથ મંદિરની મહિનાની આવક સરેરાશ રૂપિયા૩.૫૦ કરોડથી વધુ હતી. પરંતુ હવે મંદિરના દ્વાર ખોલવામાં આવ્યા ત્યારથી ઓગસ્ટ માસ સુધી મંદિરને મંહિનાની કુલ આવક ૫૦ ટકાથી વધુ ઘટી ગઈ છે. જ્યારે અંબાજીમાં હાલ દરરોજના સરેરાશ ૩ હજારથી વધુ દર્શનાર્થીઓ આવી રહ્યા છે. મંદિરમાં કોરોના અગાઉ દરરોજના ૭ હજારથી વધુ દર્શનાર્થીઓ આવતા હતા જેમાં હવે ૫૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. અંબાજી મંદિરમાં ૧ એપ્રિલ ૨૦૨૦થી ૩૦ જૂન ૨૦૨૦ સુધી રૂપિયા ૧.૯૪ લાખનું ગોલ્ડ ડોનેશન આવ્યું છે. આ ઉપરાંત મંદિરની વર્ષ ૨૦૧૮-૧૯ની આવક રૂપિયા ૫૧.૫૭ કરોડ હતી. પરંતુ ૧ એપ્રિલ ૨૦૨૦થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૦ સુધી મંદિરની આવક રૂપિયા ૪.૩૬ કરોડ નોંધાઈ છે.

# કલોલ સાંતેજ નજીક હાઈટેન્શન તારના કરંટથી પાંચ મજૂરો ભડથું

અમદાવાદ: કલોલ તાલુકામાં સાંતેજ નજીક સાંતેજ-વડસર રોડ પરની મિલન એસ્ટેટમાં હાઈટેન્શન લાઈનના વીજકરંટથી અમદાવાદના ચાર અને ઝારખંડના એક મળી કુલ પાંચ શ્રમિકનાં પાંચ સેકધડમાં જ મોતની અરેરાટીભરી ઘટના બની હતી.

આઠ શ્રમિક ૨૨ ફૂટ ઊંચો લોખંડનો ઘોડો લઈ જતા હતા ત્યારે ઉપરથી પસાર થતા ૧૧ હજાર વોલ્ટના હાઈટેન્શન વાયરને ઘોડો અડી ગયો હતો. જેને પગલે જોરદાર કરંટ પસાર થતાં પાંચ શ્રમિકનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં જ્યારે ત્રણ શ્રમિક દાઝી ગયા હતા. આ ઘટનાની જાણ થતાં સાંતેજ પોલીસ અને કલોલ મામલતદાર ઘટનાસ્થળે દોડી ગયા હતા. પોલીસે પાંચેય મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા જ્યારે દાઝી ગયેલા ત્રણ શ્રમિકને પ્રાથમિક સારવાર અપાઈ હતી. સાંતેજ પોલીસે સમગ્ર મુદ્દે અકસ્માતે મોતની નોંધ કરીને કાર્યવાહી હાથ ધરી હતી. છેલ્લા એકાદ મહિનાથી વધુ સમયથી બની રહેલી ફેક્ટરીમાં આ મજૂરો સાથે કામ કરતા હતા. મૃતકોમાં કાર્તિક બીસે (ઉ.વ.૧૮), મહેશ દુલેરા (ઉ.વ.૩૫), ભાવુજી ઠાકોર (ઉ.વ. ૩૨), પંકજ વાણિયા (ઉ.વ. ૩૫. ) અને બજરંગીરાય રાય (ઉ.વ. ૨૫.)નો સમાવેશ થાય છે.

# નવી શિક્ષણ નીતિના અમલ માટે ગુજરાતમાં ટાસ્કફોર્સ કમિટી રચાઈ

**• કેન્દ્ર સરકારે નવી શિક્ષણ નીતિમાં સ્કૂલ શિક્ષણ પર ભાર મુક્યો**

અમદાવાદ: કેન્દ્ર સરકાર દ્વારા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મંજૂર કરાયા બાદ રાજ્ય સરકારે નવી શિક્ષણ નીતિનો અમલ કરનારૂ ગુજરાત પહેલુ રાજ્ય બનશે તેવી જાહેરાત કરી છે ત્યારે નીતિના અમલ માટે ટાસ્કફોર્સ કમિટીની રચના કરવામા આવી છે.

નવી નેશનલ એજ્યુકેશન પોલીસી અંતર્ગત ઉચ્ચ શિક્ષણને લગતી તમામ નવી જોગવાઈઓનો કઈ રીતે ઝડપથી અમલ થાય અને રાજ્યમાં તબક્કામાં કેવી રીતે અને કેટલા સમયમાં અમલ કરી શકાય તે માટેનો રોડમેપ તૈયાર કરવા સરકારે આ ટાસ્કફોર્મ સમિત રચી છે.

આ સમિતિના ચેરમેન તરીકે શિક્ષણમંત્રી રહેશે અને અન્ય ૧૨ કમિટી મેમ્બર નિમવામા આવ્યા છે. જેમાં જીટીયુના કુલપતિ, ગુજરાત યુનિ.ના કુલપતિ તથા આઈઆઈટીના ડાયરેક્ટર અને અન્ય કેટલીક પ્રાઈવેટ યુનિ.ના કુલપતિઓ તેમજ સંચાલકોને નિમવામા આવ્યા છે. આ કમિટીમાં મેમ્બર તરીકે હાયર એજ્યુકેશન ડાયરેકટર પણ રહેશે અને એક સાયન્સ કોલેજના આચાર્ય તથા કેસીજી એડવાઈઝર પણ છે.

# સેક્સ રેશિયોમાં ગુજરાતનાં શહેરો તળિયે

ગાંધીનગર: શહેરી વિસ્તારના સેક્સ રેશિયામાં ગુજરાત દેશમાં તળીયે છે. દેશમાં દિલ્હી પછી સૌથી ખરાબ સ્થિતિ ગુજરાતની છે. દેશમાં શહેરી વિસ્તારનો સરેરાશ સેક્સ રેશિયો ૯૧૪ છે જ્યારે ગુજરાતનો માત્ર ૮૪૩ છે. આમ દેશના ૨૨ મોટા રાજ્યોમાં ગુજરાતનો ૨૧મો ક્રમાંક આવે છે. દિલ્હીમાં શહેરી વિસ્તારમાં સેક્સ રેશિયો સૌથી નબળો ૮૦૪ છે. જુલાઈ-૨૦૧૭થી જૂન-૨૦૧૮ દરમિયાન યોજાયેલ આ સરવે પ્રમાણે, દેશના સરેરાશ સેક્સ રેશિયો કરતાં પણ ગુજરાતની હાલત ખરાબ છે.

દેશનો સરેરાશ સેક્સ રેશિયો ૯૨૭ છે ત્યારે ગુજરાતનો સેક્સ રેશિયો ૯૧૧ જ છે. ગુજરાતના શહેરી વિસ્તારમાં પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓનું પ્રમાણ ઘણુ ઓછુ છે. ગુજરાતના શહેરી વિસ્તારમાં ૧ હજાર પુરૂષોએ માત્ર ૮૪૩ સ્ત્રીઓ છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં આ આંકડો ૯૫૬ છે.

કેરળ, હિમાચલ પ્રદેશ, તામિલનાડું અને આંધ્રપ્રદેશ એવા રાજ્યો છે કે જ્યાં પુરૂષો કરતાંય સ્ત્રીઓનું પ્રમાણ વધુ છે. જેમાં સૌથી વધુ કેરળમાં દર હજાર પુરૂષોએ ૧,૦૪૮ સ્ત્રીઓ છે. કેરળ એકમાત્ર રાજ્ય એવુ છે કે જ્યાં શહેરી વિસ્તારનો સેક્સ રેશિયો ગ્રામ્ય વિસ્તાર કરતાં વધુ છે. આ રાજ્યમાં હજાર પુરૂષોએ સ્ત્રીની સંખ્યા ૧,૦૬૫ છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં આ સંખ્યા ૧,૦૩૫ છે. આ સિવાય તામિલનાડુમાં શહેરી વિસ્તારમાં હજાર પુરૂષોએ સ્ત્રીની સંખ્યા ૧,૦૧૨ અને ગ્રામ્ય વિસ્તારમાં આ સંખ્યા ૧,૦૧૬ છે. જોકે આખા રાજ્યને સેક્સ રેશિયો ૧,૦૧૪ છે.

**આ રાજ્યોનો સેક્સ રેશિયો ગુજરાત કરતાં ઊંચો**

| રાજ્ય | સેક્સ રેસિયો |
|---|---|
| કેરળ | ૧૦૪૮ |
| હિમાચલ પ્રદેશ | ૧૦૩૦ |
| તામિલનાડું | ૧૦૧૪ |
| આંધ્રપ્રદેશ | ૧૦૦૩ |
| તેલંગણા | ૯૮૪ |
| પશ્ચિમ બંગાળ | ૯૬૩ |
| ઓરિસ્સા | ૯૪૯ |
| છત્તીસગઢ | ૯૩૯ |
| ઝારખંડ | ૯૩૦ |
| ઉતરાખંડ | ૯૨૭ |
| મહારાષ્ટ્ર | ૯૨૦ |
| ઉત્તર પ્રદેશ | ૯૧૮ |
| રાજસ્થાન | ૯૧૨ |

# કોરોનાને કારણે રાજ્યમાં 5 હજાર ઈવેન્ટ કંપનીઓને રૂ. 22 હજાર કરોડનું નુકસાન

કોરોના મહામારીના કારણે લગ્ન સહિત ઈવેન્ટ સાથે જોડાયેલા વ્યવસાયને સૌથી મોટું ગ્રહણ લાગ્યુ હોવાના અહેવાલ મળી રહ્યા છે. ઈવેન્ટ કંપનીઓ, કેટરીગ કંપનીઓ અને ડેકોરેશન કંપનીઓને અંદાજીત ૨૨ હજાર કરોડનુ નુકશાન થયું હોવાની માહિતી મળી રહી છે. ગુજરાતમાં ૫૦૦૦ જેટલી ઈવેન્ટ કંપનીઓ આવેલી છે. આ કંપનીઓમાં અંદાજે ૩ લાખ લોકોને રોજગારી મળે છે, પરંતુ કોરોનાના કારણે તમામ લોકો બેકાર બન્યા છે, એટલું જ નહીં, ભારતના અર્થતંત્રને ધબકતું રાખવા માટે મહત્વપૂર્ણ ભાગ ભજવતી ઈવેન્ટ કંપનીઓ બંધ રહેવાથી દેશને મોટો આર્થિક ફટકો પડ્યો છે.

ઈવેન્ટ સાથે જોડાયેલા વ્યવસાયને કોરોનાનું ગ્રહણ લાગતા રાજ્ય સહિત દેશને મોટો ફટકો પડ્યો છે, સાથે આ કંપનીઓમાં કામ કરતા ૩ લાખ લોકો બેરોજગાર બન્યા છે. ગુજરાતમાં ૫ હજાર ઈવેન્ટ કંપનીઓ આવેલી છે. જેમાં મુખ્યત્વે કેટરિંગ, ડેકોરેશન, ઈવેન્ટ કંપનીઓનો સમાવેશ થાય છે. આ કંપનીઓથી ૩ લાખ જેટલા લોકોને રોજગારી મળે છે. એક અંદાજ પ્રમાણે ૫ મહિનામાં લાગેલ લોકડાઉનના કારણે અંદાજિત ૫ હજાર કરોડનુ નુકશાન વેઠવાનો વારો આવ્યો હોવાનું મનાય છે.

લગ્ન પ્રસંગો સાથે સૌથી વધારે સંકળાયેલા કેટરીંગના ધંધાની પણ હાલત મરી પરવારી છે. તમામ પ્રકારના કેટરીંગ હાલના તબ્બકે બંધ છે. સરકારે અનલોક ૪માં લગ્નપ્રસંગોમાં ૫૦ ટકાની છૂટછાટ આપી છે, પરંતુ ૫૦ ટકા છુટછુટમાં ના તો કેંટરીગ વાળાને પોસાઈ છે, ન તો સામે વાળા વ્યક્તિઓને. જેના કારણે કેટરિંગના ધંધા સાથે જોડાયેલા લોકોને બૂમારાળ કરી રહ્યા છે. એક અંદાજ પ્રમાણે કેટરિંગ સાથે જોડાયેલ ૨૫ લાખ લોકો બેરોજગાર હોવાનું મનાઈ રહ્યું છે.

# PASAમાં સુધારાને આવકાર પરંતુ અસરકારક અમલ જરૂરી : હાઇકોર્ટ

**• ચીફ જસ્ટિસની ડિવીઝન બેન્ચનું અવલોકન**

અમદાવાદ- પાસા(પ્રિવેન્શન ઓફ એન્ટિ સોશિયલ એક્ટિવિટીઝ)માં રાજ્ય સરકારે કરેલાં સુધારાઓને આવકારમાં આવે છે પરંતુ તેનો અસરકારક અમલ થાય તે પણ જરૂરી છે. ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ જે.બી. પારડીવાલાની નોંધ્યું છે કે હાઈકોર્ટના સિંગલ જજે અગાઉ ૨૦૧૫માં પણ પાસાના યોગ્ય અમલીકરમ અંગે સલાહ આપી હતી પરંતુ આ સલાહો આદેશ ન હોવાથી તેના પ્રત્યે સરકારે ધ્યાન આપ્યું નહોતું. કોર્ટે સરકારને ૨૦૧૫માં આપેલી સલાહોનો અભ્યાસ કરવા ફરી અપીલ કરી છે, જેથી આ કાયદાનો અસરકારક અમલ થાય અને તેની જોગવાઈઓનો દુરૂપયોગ પણ ટળે.

આ કેસની વિગત એવી છે કે અમદાવાદમાં કરિયાણાની દુકાને રૂપિયા એક હજારની ખંડણી માગવાના તેમજ રિક્ષામાં મુસાફરી કરી રિક્ષાચાલકે પૈસા માગતા તેને છરી બતાવી તેને માર મારવાના કેસમાં વિજય ભરતભાઈ પટ્ટણી સામે ૭-૪-૨૦૨૦ના રોજ પાસા હેઠળ અટકાયતનો હુકમ કરવામાં આવ્યો હતો. સિંગલ જજે આ વ્યક્તિની અરજી ફગાવતા ડિવીઝન બેન્ચમાં અપીલ કરવામાં આવી હતી.

# ગુજરાતમાં ખોટી રીતે જમીન પચાવી વેચી દેનારા ભૂમાફિયાને સાત વર્ષ કેદની સજા થશે

ગાંધીનગર: લોકોની ખોટા નામે જમીન પચાવી પાડીને બીજાને વેચાણ કરનાર ભૂમાફિયા તત્ત્વો સામે વિધાનસભામાં સુધારા વિધેયક મુકાશે. તેના અંતર્ગત ૭ વર્ષની કેદ અને મિલકતની બજાર કિંમત જેટલા દંડનું કડક સજાની જોગવાઈ કરાઈ છે. મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ દસ્તાવેજ નોંધણી કામગીરી ચોકસાઈપૂર્ણ, પારદર્શી અને ભૂલચૂક વગરની સરળ બનાવવા ભારતીય રજિસ્ટ્રેશન અધિનિયમ ૧૯૦૮ની કેટલીક જોગવાઈઓમાં સુધારા સૂચવતું ગુજરાત સુધારા વિધેયક ૭/૨૦૨૦ જે વિધાનસભામાં મુકાયું છે તે આગામી વિધાનસભા સત્રમાં ચર્ચાને અંતે મંજૂર કરી કાયદો બનાવવાનો નિર્ણય કર્યો છે.

છેલ્લા બે દાયકામાં ગુજરાતના સર્વાંગી વિકાસને કારણે રાજ્યમાં આર્થિક, સામાજિક અને વ્યાપારી અને ખેતીવાડીની પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વધારો થયો છે.

# ગુજરાતમાંથી દરરોજ ૧ કરતાં વધુ વિદ્યાર્થી આત્મહત્યા કરે છે

**• વિદ્યાર્થીઓની આત્મહત્યામાં ગુજરાત છઠ્ઠા ક્રમે**

અમદાવાદ- ભાર વિનાના ભણતરનો દાવો ભલે કરવામાં આવતો હોય પણ વાસ્તવિક સ્થિતિ તદ્દન અલગ હોય તેમ જણાય છે. ગુજરાતમાંથી એક વર્ષમાં ૫૭૫ વિદ્યાર્થીએ આત્મહત્યા કરી છે. જેમાં ૨૬૬ વિદ્યાર્થી-૩૦૯ વિદ્યાર્થીનીનો સમાવેશ થાય છે. આ સ્થિતિએ ગુજરાતમાં દરરોજ સરેરાશ ૧ કરતાં વિદ્યાર્થી પોતાનું જીવન ટૂંકાવે છે. એક જ વર્ષમાં સૌથી વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હોય તેમાં ગુજરાત છઠ્ઠા સ્થાનનું રાજ્ય છે. ૨૦૧૯ના અહેવાલ પ્રમાણે સમગ્ર દેશમાંથી ૫૫૬૨ વિદ્યાર્થી-૪૭૭૨ વિદ્યાર્થીની-૧ ટ્રાન્સજેન્ડર એમ કુલ ૧૦૩૩૫ દ્વારા આત્મહત્યા કરવામાં આવી છે. જેમાં મહારાષ્ટ્રમાંથી સૌથી વધુ ૧૪૮૭ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરીને જીવન ટૂંકાવવામાં આવ્યું છે. સૌથી વધુ વિદ્યાર્થીઓ દ્વારા આત્મહત્યા કરવામાં આવી હોય તેમાં ૯૨૭ સાથે મધ્ય પ્રદેશ બીજા અને ૯૧૪ સાથે તમિલનાડુ ત્રીજા સ્થાને છે. વર્ષ ૨૦૧૯માં સમગ્ર દેશમાંથી કુલ ૧૦૩૩૫ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી, જે છેલ્લા ૨૫ વર્ષમાં સૌથી વધુ છે. ૧ જાન્યુઆરી ૧૯૯૫થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ સુધી સમગ્ર દેશમાંથી ૧.૭૦ લાખ વિદ્યાર્થીઓ આત્મહત્યા કરીને જીવન ટૂંકાવી ચૂક્યા છે.

# બાગાયતી પાકોનું ઉત્પાદન વધી ૧૯૫ લાખ મેટ્રીક ટન

સુરત- ગુજરાતમાં પહેલા બાગાયતી પાકોનું ઉત્પાદન ૧૮.૩૦ લાખ મેટ્રીક ટન હતું, જે હવે વધીને ૧૯૫ લાખ મેટ્રીક ટન થઈ ગયું છે. આથી શાકભાજી અને ફળોનો બગાડ ન થાય તે માટે કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહિત કરવામાં આવે છે, એમ ફળો અને શાકભાજી માટે કોલ્ડ સ્ટોરેજમાં તકો વિષય ઉપરના વેબિનારમાં હોર્ટીકલ્ચર, સુરતના ડેપ્યુટી ડિરેક્ટર દિનેશ પડાલિયાએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, કેટલાક ફળોને કોલ્ડ સ્ટોરેજમાં કુદરતી રીતે ઈથેલિન ગેસથી પકવવામાં આવે છે. અત્યારે કુલ ૪૮૧ જેટલા કોલ્ડ સ્ટોરેજ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ઉપલબ્ધ છે અને એમાંથી ૨૭૫ કોલ્ડ સ્ટોરેજ માત્ર બટાકા માટે અને બાકીના અનાજ-કરીયાણું, કઠોળ, સફરજન, લીંબુ તથા અન્ય ફળો માટે ઉપયોગમાં લેવાય છે. આ સેકટરને બિઝનેસનું ભવિષ્ય ઘણું સારું છે. આ સવસ યુનિટ છે અને આખું વર્ષ સ્ટેબલ રીતે ચાલી શકે છે. કોલ્ડ સ્ટોરેજ ન હોવાને કારણે શાકભાજી અને ફળોમાં ૧૫થી ૧૬ ટકાનું નુકસાન થાય છે.

# મહારાષ્ટ્રમાં કોરોનાના ૨૩,૪૪૬ કેસ : ૪૪૮ના મોત

• મુંબઈમાં ૨,૩૭૧ નવા દર્દી સાથે કોરોનાના દર્દીની સંખ્યા ૧,૬૩,૧૧૫

મુંબઈઃ રાજ્યમાં ગુરુવારે કોરોનાના નવા દર્દીની નોંધણીનો ઉચ્ચ આંકડો નોંધાયો હતો અને ૨૪ કલાકમાં ૨૩,૪૪૬ નવા દર્દી સાથે જ કોરોના ગ્રસ્તોની સંખ્યા ૯,૯૦,૭૯૫ પર પહોંચી હતી. રાજ્યમાં સૌથી વધુ કોરોના દર્દી પુણે મનપા વિસ્તારમાં ૨,૯૬૯ નોંધાયા હતા જ્યારે મુંબઈ મહાનગરપાલિકા વિસ્તારમાં ૨,૩૭૧, પુણે ગ્રામીણમાં ૧,૮૦૨ પિંપરી-ચિંચવડમાં ૧,૧૬૮, અને નાગપુરમાં ૧,૩૧૬ નવા દર્દી નોંધાયા હતા. આ સાથે મુંબઈ સર્કલમાં ૫,૮૩૬ અને પુણે સર્કલમાં ૭,૬૪૪ નવા દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૪,૨૫૩ દર્દી સાજા થઈને ઘરે જતાં ડિસ્ચાર્જ થનારા દર્દીની સંખ્યા ૭,૦૦,૭૧૫ થઈ છે. રાજ્યમાં ૨,૬૧,૪૩૨ એક્ટિવ કેસ છે. રાજ્યમાં કોરોનાને કારણે ૪૪૮ મોત થયા હતા, જેમાંથી મુંબઈમાં -૩૮, મુંબઈ સર્કલના ૯૨, નાશિક સર્કલના ૫૧, પુણે સર્કલના -૧૩૬, કોલ્હાપુર સર્કલના -૬૪, ઔરંગાબાદ સર્કલના -૨૨, લાતુર -૧૫, આકોલા -૧૨, નાગપુર -૫૨ અને અન્ય રાજ્યના ચાર કોરોના દર્દીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્યમાં મુંબઈ અને આસપાસના શહેરોમાં કોરોનાની સંખ્યાઃ મુંબઈ -૧,૬૩,૧૧૫ થાણે શહેરમાં -૩૦,૧૯૨, થાણે ગ્રામીણમાં -૨૨,૯૯૧, નવી મુંબઈમાં ૩૨,૪૯૬, કલ્યાણ-ડોંબિવલીમાં ૩૭,૦૭૩, મીરા-



## બિહારના ડોક્ટરે બનાવેલી ટેસ્ટ કિટ ૯૮% સફળ

એક તરફ આખી દુનિયા કોરોના સામે જંગ લડી રહી છે ત્યારે બિહારના પૂર્ણિયના લાલ યુવા વૈજ્ઞાનિક ડો અભિનવ શ્રેષ્ઠ ઝા અને તેમની ટીમે દેશની પહેલી સ્વદેશી એન્ટીબોડી કોરોના ટેસ્ટ કિટની શોધ કરી છે. માનવામાં આવી રહ્યું છે કે ભારતીય ચિકિત્સા અનુસંધાન પરિષદ એટલે કે આઈસીએમઆરથી આ કિટને મંજૂરી આપી હતી. ખાસ વાત તો એ છે કે આ કિટ ૯૮ ટકા સુધી સફળ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આમાં પોસ્ટ કોરોનાથી લઈને વર્તમાનમાં કોરોના પોઝિટિવ સુધી જાણી શકાય છે. ડો. અભિનવે કહ્યું કે આ કિટના માધ્યમથી બે ટીપા લોહીની તપાસ થાય છે. જેનાથી જાણી શકાય છે કે વ્યક્તિ કોરોના પોઝિટિવ છે કે નહીં. એટલું જ નહીં જો વ્યક્તિ પહેલા કોરોના પોઝિટિવ હોય તો તેના શરીરમાં એન્ટીબોડી વિકસીત થઈ છે કે નહીં તે પણ જાણી શકાય છે.

## મુંબઈના મેયર કિશોરી પેડણેકરનો એન્ટિજન કોરોના રિપોર્ટ પોઝિટિવ

મુંબઈઃ મુંબઈના મેયર કિશોરી પેડણેકરનો એન્ટિજન ટેસ્ટનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આજે હવે તેમનો સ્વેબ ટેસ્ટનો રિપોર્ટ આવવાનો છે. કિશોરી પેડણેકરનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ તેઓ હોમ ક્વોરન્ટાઈન થઈ ગયા છે. રિપોર્ટ પોઝિટિવ છે પણ તેમના કોરોનાના કોઈ લક્ષણ જણાતા ન હોવાનું તેમણે સોશિયલ મિડિયા પર જણાવ્યું હતું. મેયર બંગલામાં રહેલા લગભગ ૪૧ કર્મચારીઓના એન્ટિજન ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાં ફક્ત મેયર કોરોના પોઝિટિવ આવ્યા હતા. મુંબઈમાં જ્યારથી કોરોનોનો પહેલો દર્દી મળ્યો ત્યારથી મેયર સતત ફિલ્ડ પર રહ્યા છે. અનેક હૉસ્પિટલની મુલાકાત, આરોગ્ય સુવિધાનો અહેવાલ લેવાની સાથે જ અનેક વખતે તેમણે કોરોના હેલ્થ સેન્ટરની પણ મુલાકાત લીધી હતી. એપ્રિલ મહિનામાં નાયર હૉસ્પિટલની મુલાકાત લઈને તેમણે ત્યાં ભણી રહેલી નર્સિંગના વિદ્યાર્થીઓનું મનોબળ પણ વધાર્યું હતું.

## કોરોનાની વેક્સિન ટ્રાયલને ફટકો, સિરમે ભારતમાં ટ્રાયલ અટકાવી દીધું

પૂણે : સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (એસઆઈઆઈ)એ કોવિડ-૧૯ વેક્સીન કોવિશીલ્ડની ટ્રાયલ રોકી દીધી છે. દેશભરમાં ૧૭ અલગ-અલગ જગ્યાએ તેની ટ્રાયલ ચાલી રહી હતી. કંપનીએ પોતાના નિવેદનમાં કહ્યું છે કે, અમે હાલમાં સ્થિતિની સમીક્ષા કરી રહ્યા છીએ અને એસ્ટ્રેજેનેકાના ટ્રાયલ શરૂ કરવા સુધી ભારતમાં ટ્રાયલ રોકી રહ્યા છીએ. અમે ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાના આદેશોનું પાલન કરી રહ્યા છીએ. કંપનીએ આ નિર્ણય ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ)એ આપેલી નોટિસ બાદ લીધો છે. એસ્ટ્રેજેનેકાએ ઓક્સફોર્ડ યુનિવર્સિટીના સંશોધકો સાથે મળીને આ વેક્સીન બનાવી છે.ડીસીજીઆઈ એ સીરમ ઈન્સ્ટિટ્યુટને વેક્સીન ટ્રાયલને લઈને નોટિસ ફટકારી હતી. કારણ દર્શક નોટિસ જાહેર કરતા ડીસીજીઆઈ એ કહ્યું હતું કે સીરમ ઈન્સ્ટિટ્યુટે ટ્રાયલને લઈને તાજા અપડેટ્સ આપ્યા નથી.

## પ્લાઝ્મા થેરાપીથી કોરોનાના મોતની દહેશત ટળતી નથી

સરકાર દ્વારા કોવિડ-૧૯ની સારવાર માટે પ્લાઝ્મા થેરાપી જેને કોન્વલસેન્ટ પ્લાઝ્મા કહેવાય છે તેની મંજૂરી આપવામાં આવી છે. જેને લઈને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ તેની અસર અંગે સંશોધન કર્યું છે. કોન્વલસેન્ટ પ્લાઝ્મા થેરાપીથી કોરોના વાયરસથી પીડાતા દર્દીઓની સારવારમાં કોઈ ખાસ વધારે મદદ મળતી નથી. ઉપરાંત, આ ઉપચાર મૃત્યુદર ઘટાડવામાં અસરકારક સાબિત થઈ રહ્યો નથી. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના સંશોધનથી આ વાત બહાર આવી છે. કોરોના દર્દીઓ પર પ્લાઝ્મા થેરેપીની અસર જાણવા માટે દેશભરની ૩૯ ખાનગી અને સરકારી હોસ્પિટલમાં ૨૨ એપ્રિલથી ૧૪ જુલાઇ સુધી અભ્યાસ કરવામાં આવ્યો. પરિણામો દર્શાવે છે કે પ્લાઝ્મા થેરાપી મેળવતા દર્દીઓ અને ૨૮ દિવસની અંદર સામાન્ય સારવાર મેળવતા દર્દીઓની સ્થિતિમાં કોઈ તફાવત જોવા મળ્યો નથી.

# ફ્રાન્સથી આવેલાં પાંચ રાફેલ વિમાનો અંબાલા મથકથી ફ્લાયપોસ્ટ કરાયા

• ૩૦ વિમાનો લડાકુ ક્ષમતાવાળા : ૬ વિમાનો બે સીટવાળા ટ્રેનિંગ વિમાન છે

અંબાલા : ફ્રાન્સથી આવેલાં અને રાફેલ વિમાનોએ ગુરુવારે સવારે વાયુસેનાના અંબાલા મથક પરથી ફ્લાયપાસ્ટ કર્યા બાદ હવાઈ દળમાં સામેલ થયા હતાં. એક ભવ્ય સમારોહમાં વોટર કેનન દ્વારા રાફેલ વિમાનોને સલામી અપાઈ ત્યારે હાજર રહેલા મહાનુભાવોએ હર્ષનાદો અને તાળીના ગડગડાટથી આ કાર્યક્રમને વધાવી લીધો હતો. આ પ્રસંગે ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ અને ફ્રાન્સના સંરક્ષણ પ્રધાન ફ્લોરેન્સ પાર્લે પણ આ પ્રસંગે હાજર હતાં. ભારતીય લશ્કરની ત્રણે પાંખના વડા અને વરિષ્ઠ અધિકારીઓએ પણ આ પ્રસંગે હાજરી આપી હતી. ભારતીય હવાઈ દળના વડા એર ચીફ માર્શલ રાકેશ કુમાર સિંઘ ભદોરિયાએ આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. રાફેલને હવાઈ દળમાં સામેલ કરાયા એ પહેલાં ભારતીય લશ્કરની પરંપરા મુજબ સર્વ ધર્મ પૂજા કરવામાં આવી હતી. હવાઈ દળની ૧૭મી સ્ક્વોડ્રન ગોલ્ડન એરોઝમાં આ વિમાનોને જોડવામાં આવ્યા હતા. અંબાલા ભારત-પાકિસ્તાનની પંજાબ તરફી સરહદ નજીક આવેલું હવાઈ દળનું મથક છે. ૫ રાફેલ લડાકૂ વિમાનોનો પહેલો જથ્થો ૨૯ જુલાઈએ ભારત પહોંચ્યો હતો. ૨૦૧૬માં ભારત તરફથી ૫૯ હજાર કરોડ રૂપિયામાં ૩૬ વિમાનોની ખરીદીના સરકારી કરાર કર્યાના ચાર વર્ષ બાદ પહેલો જથ્થો ભારત પહોંચ્યો હતો. આ ૩૬ વિમાનોમાંથી ૩૦ વિમાનો લડાકુ ક્ષમતાવાળા છે, જ્યારે કે, ૬ વિમાનો બે સીટવાળા ટ્રેનિંગ વિમાન છે.

# ભારતમાં રેડિયો ટેલિસ્કોપના ફાધર ગણાતા ડો.ગોવિંદ સ્વરૂપનું નિધન

• ૧૯૨૯માં મોરાદાબાદમાં જન્મ, ૯૧ વર્ષે પુનામાં નિધન



પૂણે : ફાધર ઓફ ધ ઈન્ડિયન રેડિયો ટેલિસ્કોપ ગણાતા ડો.ગોવિંદ સ્વરૂપનું ૯૧ વર્ષની વયે નિધન થયું હતું. સાતમી સપ્ટેમ્બરે પુના સ્થિત નિવાસસ્થાને તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. ૧૯૨૯માં અંગ્રેજ યુગના ભારતમાં મોરાદાબાદ ખાતે તેમનો જન્મ થયો હતો. અવકાશ વિજ્ઞાનમાં રેડિયો એસ્ટ્રોનોમિ કહેવાતી શાખાને તેઓ ધૂરંધર વિજ્ઞાની હતા. ભારતમાં રેડિયો ટેલિસ્કોપની શરૂઆત તેમણે કરાવી હતી અને તેમના પ્રયાસોથી જ ઊટી તથા પુના ખાતે રેડિયો ટેલિસ્કોપ બંધાયા હતા. બ્રહ્માંડના અભ્યાસમાં એક મહત્ત્વની શાખા રેડિયો એસ્ટ્રોનોમિની છે. રેડિયો એટલે કે ધ્વની તરંગો. બ્રહ્માંડમાં દૂરથી આવતા અજાણ્યા કિરણોનો અભ્યાસ કરવા માટે રેડિયો ટેલિસ્કોપ અનિવાર્ય છે.

# ભારતે ૭૫૦૦ કિલોમીટરની ઝડપે પ્રહાર કરી શકતી મિસાઈલ ટેકનો.નું પરીક્ષણ

નવી દિલ્હી : ભારતે આજે હાયપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેશન વ્હિકલ (એચટીડીવી)નું સફળ પરીક્ષણ કર્યંત હતું. કોઈ વાહન અવાજની ઝડપ (કલાકના ૧૨૩૮ કિલોમીટર) કરતાં પાંચ ગણી વધારે ઝડપે પ્રવાસ કરે તો તેને હાઈપરસોનિક સ્પીડ કહેવામાં આવે છે. ભારતના એચટીડીવીએ પરીક્ષણ દરમિયાન અવાજ કરતા છ ગણી વધારે એટલે કે અંદાજે ૭૫૦૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપ હાંસલ કરી હતી. હાઈપરસોનિક સ્પીડ ધરાવતા જગતના ચાર દેશોમાં ભારતનો સમાવેશ થયો છે. અગાઉ મિસાઈલ્સ માટે અમેરિકા, રશિયા અને ચીન હાઈપરસોનિક સ્પીડ હાંસલ કરી ચૂક્યા છે. આ ટેકનોલોજી ભારતના ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) દ્વારા તૈયાર કરવામાં આવી હતી. અત્યારે માત્ર હાઈપરસોનિક વ્હિકલનું પરીક્ષણ થયું છે.

# અદાણીના પોખરણના સોલર પ્રોજેક્ટ પર રાજસ્થાન હાઈકોર્ટે સ્ટે મૂકી દીધો

• ૯૯૦ હેક્ટર ખેતીલાયક જમીન પડતર બતાવી અદાણીને પધરાવી કાયદાનો ભંગ કર્યો : વકીલ



જોધપુર : રાજસ્થાન હાઈકોર્ટે જેસલમેરમાં પોખરણ પાસેના અદાણીના ૧૫૦૦ મેગાવોટના સોલર એનર્જી પ્રોજેક્ટ પર સ્ટે મુકી દીધો છે. રાજસ્થાન સરકાર અને અદાણી કંપની વચ્ચેનો આ જોઈન્ટ પ્રોજેક્ટ છે હવે ઘોંચમાં પડી ગયો છે. સ્થાનિક ખેડૂતોના વિરોધ બાદ આ સ્ટે આપવામાં આવ્યો છે.

રાજસ્થાન હાઈકોર્ટની જોધપુર બેંચે પ્રોજેક્ટ પર સ્ટે મુકતી વેળાએ જણાવ્યું હતું કે રાજસ્થાન સરકાર પાસેથી આ સમગ્ર મામલે જવાબ પણ માગ્યો હતો. આ પ્રોજેક્ટનો સ્થાનિક ખેડૂતો દ્વારા ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. ખેડૂતોએ દાવો કર્યો છે કે રાજસ્થાન સરકારે અદાણીને સોલાર એનર્જી પ્રોજેક્ટ માટે ખેતી લાયક ૯૯૦ હેક્ટર જમીન આપી દીધી છે.

# મની લોન્ડરિંગમાં ICICI બેંકના પૂર્વ સીઈઓ ચંદા કોચરના પતિની ધરપકડ

મુંબઈ : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઈડી)એ મની લોન્ડરિંગના કેસના સંબધમાં આઈસીઆઈસીઆઈ બેંકના સીઈઓ ચંદા કોચરના પતિ દીપક કોચરની ધરપકડ કરી છે તેમ અધિકારીઓએ જણાવ્યું છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ)ની વિવિધ જોગવાઈઓ હેઠળ ઈડીએ મુંબઈમાંથી દીપક કોચરની ધરપકડ કરી હતી.

વીડિયોકોન ગ્રુપને આપવામાં આવેલી લોનમાં મની લોન્ડરિંગ અને અનિયમિતતા આચરવામાં આવી હોવાના કેસમાં કેન્દ્રીય તપાસ એજન્સી દંપતિની પૂછપરછ કરી રહ્યું છે. ચાલુ વર્ષની શરૂઆતમાં ઈડીએ ચંદા કોચર, દીપક કોચર અને તેમની માલિકી અને અંકુશ હેઠળની કંપનીઓની કુલ ૭૮ કરોડની સંપત્તિ ટાંચમાં લીધી હતી.

# સિલ્વર લેક RIL રીટેલનો ૧.૭૫ ટકા હિસ્સો ખરીદશે

## રિલાયન્સ રીટેલનો દસ ટકા હિસ્સો વેચવા માગે છે : સિલ્વર લેકે અગાઉ રિલાયન્સ જીઓમાં ૧.૩૫ અબજ ડોલરનું રોકાણ કર્યુ હતું

નવી દિલ્હી : અમેરિકાની ખાનગી ઈક્વિટી કંપની સિલ્વર લેક પાર્ટનર્સે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની પેટા કંપની રિલાયન્સ રિટેલમાં ૭૫૦૦ કરોડ રૂપિયામાં ૧.૭૫ ટકા હિસ્સો ખરીદશે તેમ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે એક નિવેદનમાં જણાવ્યું છે.

આ નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને રિલાયન્સ રીટેલ વેન્ચર્સ લિમિટેડ(આરઆરવીએલ)એ આજે જાહેરાત કરી હતી કે સિલ્વર લેક રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સબસિડરી આરઆરવીએલમાં ૭૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે.

આ સમજૂતી માટે રિલાયન્સ રીટેલનું મૂલ્ય ૪.૨૧ લાખ કરોડ રૂપિયા આંકવામાં આવ્યું છે. ૭૫૦૦ કરોડ રૂપિયાના રોકાણના બદલામાં સિલ્વર લેકને આરઆરવીએલનો ૧.૭૫ ટકા હિસ્સો મળશે. ઉલ્લેખનીય છે કે સિલ્વર લેકનું રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં બીજુ મોટું રોકાણ છે. આ અગાઉ સિલ્લર લેકે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની પેટા કંપની રિલાયન્સ જીઓમાં ૧.૩૫ અબજ ડોલરનું રોકાણ કર્યુ હતું.



કંપની દ્વારા જારી નિવેદનમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડની સબસિડરી કંપની રિલાયન્સ રિટેલ લિમિટેડ ભારતની સૌથી મોટી, ઝડપથી વિકાસ પામતી અને સૌથી નફાકારક કંપની છે. કંપનીના સમગ્ર દેશમાં ૧૨,૦૦૦ સ્ટોર્સ છે. મુકેશ અંબાણીની માલિકીની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પોતાની પેટા કંપની રિલાયન્સ રીટેલનો ૧૦ ટકા હિસ્સો વેચવા માગે છે. ઉલ્લેખનીય છે ગયા મહિનામાં જ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ફ્યુચર ગ્રુપનું રીટેલ અને લોજિસ્ટિક બિઝનેસ ૨૪,૭૧૩ કરોડ રૂપિયામાં ખરીદી લીધું હતું. સિલ્વર લેક સાથે થયેલી સમજૂતી અંગે મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે અમને આનંદ છે કે લાખો નાના વેપારીઓ સાથે ભાગીદારી કરવાના અમારા પરિવર્તનકારી વિચાર સાથે સિલ્વર લેક પોતાના રોકાણના માધ્યમથી જોડાયું છે. ભારતીય રીટેલ સેક્ટરમાં ભારતીય ગ્રાહકોને મૂલ્ય આધારિત સેવાઓ મળે તે જ અમારો પ્રયત્ન છે. અમારુ માનવું છ કે ટેકનોલોજી રિટેલ સેક્ટરમાં જરૂરી ફેરફાર લાવવવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થશે. આ સમજૂતી સિલ્વર લેકે જણાવ્યું છે કે મુકેશ અંબાણી અને રિલાયન્સની ટીમે પોતાના પ્રયત્નોથી રીટેલ અને ટેકનોલોજીના સેક્ટરમાં લીડરશીપ પ્રાપ્ત કરી છે.

# ચર્ચ ઓફ સા. ઈન્ડિયા એસો.ની રૂ. ૬૦ કરોડની મિલકતો ટાંચમાં

- **સંરક્ષણ મંત્રાલયે લીઝ પર આપેલી જમીન ગેરકાયદે ટ્રાન્સફર કરવા બદલ ઈડીએ કરેલી કાર્યવાહી**

નવી દિલ્હી : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઈડી)એ બેંગાલુરુમાં સંરક્ષણ મંત્રાલય દ્વારા લીઝ પર આપવામાં આવેલી જમીનને ગેરકાયદે ટ્રાન્સફર કરવા બદલ ચર્ચ ઓફ સાઉથ ઈન્ડિયા ટ્રસ્ટ એસોસિએશનની ૬૦ કરોડ રૂપિયાની મિલકતો ટાંચમાં લઈ લીધી છે. ઈડીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે ટાંચમાં લેવામાં આવેલી મિલકતોમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની ફિક્સ્ડ ડિપોઝીટનો સમાવેશ થાય છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨ (પીએમએલએ)ની જોગવાઈઓ હેઠળ સીએસઆઈટીએ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. ઈડીના જણાવ્યા અનુસાર સંરક્ષણ મંત્રાલયની માલિકીની ૭૪૨૬.૮૮૬ ચો. મીટરના માપની જમીન ગેરકાયદે ટ્રાન્સફર કરવા બદલ બેંગાલુરુના અશોકનગર પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવેલી એફઆઈઆરને આધારે ઈડીએ આ કેસમાં તપાસ શરૂ કરી હતી. બેંગાલુરુની આ જમીન અગાઉ ઓલ સેઈન્ટ્સ ચર્ચને લીઝ પર આપવામાં આવી હતી.

# મર્યાદા પુરુષોત્તમ 'શ્રી રામ'ના નામ પર હશે અયોધ્યાનું એરપોર્ટ : યોગી સરકાર

અયોધ્યા : અયોધ્યા એરપોર્ટનું નામ મર્યાદા પુરુષોત્તમ શ્રી રામના નામ પર કરવામાં આવશે. આ સાથે જ એરપોર્ટને હવે ઈન્ટરનેશનલ લેવલનું બનાવવામાં આવશે. યોગી સરકારે એરપોર્ટનું નામ બદલવા અને એરપોર્ટનો વિસ્તાર વધારવા માટે કવાયત શરૂ કરી દીધી છે. એરપોર્ટનું નિર્માણે ડિસેમ્બર ૨૦૨૧ સુધી પુર્ણ કરવાની યોજના યોગી સરકારે બનાવી છે. રામ મંદિર બન્યા બાદ અયોધ્યામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શ્રદ્ધાળુઓની સંખ્યામાં ભારે વૃદ્ધિ થશે. તેના નજરમાં રાખતાં એરપોર્ટના વિસ્તારની યોજના બનાવવામાં આવી છે. અયોધ્યા એરપોર્ટને હાલ ઈન્ટરનેશનલ લેવલનો દરજ્જો મળ્યો નથી, પણ રાજ્ય સરકાર આંતરરાષ્ટ્રીય માપદંડોના આધારે તૈયારી કરાવી રહી છે, જેથી એરપોર્ટ શરૂ થાય તે પહેલાં જ ઈન્ટરનેશનલ લેવલનો દરજ્જો મળી શકે. અયોધ્યા સ્થિત એરપોર્ટને ઈન્ટરનેશનલ એરપોર્ટમાં



આકાર આપવા માટે પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. એરપોર્ટના રન વેને મોટા વિમાનો માટે પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે. પહેલાં તબક્કામાં અહી છ ૩૨૧ અને બીજા તબક્કામાં ૭૭૭.૩૦૦ શ્રેણીના વિમાનોનું સંચાલન શરૂ કરવામાં આવશે. ઈઈએ અગાઉ જ પ્રી ફિઝિબિલિટી સ્ટડી પૂરી કરી લીધી છે.

# ચીની સૈનિકોને ભારતીય સરહદમાં નહીં ઘૂસવા દેવા જવાનોને આદેશ

નવી દિલ્હી : ચીનની સાથે ચાલી રહેલા સરહદ વિવાદની વચ્ચે ભારતીય સેનાના ગ્રાઉન્ડ કમાન્ડરોને અનુશાસન રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. સાથોસાથ સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે ચીની સૈનિકોને કોઈ પણ કિંમતે ભારતીય સરહદની અંદર ઘૂસવા ન દેવામાં આવે. સ્પષ્ટ છે કે ભારતીય સૈનિકોને પોતાની સરહદોની સંપ્રભુતા કાયમ રાખવાની સાથે જ કોઈ પણ પ્રકારના ચીની અતિક્રમણ રોકવાનો આદેશ આપવામાં આવી ચૂક્યા છે. સરકારના સૂત્રોના હવાલાથી કહ્યું છે કે



ફીલ્ડ કમાન્ડરોને કહેવામાં આવ્યું છે કે પોતાના વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન શક્તિનું કારણ વગર પ્રદર્શન ન કરે. સૂત્રોનું કહેવું છે કે વાસ્તવિક નિયંત્રણ રેખાની પાસે ચીની પક્ષ પોતાની તરફ ફાયરિંગ પ્રેક્ટિસ પણ કરી રહ્યું છે. ચીન આ પ્રેક્ટિસ ભલે પોતાના વિસ્તારમાં કરે રહ્યું છે પરંતુ તેનો અવાજ ભારતીય વિસ્તારોમાં પણ સંભળાય છે. ભારતીય પક્ષે બ્રિગેડિયર સ્તરની સૈન્ય વાતચીત દરમિયાન ચીની સૈનિકો દ્વારા ભાલા અને ધારદાર હથિયાર સાથે રાખવાનો મામલો પણ ઉઠાવ્યો છે. સૂત્રોનું કહેવું છે કે ચીને વાસ્તવિક નિયંત્રણ રેખાની પાસે લગભગ ૫૦ હજાર સૈનિકોને એકત્ર કરી રાખ્યા છે જેમની પાસે ટેંકો અને અન્ય યુદ્ધક સામાન છે.

# મોદી સરકારે યુવાઓનું ભવિષ્ય કચડી નાખ્યું : રાહુલના પ્રહારો

નવી દિલ્હી : કેન્દ્રની મોદી સરકાર પર કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીએ બેરોજગારી અને માંદલા અર્થતંત્રના મામલે હુમલાઓ જારી રાખ્યા છે. રાહુલ ગાંધીએ ગુરુવારે ફરી એક વખત ટ્વિટર પર વિડિયો પોસ્ટ કરીને મોદી સરકારને ભારતની બેહાલ અર્થતંત્ર માટે જવાબદાર ઠેરવી છે.

વિડિયો પોસ્ટ કરીને રાહુલ ગાંધીએ લખ્યું છે કે, મોદી સરકારે યુવાઓના ભવિષ્યને કચડી નાંખ્યું છે. કેન્દ્ર સરકારે કોરોના વાયરસના કારણે લોકડાઉન લાગુ કરવાનો ખોટો નિર્ણય લીધો હતો. જેના કારણે પહેલેથી જ સુસ્ત ઈકોનોમીને મોટો ફટકો વાગ્યો હતો અને જીડીપીમાં ભારે ઘટાડો નોંધાયો છે.યુવાઓ બેરોજગાર થઈ ગયા છે.

રાહુલે વિડિયોમાં કહ્યું હતું કે, મોદી સરકારની નીતિઓથી કરોડો લોકો નોકરી ગુમાવી બેઠા છે.ભારતના યુવાઓનુ ભવિષ્ય કચડાઈ ગયુ છે.કેન્દ્ર સરકાર ગરીબો અને બેકારોને ન્યાય આપે. આ પહેલા રાહુલ ગાંધીએ લોકડાઉનના ગરીબ વર્ગ માટે મૃત્યુની સજા ગણાવવ્યુ હતુ અને કહ્યુ હતુ કે, વગર કોઈ તૈયારીએ લોકડાઉન લાગુ કરવાથી ભારતની ઈકોનોમીને બહુ મોટો ધક્કો લાગ્યો છે. આજે સતત પાંચમો દિવસ છે જ્યારે રાહુલ ગાંધીએ ખાડામાં પડેલી અર્થતંત્રને લઈને મોદી સરકારને નિશાન બનાવી છે.

# કેરળ ૯૬ ટકા સાથે દેશમાં સાક્ષરતામાં સૌથી આગળ, ગુજરાત ૮૨ ટકા સાથે નવમું

નવી દિલ્હી : કેરળ રાજ્ય સાક્ષરતાની બાબતમાં ફરીવાર દેશમાં સૌથી અગ્રસર રહ્યો હતો જ્યારે તેનો પાડોશી આંધ્ર પ્રદેશ સૌથી પાછળ જણાયો હતો. નેશનલ સેમ્પલ સર્વેના એક ભાગરૂપે કરવામાં આવેલા સર્વે અનુસાર, દેશમાં સાક્ષરતાની બાબતમાં દિલ્હીનો ક્રમ બીજો હતો. અહીયાં ૮૮.૭ ટકા લોકો સાક્ષર જણાયા હતા. જ્યારે નાનકડા રાજ્ય ઉત્તરાખંડમાં પણ ૮૭.૬ ટકા લોકો સાક્ષર મળ્યા હતા. તો હિમાચલ પ્રદેશમાં ૮૬.૬ ટકા લોકો સાક્ષર જણાયા હતા. જ્યારે ગુજરાત સાક્ષરતાના દર ૮૨.૪ ટકા સાથે નવમાં ક્રમે રહ્યું હતું. રાજસ્થાનની સ્થિતિ પણ સારી જણાઈ નહતી. ત્યાં સાક્ષરતાનો દર ૬૯.૭ ટકા હતો. તેના પછી બિહાર (૭૦.૯),તેલંગાણા (૭૨.૮),ઉત્તર પ્રદેશ (૭૩) અને મધ્ય પ્રદેશમાં ૭૩ .૮ ટકા સાક્ષરતાનો દર હતો.

# રાજસ્થાન સરહદેથી ઘૂસણખોરી કરી રહેલા બે પાક. નાગરિકો ઠાર

- **કુલગામમાં આતંકવાદી સંગઠન જૈશે મોહંમદના બે આતંકીઓની ધરપકડ**

જમ્મુ : પાકિસ્તાનની સેનાએ જમ્મુ-કાશ્મીરના પૂંચ જિલ્લાના સરહદી વિસ્તારોમાં ભારે ગોળીબાર અને તોપમારો કરીને ફરી એક વખત શસ્ત્રવિરામનો ભંગ કર્યો છે. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તાના જણાવ્યા અનુસાર સાંજે ૫.૩૦ વાગ્યે પાકિસ્તાને કોઈ પણ કારણ વગર દેગવાર અને માલ્ટી સેક્ટરમાં અંકુશ રેખા પાસે ભારે તાપમારો અને ગોળીબાર કર્યો હતો. ભારતીય સેનાએ પણ પાકિસ્તાનની સેનાને જડબાતોડ જવાબ આપ્યો હતો. પ્રવક્તાના જણાવ્યા અનુસાર પાકિસ્તાનના ગોળીબાર અને મોર્ટારમારાથી ભારતને કોઈ નુકસાન થયું નથી. આ દરમિયાન આજે વહેલી સવારે રાજસ્થાનના શ્રીગંગાનગર સેક્ટરમાં બીએસફના જવાનોએ આંતરરાષ્ટ્રીય સરહદેથી ભારતમાં ઘૂસવાના પ્રયત્નો કરી રહેલા બે પાકિસ્તાની ઘૂસણખોરોને ઠાર માર્યા હતાં. અધિકારીઓના જણાવ્યા અનુસાર ઘૂસણખોરો પાસેથી બે પિસ્ટોલ, કેટલાક જીવતા કારતૂસ અને મેગેઝિન, આઠ કિલો હેરોઈન, નાઈટ વિઝન ડિવાઈસ અને ૧૩૦૦૦ રૂપિયાની પાકિસ્તાની ચલણી નોટો મળી આવી હતી.

# શિક્ષણ સંસ્થાનોમાં અને નોકરીઓમાં મરાઠા અનામત પર સુપ્રીમ કોર્ટનો મનાઈહુકમ

નવી દિલ્હી : મહારાષ્ટ્રમાં શિક્ષણ સંસ્થાનોમાં પ્રવેશ અને નોકરીઓમાં મરાઠા અનામત પર સુપ્રીમ કોર્ટે મનાઈ હુકમ ફરમાવી દીધો છે. સર્વોચ્ચ અદાલતની બેન્ચે કહ્યું હતું કે, હાલમાં આ નિર્ણયને મંજૂરી આપી શકાય તેમ નથી. સુપ્રીમની મોટી બેન્ચ દ્વારા આ મુદ્દે નિર્ણય લેવામાં આવશે. મુખ્ય ન્યાયમૂર્તિ તે બેન્ચની રચના કરશે. અદાલતે એમ પણ કહ્યું કે, અનુસ્નાતક તબીબી અભ્યાસક્રમોમાં જ્યાં પ્રવેશ અપાઈ ચૂક્યો છે તે નિર્ણયને મનાઈ હુકમ પ્રભાવિત નહીં કરે. ન્યાયમૂર્તિ એલ.નાગેશ્વર રાવ, હેમંત ગુપ્તા અને રવિન્દ્ર ભટ્ટની બનેલી બેન્ચે આ ચુકાદો આપ્યો હતો. કોર્ટના આ નિર્ણયથી વર્તમાન શિક્ષણ સત્રમાં વિદ્યાર્થીઓને અનામતનો લાભ નહીં મળે. કોર્ટે કહ્યું કે હાલમાં આ વ્યવસ્થા પર મનાઈ હુકમ ફરમાવવામાં આવ્યો છે અને બંધારણીય બેન્ચ આ નિર્ણયની બંધારણીયતા અંગે નિર્ણય લેશે.

# કોરોના સંક્રમણમાં અમેરિકા પ્રથમ, ભારત બીજા સ્થાને

## બ્રાઝિલમાં ૨૪ કલાકમાં ૫૦૪ લોકોનાં મૃત્યુ, સંક્રમણના નવા ૧૪,૨૭૯ કેસ નોંધાયા

વોશિંગ્ટન : વિશ્વમાં અત્યારસુધીમાં બે કરોડથી વધુ લોકો કોરોનાને માત આપીને સાજા થઈ ચૂક્યા છે. દક્ષિણ આફિકા સૌથી ઊંચો ૮૮.૬૪ ટકાનો રિકવરી રેટ ધરાવે છે. વીતેલા ૨૪ કલાકમાં વિશ્વભરમાં ૨,૦૨, ૨૧૪ કેસ નોંધાતાં કુલ સંક્રમિત ૨,૮૦,૬૦,૮૭૯થી વધારે થઈ ગયા છે. કોરોના સંક્રમણમાં અમેરિકા પ્રથમ, ભારત બીજા તો બ્રાઝિલ ત્રીજા સ્થાને છે. જ્યારે બ્રાઝિલમાં વીતેલા ૨૪ કલાકમાં ૫૦૪ લોકોનાં મૃત્યુ નીપજ્યાં છે. સંક્રમણના નવા ૧૪,૨૭૯ કેસ સામે આવ્યા છે. દેશમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૪૧, ૬૨,૦૭૩ને પાર કરી ચૂકી છે. સાઉ પાઉલો રાજ્યમાં સૌથી વધુ ૮.૫૮ લાખ કેસ નોંધાયા છે. કુલ મૃત્યુઆંક ૧,૨૭,૪૭૪ને પાર કરી ગયો છે. એક નવા સંશોધન પર મહોર મારતાં વિશ્વ આરોગ્ય સંગઠને કહ્યું છે કે કોરોના વાઈરસના ગંભીર દર્દીઓને સ્ટીરોઈડ દવા આપી શકાય તેમ છે. તેને કારણે સંક્રમણથી થતાં મૃત્યુના આંકડાને ૨૦ ટકા સુધી ઘટાડી શકાય તેમ છે. આ દવા કોરોનાના આરંભિક લક્ષણો ધરાવતા દર્દીઓને આપવાની જરૂર નથી. જર્નલ ઓફ ધ અમેરિકન મેડિકલ એસોસિયેશનમાં આ સંશોધનના પરિણામો જાહેર થયા છે. તેમાં જણાવ્યા મુજબ કોરોનાથી બીમાર પડેલા ૧૦૦ પૈકી આઠના જીવ સ્ટીરોઈડની મદદથી બચાવી શકાય તેમ છે. પરંતુ સ્ટીરોઈડ તે કોરોના વાઈરસની દવા નથી જ. વિશ્વ આરોગ્ય સંસ્થાના ક્લિનિકલ કેર વડા જેનેટ ડિયાઝના જણાવ્યા મુજબ અજમાયશ દરમિયાન ધ્યાને આવ્યું છે કે આ દવા દર્દીઓમાં મૃત્યુનો ખતરો ઘટાડી શકે છે.



### ભારતીય મહિલા વૈજ્ઞાનિકે કોરોનાની રસી તૈયાર કરી, માનવ પરિક્ષણ શરુ થયું

લંડન : દુનિયા આખી વર્તમાન સમયે કોરોના વેક્સિનની રાહ જોઇ રહી છે. દુનિયામાં એક ડઝન કરતા પણ વધારે કોરોના વેક્સિનની ટ્રાયલ ચાલી રહી છે. ત્યારે આ યાદીમાં હવે ભારતીય મહિલા વૈજ્ઞાનિકે બનાવેલી રસીનો પણ ઉમેરો થયો છે. બ્રિટનની ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ભારતીય પ્રોફેસર સુમી વિશ્વાસે કોરોના વાયરસની એક નવી રસી તૈયાર કરી છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે દુનિયાની સૌથી મોટી રસી ઉત્પાદક કંપની સીરમ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયાએ આ રસીનું ઓસ્ટ્રેલિયામાં માનવ પરિક્ષમ પણ શરુ કર્યું છે. સુમી વિશ્વાસ ઓક્સફર્ડ યુનિવર્સિટીના જેનર ઇન્સ્ટિટ્યુટના પ્રોફેસર એડ્રિયન હિલ અને સારા ગિલબર્ટ સાથે કામ કરી ચુક્યા છે. ઉલ્લેખનીય છે કે એડ્રિયન હિલ અને સારા ગિલબર્ટે બનાવેલી વેક્સીન અત્યારે છેલ્લા સ્ટેજના ટ્રાયલમાં છે. સુમી વિશ્નવાસે ૨૦૧૭ની અંદર સ્પાયબાયોટેક નામની કંપની પણ બનાવી હતી. સ્પાયબાયોટેક કંપને જ આ નવી કોરોના વેક્સિન તૈયાર કરી છે.

### કોરોના બન્યો વધુ ઘાતક, મગજ પર હુમલો કરે છે

કોરોના વાયરસ દુનિયા આખી માટે માથાનો દુખાવો બન્યો છે. કરોડો લોકો આ વાયરસનો શિકાર બની ચુક્યા છે અને લાખો લોકો મોતને ભેટ્યા છે. હજી સુધી આ વાયરસની કોઈ ચોક્કસ વેક્સીન કે દવા શોધી શકાઈ નથી. સાથે જ સમય જતા આ વાયરસ વધારે ઘાતક બની રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. અમેરિકાના સાન ફ્રાંસિસ્કોની યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાએ આ મામલે એક ચોંકવનારો ખુલાસો કર્યો છે. અમેરિકાના સંશોધન પ્રમાણે કોરોના વાયરસ વ્યક્તિના મગજ પર હુમલો કરે છે. રિસર્ચમાં આ જાણકારી બહાર છે. સાન ફ્રાંસિસ્કોની યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાનીએ શોધ મુજબ કોરોના વાયરસ મગજની અંદરની કોષિકાઓને નુંકશાન કરે છે. જેના કારણે કોવિડ ૧૯ના દર્દીઓને માથાનો દુખાવો, બેભાન થવા જેવી સ્થિતિ ઊભી થાય છે. બુધવારે આ બાબત સામે આવી છે.

### સ્પાય બાયોટેકની રસીનું હ્યુમન ટ્રાયલ શરૂ રશિયાની રસી નાગરિકો માટે બજારમાં

મોસ્કો : બ્રિટનની ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં ભારતીય પ્રોફેસર સુમી વિશ્વાસે કોરોના વાઈરસની રસી તૈયાર કરી લીધી છે. આ રસીનું હ્યુમન ટ્રાયલ શરૂ થઈ ગયું છે. રસીનું માનવ પરીક્ષણ દુનિયાની સૌથી મોટી રસી ઉત્પાદક કંપની સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયાની ભાગીદારીમાં ઑસ્ટ્રેલિયામાં શરૂ કરાયું છે. બીજીબાજુ રશિયાએ કોરોનાથી પીડિત તેના દર્દીઓ માટે કોરોના વાઈરસની રસી સ્પુટનિક-૫ હેઠળ પહેલી બેચ સામાન્ય નાગરિકો માટે બજારમાં મૂકી દીધી છે. રશીયન રસીના ત્રીજા તબક્કાનું ક્લિનિકલ પરીક્ષણ હવે શરૂ થશે. ભારતીય પ્રોફેસર સુમી વિશ્વાસ ઑક્સફર્ડ યુનિવર્સિટીના જેનર ઈન્સ્ટિટયૂટમાં પ્રોફેસર એડ્રિયન હિલ અને સારા ગલિબર્ટ સાથે કામ કરી ચૂક્યાં છે, તેમણે તૈયાર કરેલી કોવિડ-૧૯ રસી હાલ અંતિમ તબક્કાના ટ્રાયલમાં છે. બીજીબાજુ સુમી વિશ્વાસે વર્ષ ૨૦૧૭માં સ્પાયબાયોટેક નામની એક કંપની બનાવી હતી. આ કંપનીએ જ કોરોના વાઈરસની નવી રસી

---

# એપલની આઠ કંપનીઓ હવે ચીન છોડી ભારત આવવાની તૈયારીમાં

વોશિંગ્ટન : લદ્દાખમાં ભારત અને ચીન વચ્ચે સરહદ પર છેલ્લા ચાર મહિનાથી તણાવ યથાવત છે. ચીનની ચાલબાજી આખી દુનિયાને ખબર છે. આવા સમયે ઘણા મોટા અને મહત્વના દેશ અમેરિકા, બ્રિટન, જાપાન અને ઓસ્ટ્રેલિયા ભારત સાથે ઉભા છે. દક્ષિણ એશિયામાં ભારત મેન્યુફેક્ચરિંગ હબ બની રહ્યું છે. કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે જણાવ્યું કે એપલની આઠ કંપનીઓ ચીનને છોડીને ભારત આવી ગઈ છે. ભારત ઉત્પાદનનું હબ બની રહ્યું છે. રવિશંકર પ્રસાદે એનઆરઆઈ



સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા વાતચીતમાં જણાવ્યું કે અમેરિકા, બ્રિટન, જાપાન અને ઓસ્ટ્રેલિયાએ સમર્થન આપ્યું છે. ભારત મોટા વિનિર્માણ કેન્દ્રના રૂપમાં ઉભરી રહ્યું છે અને ગ્લોબલ મેન્યુફેક્ચરર ઈકોસિસ્ટમ એ અનુભવી રહ્યું છે કે તેની ચીન સિવાય અન્ય સ્થાનો ઉપર પણ હોવું જોઈએ.

મને જાણકારી મળી છે કે એપલ કંપની લગભગ ૮ ફેક્ટરીઓને ચીનથી ભારતમાં સ્થાનાંતરિત કરી ચૂકી છે. રવિશંકર પ્રસાદે આગળ કહ્યું કે જ્યારે લદાખમાં ચીન સાથે કાંઈક બને છે તો આપણા પ્રધાનમંત્રી હંમેશા દ્રઢતાથી ઉભા રહ્યા અને હંમેશા એ વાત જ કહી કે ભારત ક્યારેય પણ પોતાની સંપ્રભુતા સાથે કોઈપણ સમજુતી કરશે નહીં.

# અર્થતંત્ર અને મજુર સમસ્યાઓ અંગે પ્રમુખ ટ્રમ્પ અને બિડેન વચ્ચે રકઝક

- બિડેન-હેરિસ યુએસ અર્થતંત્રનો નાશ કરી નાંખશેઃ ટ્રમ્પ
- ટ્રમ્પને કામદારોની સમસ્યોની સમજણ જ નથીઃ બિડેન

હારિસબગ : પ્રમુખપદની ચૂંટણીના અંતિમ તબક્કામાં 'લેબોર ડે' પછીના ભાષણોમાં પ્રમુખ ટ્રમ્પ અને તેમના હરિફ જો બિડેને અર્થતંત્ર અને અમેરિકન કામદારોને સમજવામાં કેટલાક ઉણા છે તે અંગે આજે તેમણે એક બીજા પર આક્ષેપો કર્યા હતા.બિડેને કહ્યું હતું કે કામદારો 'અમેરિકન કોડ' મુજબ જીવે છે તો ટ્રમ્પે 'જુઠ,લાલચ અને સ્વાર્થના કોડના આધારે જીવે છે'. બિડેને આજે પેન્સિવેનિયાના હારિસબર્ગમાં મજુર નેતાઓને મળ્યા હતા જે મતદાનની દ્રષ્ટીએ ખુબ જ મહત્તવનો છે.દરમિયાન ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં એક પત્રકાર પરિષદમાં બોલતા અર્થતંત્રની પડતીને રોકવાના મુદ્દે વાત કરી હતી. બિડેન પર આક્ષેપ કરતા તેમણે કહ્યું હતું કે બિડેન અને તેમના નાયબ કમલા હેરિસ અમેરિકાને તેમજ અમેરિકાના અર્થતંત્રને બરબાદ કરી દેશે.

લેબોર ડે એટલે સામાન્ય રીતે પ્રચારની શરૂઆતનો બિન સત્તાવાર પ્રારંભ. આ દિવસથી ઉમેદવારો પોતાના પ્રચારને વધુ વેગવંતુ બનાવે છે. બંને પક્ષોએ પ્રચારમાં ઉતાવળ કરી હતી.

# નિરવ મોદીને ભારત મોકલાશે તો આત્મહત્યા કરી શકે છે : વકીલ

- ભારતમાં આવવાથી બચવા ભાગેડુ નિરવ મોદીનું વધુ એક બહાનું બહાર આવ્યું

લંડન : ભારતમાં આવવાથી બચવા માટે નિરવ મોદી હવે બ્રિટનની કોર્ટમાં વિચિત્ર દલિલો કરવા લાગ્યા છે. નિરવ મોદીએ બ્રિટનની કોર્ટમાં એવો દાવો કર્યો હતો કે ભારતમાં જો તેને મોકલવામાં આવશે તો તેની વિરુદ્ધ ત્યાંની કોર્ટમાં ભેદભાવ ભર્યા વલણ સાથે કાર્યવાહી કરવામાં આવશે. સાથે જ મેડિકલ સુવિધા પણ નહીં મળે તેવો દાવો કર્યો હતો. અન્ય એક હાસ્યાસ્પદ દલિલ નિરવ મોદીએ એ પણ કરી હતી કે જો હું પહેલાથી જ અનેક પ્રકારના ડિપ્રેશનમાંથી પસાર થઈ રહ્યો છું, એવામાં જો મને ભારતમાં મોકલવામાં આવ્યો તો આત્મહત્યાનો મારા પર ખતરો રહેલો છે.

નિરવ મોદીના વકીલ ક્લેર મોન્ટગોમેરીએ બ્રિટનની કોર્ટને જણાવ્યું હતું કે ભારતની એન્વેસ્ટિગેશન એજન્સીઓની વિશ્વસનીયતા ઘટી ગઈ છે. સીબીઆઈ અને ઈડી મનમાનીથી કામ કરી રહ્યા છે. નિરવ મોદીના વકીલે ભારતની જ્યુડિશિયલ સિસ્ટમ પર પણ સવાલો ઉઠાવ્યા હતા અને દાવો કર્યો હતો કે ભારતીય ન્યાયપાલિકાઓની પારદર્શિતામાં મોટા પ્રમાણમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

# વર્લ્ડ બેંક આર્બિટ્રેશન ટ્રિબ્યુનલ દ્વારા પાકિસ્તાનને ૫૮૦ કરોડ ડોલરનો દંડ

- પાકિસ્તાને પેનલ્ટી ન ચુકવવા માટે કોરોના રોગચાળાનું કારણ આપ્યું

ઈસ્લામાબાદ : દેવામાં ડુબેલા પાકિસ્તાનને ૫૮૦ કરોડ ડોલર (લગભગ ૪૨૮૪૧ કરોડ રૂપિયા) જેટલી મોટી રકમ ચુકવવાની છે, જે તેની જીડીપીનાં લગભગ ૨ ટકા જેટલી થાય છે, ઈન્ટરનેશનલ ટ્રાઈબ્યુનલ દ્વારા લગાવવામાં આવેલા દંડને લઈને ઈમરાન સરકારે હાથ ઉંચા કરી દીધા છે. પાકિસ્તાન સરકારે તે માટે કોરોના



રોગચાળા વિરૂધ્ધ જંગથી પ્રભાવિત હોવાનું કારણ આપ્યું છે.

ઈન્ટરનેશનલ ટ્રાઈબ્યુનલનો આ નિર્ણય ઓસ્ટ્રેલિયાની કંપનીને માઈનિંગ લીઝ આપવાથી સંકળાયેલો છે, પાકિસ્તાનનાં બલોચિસ્તાન પ્રાંતનો રેકો દિલ જીલ્લો ખનીજ સંપતિ માટે જાણીતો છે, પાકિસ્તાનની સરકારે તેથયાલ કોર્પ સાથે રેકો દિલ જીલ્લામાં માઈનિંગને લઈને કરાર કર્યા હતાં, આ ઓસ્ટ્રેલિયન કંપની બારિક ગોલ્ડ કોર્પ અને ચીલીનાં અંતોફાગાસ્તો પીએલસીની ૫૦-૫૦ ટકા હિસ્સો ધરાવતી સંયુક્ત કંપની છે, પરંતું બાદમાં બલોચિસ્તાન સરકારે માઈનિંગ માટે પોતાની કંપની બનાવતા તેથયાનને આપવામાં આવેલો પટ્ટો રદ્દ કરી દીધો. બલોચિસ્તાન સરકારે તેથયાનની સાથે ૧૯૯૮માં ઉત્ખનનને લઈને કરાર કર્યા હતાં.

# કેલિફોર્નિયામાં ૨૦ લાખ એકર સુધી આગ ફેલાઈ, ૮નાં મોત



કેલિફોર્નિયાના જંગલોમાં લાગેલી આગે ભયાનક વિનાશ વેર્યો છે. આગની જ્વાળાઓના કારણે એક વિશાળ ભાગ ખાખ થઈ ગયો છે. કેલિફોર્નિયામાં અંદાજે ૨૦ લાખ એકર સુધી આગ ફેલાઈ છે, જે એક વિક્રમ છે તેમ કેલિફોર્નિયાના વન વિભાગે કહ્યું હતું. ફાયર ડિપાર્ટમેન્ટના જણાવ્યા મુજબ આ સિઝનની આ સૌથી ભયાનક આગ છે. આ આગમાં અંદાજે ૮ લોકોના મોત થઈ ગયા છે અને ૩,૩૦૦થી વધુ મકાનો ખાખ થઈ ગયા છે. આગ પર કાબૂ મેળવવા ૧૪,૧૦૦થી વધુ ફાયરફાઈટર્સ પ્રયાસ કરી રહ્યા છે. કેલિફોર્નિયાના સેંકડો જંગલોમાં છેલ્લા ૭૨ કલાકમાં ૧૧,૦૦૦ આકાશીય વીજળી પડી હતી ત્યાર પછી ૩૬૭ જગ્યાએ આગ લાગી છે. કેલિફોર્નિયાના જંગલોમાં વીકએન્ડમાં આગમાં ફસાયેલા ૨૦૦ લોકોને બચાવવામાં આવ્યા હતા. વધુમાં આકાશીય વીજળી પડવાને કારણે વધારે વિનાશક ઘટના ટાળવા માટે રાજ્યની સૌથી મોટી યુટિલિટી કંપનીએ ૧,૭૨,૦૦૦ પરિવારોને પૂરો પાડવામાં આવતો વીજપુરવઠો બંધ કરી દીધો હતો.

## નોબેલ શાંતિ પુરસ્કાર માટે ટ્રમ્પ નોમિનેટ, નોર્વેના સાંસદે નામ મોકલ્યું

વોશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને નોબેલ પીસ પ્રાઈઝ આપવા માટેની માગણી નોર્વેના એક સાંસદે કરી છે. નોર્વેના સાંસદ ક્રિશ્ચિયન ટાઈબ્રિંગ બગેડે ડોનાલ્ડ ટ્રમ્પને આ વખતનો નોબેલ પીસ પ્રાઈઝ આપવા માટે નામ સુચવ્યું છે. ઈઝરાયેલ અને સંયુક્ત અરબ અમીરાત વચ્ચે શાંતિ સમજૂતી કરાવવા બદલ ટ્રમ્પને આ નોબેલ પીસ પ્રાઈઝ મળવું જોઈએ તેવી દલિલ આ સાંસદે કરી હતી. આ સાંસદે સાથે કહ્યું છે કે ટ્રમ્પે માત્ર ઈઝરાયેલ અને યુએઈ વચ્ચે સમજૂતી જ નથી કરાવી સાથે સાથે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે કાશ્મીર મુદ્દે સકારાત્મક પહેલ પણ કરી છે. નોર્વેના સાંસદે ટ્રમ્પના ગુણગાન ગાતા કહ્યું હતુ કે તેમણે દુનિયાભરમાં અનેક એવા મામલાઓને શાંત પાડવાનો પ્રયાસ કર્યો છે કે જે આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં હતા. નોર્વેના સાંસદે દાવો કર્યો હતો કે ટ્રમ્પે જેટલા પ્રયાસો બે દેશો વચ્ચે શાંતિ માટે કર્યા છે તેટલા અન્ય કોઈ મોટા નેતાએ નથી કર્યા. નાટો સંસદીય સભાના નોર્વેનું પ્રતિનિધિત્વ કરી રહેલા આ સાંસદ ટાઈબ્રિંગે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું નામ નોમિનેશન પત્રમાં લખતી વેળાએ સાથે એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે મને આશા છે કે અન્ય મધ્ય અને પૂર્વી દેશો પણ યુએઈના રસ્તે ચાલશે.

## પાક.માં ટ્રેઝરી કેસમાં કોર્ટે પૂર્વ પીએમ નવાઝ શરીફને ભાગેડુ જાહેર કરાયા

- ખાસ અદાલતે વારંવારની ગેરહાજરીથી કંટાળીને ભાગેડુ કહ્યા : ટ્રેઝરી હાઉસ કેસ ચાલી રહ્યો હતો

ઈસ્લામાબાદ : પાકિસ્તાનમાં ટ્રેઝરી હાઉસ કેસ સંભાળી રહેલી સ્પેશિયલ કોર્ટે ભૂતપૂર્વ વડા પ્રધાન નવાઝ શરીફને ભાગેડુ જાહેર કર્યા હતા. સ્પેશિયલ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણીમાં વારંવાર ગેરહાજર રહેવા બદલ સ્પેશિયલ કોર્ટે નવાઝ શરીફને અને એમના પરિવારના કેટલાક લોકોને



ભાગેડુ જાહેર કર્યા હતા.

વાસ્તવમાં કિડની રોગથી પીડાતા અને સારવાર લઈ રહેલા નવાઝ શરીફ હાલ તબીબી કારણોસર લંડનમાં છે. એમને સતત સમન્સ મોકલાયાં હતાં પરંતુ નવાઝે એક યા બીજા બહાને હાજર રહેવાની અશક્તિ જાહેર કરી હતી. આખરે કોર્ટે એમને ભાગેડુ ગુનેગાર જાહેર કર્યા હતા. ૭૦ વર્ષના નવાઝ શરીફ ત્રણ વખત પાકિસ્તાનના વડા પ્રધાન રહી ચૂક્યા હતા.

નવાઝે કોર્ટને એવો સંદેશો મોકલ્યો હતો કે હાલ કોરોના વાઈરસનો ચેપ દુનિયાભરમાં પ્રસર્યો છે. હું સિનિયર સિટિઝન છું અને કિડની રોગથી પીડિત છું એટલે મને ડૉક્ટરોએ લંડન છોડીને બહાર જવાની પરવાનગી આપી નથી માટે હું સ્પેશિયલ કોર્ટની સુનાવણીમાં હાજર રહી શકું એમ નથી.

## હાઈશેન વાવાઝોડું: દક્ષિણ જાપાન પછી દક્ષિણ કોરિયામાં પણ તબાહી નુકસાન

- પવન ૧૪૪ કિમી પ્રતિ કલાક હોવાથી મકાનોને નુકસાન, અનેક વિસ્તારોમા અંધારપટ છવાયો

સિયોલ : દક્ષિણ કોરિયામાં એક શક્તિશાળી તોફાનને કારણે ઈમારતોને ભારે નુકસાન થયું છે, રસ્તા ધોવાઈ ગયા છે અને હજારો મકાનોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. દક્ષિણ જાપાનમાં ભારે નુકસાન પહોંચાડયા પછી આ તોફાન દક્ષિણ કોરિયામાં પ્રવેશ્યું છે.

કોરિયા મેટ્રોલોજિકલ એડમિનિસ્ટ્રેશનના જણાવ્યા અનુસાર વાવાઝોડું હાઈશેન સોમવાર બપોરે પૂર્વ દરિયાકાંઠાના શહેર સોકચો પાસેથી પસાર થયું હતું. જો કે હાઈશેન વાવાઝોડું હવે ધીમે ધીમે નબળુ પડી રહ્યું છે. સવારે



પવનની ઝડપ ૧૪૪ કિલોમીટર પ્રતિ કલાક હતી જે બપોરે ઘટીને ૧૦૮ કિલોમીટર પ્રતિ કલાક થઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી છ કલાકમાં આ વાવાઝોડું વધુ નબળુ પડશે.

## અફઘાન.ના ઉપપ્રમુખના કાફલા પર આતંકી હુમલો, ત્રણનાં મોત

કાબુલ : આતંકવાદગ્રસ્ત અફઘાનિસ્તાનના ઉપપ્રમુખ અમરુલ્લાહ સાલેહના કાફલા પર બુધવારે સવારે જબરદસ્ત હુમલો થયો હતો. અમરુલ્લા સાલેહ જો કે ઊગરી ગયા હતા પરંતુ તેમના ત્રણ સાથીદાર માર્યા ગયા હતા અને બીજા બાર જણને ઈજા થઈ હતી.

પ્રારંભિક અહેવાલો મુજબ કાબુલના તૈમાની વિસ્તારમાં રોડ પર મૂકાયેલા બોંબનો વિસ્ફોટ થયો હતો. ઉપપ્રમુખના કાર્યાલયે હુમલાના અહેવાલને સમર્થન આપ્યું હતું. સાલેહના પુત્ર એબાદ સાલેહે પોતે ટ્વીટર પર જણાવ્યું હતું કે હું અને મારા પિતા બંને સુરક્ષિત છીએ. અમારી સાથેની કોઈ વ્યક્તિ શહીદ થઈ નથી. બેશક, અમારા પર જીવલેણ હુમલો થયો હતો. અમે બધાં સુરક્ષિત છીએ.

વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે કારના ફુરચેફુરચા ઊડી ગયા હતા અને આસપાસની ઈમારતોનો પણ ભારે નુકસાન થયું હતું. આ વિસ્ફોટથી આગ પણ લાગી હતી જે ફાયર બ્રિગેડને તરત બુઝાવી દીધી હતી. અફઘાન સુરક્ષા દળોએ આખા વિસ્તારને ઘેરી લીધો હતો. આ હુમલા પાછળ પાકિસ્તાનના આતંકવાદી જૂથોનો હાથ હોવાનું મનાય છે.

## અવકાશયાત્રી કલ્પના ચાવલાના નામ પર યુએસએ સ્પેસક્રાફ્ટનું નામ રાખ્યું

વોશિંગ્ટન : અમેરિકાની એરોસ્પેસ કંપની નોર્થરોપ ગ્રુમેન કોર્પોરેશને પોતાના નવા લોન્ચ થનાર સિગ્નસ સ્પેસક્રાફ્ટનું નામ અવકાશયાત્રી કલ્પના ચાવલાના નામ પરથી રાખ્યું છે. આ અંતરિક્ષ યાન ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશનથી છોડવામાં આવશે. કલ્પના ચાવલા અંતરિક્ષમાં જનાર ભારતીય મૂળની પહેલી મહિલા અવકાશયાત્રી હતા. વર્ષ ૨૦૦૩માં અંતરિક્ષ યાનમાં બનેલી એક દુર્ઘટનામાં તેનું મોત થયું હતું. કોલંબિયા યાન ૧૬ દિવસોની અંતરિક્ષ યાત્રા પર હતું અને દુર્ઘટના વખતે તે પૃથ્વી તરફ પાછું ફરી રહ્યું હતું. કલ્પનાએ ૧૯ નવેમ્બર ૧૯૯૭એ પોતાનું પહેલું અંતરિક્ષ મિશન શરૂ કર્યું હતું. અંતરિક્ષમાં જવા માટે કલ્પનાએ આઠ મહિનાની ટ્રેનિંગ લીધી હતી. કલ્પનાએ વર્ષ ૧૯૮૮માં નાસા જોઈન્ટ કર્યુ હતું.

## ગ્રીસમાં શરણાર્થીઓની છાવણીમાં આગ ૧૨ હજાર માઇગ્રેન્ટસનું સ્થળાંતર થયું

- શરણાર્થીઓ, પોલીસ અને ફાયરફાઈટરો વચ્ચે ઝપાઝપી

એથેન્સ : કોવિડ-૧૯ લોકડાઉન હેઠળ મૂકાયેલા ગ્રીસના સૌથી મોટા શરણાર્થી કેમ્પમાં વિકરાળ આગ ફાટી નીકળતા કન્ટેનર આકારના રહેણાંકો સળગી ઉઠયા હતા અને ૧૨૦૦૦ શરર્ણાથીઓને તાત્કાલિક અન્યત્ર ખસેડવા પડયા હતા.લેસબોસના મોરિયા કેમ્પમાં નાટયાત્મક રીતે ભરચક કેમ્પમાં રાત્રે આગ ફાટી નીકળી હતી.એ વખતે ચાલી રહેલા જોરદાર હવાએ આગને વધુ વિકરાળ બનાવી હતી. ટેકરીઓ પર બનાવવામાં આવેલા કેમ્પ પણ આગમાં લપેટાઈ ગયા હતા. આગ લાગતા શરણાર્થીઓ આક્રોશે ભરાયા હતા, પરિણામે પોલીસ, ફાયર ફાઈટરો અને શરણાર્થીઓ વચ્ચે ઝપાઝપી થઈ હતી.

મોરિયાં રાહત અને સહાય કરતી સંસ્થાઓએ બહુ પહેલા અકસ્માત અંગે ચેતવણી આપી હતી જ્યાં ૨૭૫૦ વ્યક્તિઓને બદલે ૧૨૫૦૦ લોકોને રાખવામાં આવ્યા હતા.જાહેર આરોગ્યના કારણે બુધવારે ટાપુ પર કટોકટી જાહેર કરાઈ હતી જે ચાર મહિના સુધી રહેશે, એમ ગ્રીસના નાગરિક સંરક્ષણ વિભાગે કહ્યું હતું.

## પાક.માં આવેલી આરસ પહાણની ખાણ પથ્થરો ધસી પડતાં ૧૯ શ્રમિકોના મોત

પેશાવર : પાકિસ્તાનના ઝિયારત ઘર માઉન્ટેઈન ખાતે આવેલી આરસ પહાણની ખાણના છ એકમો ધસી પડતાં ઉપરથી ગબડેલા પથ્થરો વાગતા ઓછામાં ઓછા ૧૯ લોકોના મોત થયા હતા, જ્યારે ડઝનબંધી લોકો જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યાં છે. સોમવારે રાત્રે ખાણના પથ્થરો ધસી પડતાં ૧૨ ખાણિયા તત્કાળ મૃત્યુ પામ્યા હતા. જિલ્લાની મહંમદ હોસ્પિટલ ખાતે દાખલ થયેલા ઈજાગ્રસ્તો મૃત્યુ પામવાથી મરણાંક ૧૯ પર પહોંચ્યો હતો. મૃત્યુ પામેલા મોટાભાગના લોકો ખાણના કામદારો હતા. અન્ય કેટલાક મૃતકો, પ્રાંતીય રાજધાની પેશાવરથી ૮૫ કિલોમીટરના અંતરે આવેલી અફઘાનિસ્તાન સરહદ સ્થિત, ખાયબરપખ્તુન્ખ્વાના સફી શહેરની તળેટી આવેલી ટેકરી ખાતે ભેગા થયા હતા. હજી બીજા ૧૫ થી ૨૦ જણ પથ્થરો નીચે દબાયા હોવાની શંકા છે.

# IPL-13 ટૂર્નામેન્ટનો યુએઈમાં ૧૯મીથી પ્રારંભ

## મુંબઇ-ચેન્નઇ વચ્ચે પ્રથમ મેચ : આઇપીએલના ઇતિહાસમાં પહેલીવાર રવિવારે ફાઇનલ મેચ નહીં યોજાય

નવી દિલ્હીઃ ભારતના ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ) એ રવિવારે ઈન્ડિયન પ્રીમિયર લીગ-૧૩નો કાર્યક્રમ જારી કર્યો હતો. ૧૯ સપ્ટેમ્બરથી શરૂ થનારી આઈપીએલ ટૂર્નામેન્ટમાં ૧૦ નવેમ્બર સુધી ફાઈનલ સહિત કુલ ૬૦ મેચ રમાશે. પહેલી મેચ ૧૯ સપ્ટેમ્બરના રોજ મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે અબુધાબી ખાતે રમાશે. આઈપીએલના તમામ ૬૦ મેચ દુબઈ, અબુધાબી અને શારજાહમાં રમાશે. ભારતમાં આઈપીએલ ટૂર્નામેન્ટ ૮ સ્થળે રમાતી હતી. ફક્ત ૩ સ્થળે મેચ આયોજિત થવાના કારણે આઈપીએલમાં ભ્રષ્ટાચાર અને મેચ ફિક્સિંગ પર નજર રાખવાનું સરળ બનશે તેમ બીસીસીઆઈના એન્ટિ કરપ્શન યુનિટના વડા અજિતસિંહે જણાવ્યું હતું. કાર્યક્રમ પ્રમાણે દુબઈમાં ૨૪, અબુધાબીમાં ૨૦ અને શારજાહમાં ૧૨ મેચ રમાશે. આઈપીએલ-૧૩ની ફાઈનલ મેચ ૧૦ નવેમ્બરના મંગળવારે યોજાશે. આમ આઈપીએલના ઈતિહાસમાં પહેલીવાર રવિવારે ફાઈનલ મેચ નહીં યોજાય. ટૂર્નામેન્ટમાં ૧૦ ડબલ હેટર એટલે કે એક દિવસમાં ૨-૨ મેચ રમાશે. સાંજે રમાનારી મેચ જૂના શિડ્યુઅલ કરતાં અડધા કલાક વહેલા ૭.૩૦ કલાકે અને બપોરે શરૂ થનારી મેચ ૩.૩૦ કલાકે શરૂ થશે.

## આઈપીએલ ટી-૨૦નો ૨૦૨૦ કાર્યક્રમ

| તારીખ | મેચ | સ્થળ | સમય |
|---|---|---|---|
| ૧૯ સપ્ટે. | મુંબઈ અને ચેન્નાઈ | અબુધાબી | ૧૦.૦૦ સવારે |
| ૨૦ સપ્ટે. | દિલ્હી અને પંજાબ | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૨૧ સપ્ટે. | હૈદરાબાદ અને બેંગ્લોર | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૨૨ સપ્ટે. | રાજસ્થાન અને ચેન્નાઈ | શારજાહ | ૧૦.૦૦ સવારે |
| ૨૩ સપ્ટે. | કોલકાતા અને મુંબઈ | અબુધાબી | ૧૦.૦૦ સવારે |
| ૨૪ સપ્ટે. | પંજાબ અને બેંગ્લોર | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૨૫ સપ્ટે. | ચેન્નાઈ અને દિલ્હી | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૨૬ સપ્ટે. | કોલકાતા અને હૈદરાબાદ | અબુધાબી | ૧૦.૦૦ સવારે |
| ૨૭ સપ્ટે. | રાજસ્થાન અને પંજાબ | શારજાહ | ૧૦.૦૦ સવારે |
| ૨૮ સપ્ટે. | બેંગ્લોર અને મુંબઈ | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૨૯ સપ્ટે. | દિલ્હી અને હૈદરાબાદ | અબુધાબી | ૧૦.૦૦ સવારે |
| ૩૦ સપ્ટે. | રાજસ્થાન અને કોલકાતા | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૦૧ ઓક્ટો. | પંજાબ અને મુંબઈ | અબુધાબી | ૧૦.૦૦ સવારે |
| ૦૨ ઓક્ટો. | ચેન્નાઈ અને હૈદરાબાદ | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૦૩ ઓક્ટો. | બેંગ્લોર અને રાજસ્થાન | અબુધાબી | ૦૬.૦૦ સવારે |
| ૦૩ ઓક્ટો. | દિલ્હી અને કોલકાતા | શારજાહ | ૧૦.૦૦ સવારે |
| ૦૪ ઓક્ટો. | મુંબઈ અને હૈદરાબાદ | શારજાહ | ૦૬.૦૦ સવારે |
| ૦૪ ઓક્ટો. | પંજાબ અને ચેન્નાઈ | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૦૫ ઓક્ટો. | બેંગ્લોર અને દિલ્હી | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૦૬ ઓક્ટો. | મુંબઈ અને રાજસ્થાન | અબુધાબી | ૧૦.૦૦ સવારે |
| ૦૭ ઓક્ટો. | કોલકાતા અને ચેન્નાઈ | અબુધાબી | ૧૦.૦૦ સવારે |
| ૦૮ ઓક્ટો. | હૈદરાબાદ અને પંજાબ | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૦૯ ઓક્ટો. | રાજસ્થાન અને દિલ્હી | શારજાહ | ૧૦.૦૦ સવારે |
| ૧૦ ઓક્ટો. | પંજાબ અને કોલકાતા | અબુધાબી | ૦૬.૦૦ સવારે |
| ૧૦ ઓક્ટો. | ચેન્નાઈ અને બેંગ્લોર | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૧૧ ઓક્ટો. | હૈદરાબાદ અને રાજસ્થાન | દુબઈ | ૦૬.૦૦ સવારે |
| ૧૧ ઓક્ટો. | મુંબઈ અને દિલ્હી | અબુધાબી | ૧૦.૦૦ સવારે |
| ૧૨ ઓક્ટો. | બેંગ્લોર અને કોલકાતા | શારજાહ | ૧૦.૦૦ સવારે |
| ૧૩ ઓક્ટો. | હૈદરાબાદ અને ચેન્નાઈ | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૧૪ ઓક્ટો. | દિલ્હી અને રાજસ્થાન | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૧૫ ઓક્ટો. | બેંગ્લોર અને પંજાબ | શારજાહ | ૧૦.૦૦ સવારે |
| ૧૬ ઓક્ટો. | મુંબઈ અને કોલકાતા | અબુધાબી | ૧૦.૦૦ સવારે |
| ૧૭ ઓક્ટો. | રાજસ્થાન અને બેંગ્લોર | દુબઈ | ૦૬.૦૦ સવારે |
| ૧૭ ઓક્ટો. | દિલ્હી અને ચેન્નાઈ | શારજાહ | ૧૦.૦૦ સવારે |
| ૧૮ ઓક્ટો. | હૈદરાબાદ અને કોલકાતા | અબુધાબી | ૦૬.૦૦ સવારે |
| ૧૮ ઓક્ટો. | મુંબઈ અને પંજાબ | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૧૯ ઓક્ટો. | ચેન્નાઈ અને રાજસ્થાન | અબુધાબી | ૧૦.૦૦ સવારે |
| ૨૦ ઓક્ટો. | પંજાબ અને દિલ્હી | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૨૧ ઓક્ટો. | કોલકાતા અને બેંગ્લોર | અબુધાબી | ૧૦.૦૦ સવારે |
| ૨૨ ઓક્ટો. | રાજસ્થાન અને હૈદરાબાદ | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૨૩ ઓક્ટો. | ચેન્નાઈ અને મુંબઈ | શારજાહ | ૧૦.૦૦ સવારે |
| ૨૪ ઓક્ટો. | કોલકાતા અને દિલ્હી | અબુધાબી | ૦૬.૦૦ સવારે |
| ૨૪ ઓક્ટો. | પંજાબ અને હૈદરાબાદ | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૨૫ ઓક્ટો. | બેંગ્લોર અને ચેન્નાઈ | દુબઈ | ૦૬.૦૦ સવારે |
| ૨૫ ઓક્ટો. | રાજસ્થાન અને મુંબઈ | અબુધાબી | ૧૦.૦૦ સવારે |
| ૨૬ ઓક્ટો. | કોલકાતા અને પંજાબ | શારજાહ | ૧૦.૦૦ સવારે |
| ૨૭ ઓક્ટો. | હૈદરાબાદ અને દિલ્હી | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૨૮ ઓક્ટો. | મુંબઈ અને બેંગ્લોર | અબુધાબી | ૧૦.૦૦ સવારે |
| ૨૯ ઓક્ટો. | ચેન્નાઈ અને કોલકાતા | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૩૦ ઓક્ટો. | પંજાબ અને રાજસ્થાન | અબુધાબી | ૧૦.૦૦ સવારે |
| ૩૧ ઓક્ટો. | દિલ્હી અને મુંબઈ | દુબઈ | ૦૬.૦૦ સવારે |
| ૩૧ ઓક્ટો. | બેંગ્લોર અને હૈદરાબાદ | શારજાહ | ૧૦.૦૦ સવારે |
| ૦૧ નવે. | ચેન્નાઈ અને પંજાબ | અબુધાબી | ૦૬.૦૦ સવારે |
| ૦૧ નવે. | કોલકાતા અને રાજસ્થાન | દુબઈ | ૧૦.૦૦ સવારે |
| ૦૨ નવે. | દિલ્હી અને બેંગ્લોર | અબુધાબી | ૧૦.૦૦ સવારે |
| ૦૩ નવે. | હૈદરાબાદ અને મુંબઈ | શારજાહ | ૧૦.૦૦ સવારે |

ક્વોલિફાયર ૦૧ – ૦૫ નવેમ્બર, સવારે ૧૦.૦૦
એલિમિનેટર રાઉન્ડ – ૦૬ નવે. સવારે ૧૦.૦૦
ક્વોલિફાયર ૦૨ ૦૮ નવેમ્બર સવારે ૧૦.૦૦
ફાઈનલ ૧૦ નવેમ્બર સવારે ૧૦.૦૦

મેચ શિડ્યુલ કેનેડાના સમય પ્રમાણે છે

## સેરેનાની અનોખી સિદ્ધિ, આર્થર એસ સ્ટેડિયમમાં ૧૦૦ વિજય પૂરા કર્યા



ન્યૂયોર્કઃ અમેરિકન પાવરહાઉસ ગણાતી સેરેના વિલિયમ્સે યુએસ ઓપનની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવવાની સાથે અનોખી સિદ્ધિ હાંસલ પણ કરી હતી. સેરેનાએ ત્રણ સેટ સુધી રમાયેલા અત્યંત રોમાંચક મુકાબલામાં ૧૫મી ક્રમાંકિત ગ્રીસની મારિયા સક્કારીને હરાવી હતી. બંને વચ્ચે આ મુકાબલો બે કલાક ૨૮ મિનિટ સુધી રમાયો હતો. સેરેના આર્થર એસ સ્ટેડિયમ ખાતે ૧૦૦ મેચ જીતનાર વિશ્વની પ્રથમ ખેલાડી બની ગઈ છે. આ પહેલાં મેન્સ કે વિમેન્સમાંથી કોઈએ પણ આ સિદ્ધિ મેળવી નથી. ફલશિંગ મિડોઝના મુખ્ય સ્ટેડિયમ આર્થર એસ ખાતે રમાયેલી મેચમાં સેરેનાએ ૬-૩, ૬-૭ (૬-૮), ૬-૩થી વિજય હાંસલ કર્યો હતો.

## જોકોવિચે નાની ભૂલની કિંમત બે કરોડ રૂપિયા આપીને ચૂકવી

નોવાક જોકોવિચના સનસનાટીભર્યા ઘટનાક્રમના કારણે ગ્રાન્ડસ્લેમમાંથી બહાર થઈ ગયો છે. સર્બિયન ખેલાડી જોકોવિચને અજાણતામાં જ જજને બોલ મારી દેતા બે લાખ ૬૭ હજાર ૫૦૦ ડોલરનું (લગભગ એક કરોડ ૯૭ લાખ રૂપિયા) નુકસાન થયું છે. ચોથા રાઉન્ડ સુધી પહોંચવા માટે મળતી ઈનામી રકમ બે લાખ ૫૦ હજાર ડોલર હવે જોકોવિચને મળશે નહીં. આ ઉપરાંત તેને ખેલભાવનાની વિરુદ્ધ વર્તન કરવા બદ ૧૦ હજાર ડોલર તથા મેચ બાદ પ્રેસમાં હાજરી નહીં આપવા બદલ ૭,૫૦૦ ડોલરનો દંડ ફટકારવામાં આવ્યો છે.

## અધિક માસ દર ત્રણ વર્ષે કેમ આવે છે. તેની જ્યોતિષીય ગણના અને ધાર્મિક રીતે સમજ

### તા. ૧૮-૯-૨૦૨૦ થી તા. ૧૬-૧૦-૨૦૨૦ સુધી અધિક માસ છે.

જ્યોતિષીય સમજ :- ચંદ્ર ૨૭.૩૨૩ દિવસે ૧૨ રાશિ ભ્રમણ કરે છે. આવા ૧૨ વખત ચંદ્ર ભ્રમણ કરે તેને ચંદ્ર વર્ષ ૩૫૪ દિવસ લાગે છે જેમાં ૦.૩૨૩ દિવસો જે ૭ કલાક અને ૩૮ મિનીટ ઊમેરતા ૩૫૫ દિવસ લગભગ થાય છે.

જ્યારે સૂર્ય ૧ દિવસમાં ૧ અંશ એટલે કે ૨૪ કલાકનો સમય લે છે તે એક માસમાં ૩૦ અંશ ચાલે ત્યારે ૧ રાશિ ભ્રમણ કરે છે. આવા ૧૨ રાશિ ભ્રમણ પૂર્મ કરતા સૂર્યને ૩૬૫ ૧/૪ દિવસ લાગે છે. આ કારણે દર વર્ષે હિન્દુ માસ અને અંગ્રેજી માસમાં ૧૦ દિવસનો ફરક (તફાવત) પડે છે આવા દર ત્રણ વર્ષે ૩૦ દિવસનો તફાવત પડે છે. આ તફાવતને દૂર કરવા માટે દર ત્રણ વર્ષે ૧ માસ વધુ આવતો હોવાથી અને સૂર્ય ચંદ્રના ભ્રમણની ગણત્રી ચોક્કસ થાય તે માટે અધિક માસ માલમાસ વધારાનો મહિનો કે રૂપુષોત્તમ માસથી ઓળખાતો મહીનો આવે છે. આ તફાવત દૂર કરવાથી જ્યારે હિન્દુ પંચાગમાં પૂનમ દર્શાવેલ હોય ત્યારે દરિયામાં ભરતી આવે છે અને અમાસ દર્શાવેલ હોય ત્યારે દરમિયામાં ઓટ આવે છે (જ્વારભાટા)

૧૫ કે ૧૬ જુલાઈએ સૂર્ય કર્ક રાશિમાં આવે તેને કર્ક સંક્રાંતિ દક્ષિણાયન અને ૧૪ કે ૧૫ જાન્યુઆરીએ સૂર્ય મકર રાશિમાં આવે તેને ઉત્તરાયણ કે મકર સંક્રાંતિ કહેવાય છે ઉત્તરાયણને દેવયાન અને દક્ષિણાયન ને પિતૃયાન તરીકે ઓળખાય છે. જે દેવોનો મધ્યાહન અને ઉત્તરાયણને મધ્યરાત્રિ કહે છે. આ ગણત્રીને કારણે સૂ૪ય કે ચંદ્ર ગ્રહણની તારીખ સમય નક્કી કરવામાં સરળતા પડેલ છે. સૂર્ય વર્ષના ૩૬૫ દિવસ છે. દર વર્ષે ૧૪ દિવસ ૬ કલાક વધુ હોવાથી દર ચાર વર્ષે ૨૯ ફેબ્રુઆરી આવે તેને લીપ ઈયર વર્ષે તરીકે ગણી આ તફાવત દૂર કરેલ છે. જેથી ખગોળકીય ગણત્રી અને પ્રાંસ્યાત પંચાગો મેળવેલા છે. આ રીતે ૧ દિવસ મેળવેલ છે. જો ચંદ્ર મુજબ કે સૂર્ય મુજબ પંચાગો આ રીતે મેળવેલના હોય તો આકાશી ખગોળકીય સ્થિતિ અલગ આવે અને પૃથ્વિ ઉપર અલગ સ્થિતિ માસ, વાર, તિથિ, વિગેરેની ચાલતી આ વિસંગતતાઓ આ રીતે દૂર કરેલ છે. જેને ચોક્કસ શુદ્ધિકરણ કહે છે.

ધાર્મિક રીતે સમજ પુરૂષોત્તમ માસની અધિકમાસ કે મલમાસ

પુરાણોમાં ઉલ્લેખ કરેલ છે કે આ અધિકમાસ મલમાસ, વધારાના માસને પોતાની ઓળખ માટે અનેક પાસે જઈને વિનંતીભરી રજૂઆત કરેલ પણ તેનો તિરસ્કાર કરવામાં આવેલ જેથી તે વ્યથિત થઈને ભગવાન વિષ્ણુપાસે ગયેલ અને પોતાની આપવિતી જણાવેલ અને ભગવાન વિષ્ણુને વિનંતી કરેલ કે તમે મારો સ્વિકાર કરો અને મને કોઈ નામ આપો વિષ્ણુ ભગવાને તેમનું શ્રેષ્ઠ નામ પુરૂષોત્તમ આમાસને આપેલ ત્યારથી આ માસને ‘‘પુરૂષોમાં ઊત્તમ’’ પુરૂષોત્તમ માસથી ઓળખાય છે.

આ માસમાં શુભ કાર્યો થઈ શકતા નથી. કથા- વાર્તા વિગેરે વાંચવાનો કે સાંભળવાનો ઊત્તમ માસ હોય છે નદીઓમાં સ્નાન, પુણ્યદાન વિગેરે કરવાથી ભગવાને મળતું હોય છે. હિરણ્યકર્ષપને વરદાન પ્રાપ્ત થયેલ કે ૧૨ માસમાંથી એક પણ માસમા મારૂ મૃત્યુના થાય ભગવાનની લીલાના ભાગ રૂપે આ પુરૂષોત્તમમાસની રચના ભગવાન વિષ્ણુએ કરેલી અને કિરણ્યકર્ષપનો વધ કરેલ.આ માસ જ્યોતિષીય અને ધાર્મિક રીતે ગણુ મહત્વ ધરાવતો હોઈ તેની સમજ સરળભાષામાં આપેલી છે.



-------------- : સંપર્ક સાધવા માટે : --------------
બીપીન એસ્ટ્રોલોજર
૮ ઓક્ટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા
Whatsapp No. 98790 87511
Time : 10.00 am to 6.00 pm




# WELCOME !

## GENERAL & COSMETIC FAMILY DENTISTRY

Dr. Salim Kapadia DDS

Dental Centre

Dr. Salim Kapadia DDS

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken: English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.
- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FREE LASER WHITENING

FOR APPOINTMENT PLEASE CALL
**416-321-3268**
Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com

**Dr. Salim Kapadia Dental Centre**
1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm
Saturday 9:00am-5:00pm | Sunday as per request



**MOTEL for SALE**

# NIRAJ PANCHOLI, REALTOR®

ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: www.century21.ca/niraj.pancholi

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty, Professionalism & Experience

Outstanding Achievement Award of Excellence: 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019
#42 OF TOP 75 PRODUCER IN CANADA AWARD BY CENTURY 21
CENTURION PRODUCER AWARD, Successful Listing Agent Award, Silver Award, Pacesetter Gold Award, Diamond Award, Masters Emerald Award, Platinum Award .... And many more .....



## MOTEL KING : Specializing in Selling MOTELS with Proven Record

| | | |
|---|---|---|
| **29 ROOM MOTEL – Hwy 11, Near Cochrane** With huge 5 BR house, year round business, busy in winter &summer, only motel in town, no competition. City water & sewer. Gross Rev: about $350K Asking Price: $1,100,000 | **18 ROOM MOTEL – Near Pembroke** With 3 BR house, spent over $150K in room renovation, no competition, located near Pembroke, about 4 hrs form Toronto and 1.5 hrs form Ottawa Asking Price: $799,000 | **12 ROOM MOETL – Near North Bay** With 3 BR house, updated rooms, very well maintained, located within town with city water & sewer, close to all amenities. Asking Price: $849,000 |
| **OTHER MOTELS FOR SALE** @ Near Niagara Falls - $2.2 M to $5M @ Near London, Sarnia - $900K to 2M @ Near Owen Sound/Tobermory - $1M to $2.5M | **40+ ROOM MOTEL** 4 HRS East $2.2M **40+ ROOM MOTEL** Northern Ontario - $ 1.3M | **12 ROOM MOTEL** Hwy 7, Near Peterborough Renovated & upgraded Motel including New Furnace heating. 10 Rooms have Kitchenette, high demand for Monthly Customers. Seller's Financing Available. Asking: $799,000 |
| **OTHER FRANCHISE MOTELS FOR SALE** Call for more info. **PRINCIPAL BUYES ONLY**: to sign confidentiality agreement on particular motels. **Due to COVID-19:** Getting loan is tough, call for down payment requirements & mortgage options. | **27 ROOM MOTEL** Thunder Bay $2.1M **60+ ROOM MOTEL** Thunder Bay $2.3M | **15 ROOM MOTEL B/W LONDON & SARNIA** Just off Hwy 402 with 4.8 Acres commercial Lot. 5 Rooms have Kitchenette. Many rooms given on Weekly & Monthly. Closed Restaurant, can be used as Party or Banquet Room. Asking: $999,000 |
| | **MOTELS on Hwy 17, Sudbury to Sault Ste Marie** @14 ROOM & REST VTB available Asking $699K @30+ROOM VTB available Asking $2M Other Motels also available on same road | **FRANCHISE MOTELS & HOTELS FOR SALE** @ 40+ ROOM MOTEL North Ontario - $3.8M @ 70+ ROOM MOTEL 3 Hrs - $4.5M @ 50+ ROOM MOTEL 3 Hrs - $4.5M @ 60+ ROOM MOTEL 6 Hrs North - $3.5M |

BUYERS PLEASE NOTE: Personal meeting is very important if you are a SERIOUS BUYER & have provable down payment. You will get top priority on new listings.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100, Fax: 905-366-8101 Other offices: Brampton & Etobicoke